


શનિનો
LLECTOR OF
25 OCT
BOMBAY

બાલસાહિત્યના લબ્ધપ્રતિષ્ઠ લેખક, સંપાદક અને આગેવાન પ્રકાશક તરિકે શ્રી. નાગરદાસ પટેલનું નામ ખૂબ જાણીતું છે.

★ ★ ★

એમનાં લખાણની ખુબી તો એ છે કે એમનું પુસ્તક એક વખત હાથમાં લીધા પછી વાંચકનું મન એવું તો જકડી રાખે છે કે તે પૂરૂ કર્યાં વગર ચેન પડતું નથી.

★ ★ ★

બાલસાહિત્યનાં પ્રકાશનોમાં શ્રી. નાગરદાસ ની એક વ્યવસ્થિત યોજના અને પ્રગતિવાન દ્રષ્ટિ છે. તેવી જ સુંદર યોજના એમણે કિશોર અને કુમારસાહિત્ય માટે કરી છે.

★ ★ ★

મગજશક્તિના વિકાસને તાલીમ આપે એવી સાહસ, શૌર્ય, ભેદ, બુદ્ધિચાતુર્ય અને

સાહસ કથાવલિ : પુસ્તક બારમું

શનિનો એક્કો

સંપાદક

નાગરદાસ ઇ. પટેલ

સવા રૂપિયો

બાલવિનોદ કાર્યાલય
૧૪૯, પ્રિન્સેસ સ્ટ્રીટ . મુંબઇ ૨

: પ્રકાશક :
નાગરદાસ ઇ. પટેલ
બાલવિનોદ કાર્યાલય
પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઇ ૨

આવૃત્તિ પહેલી
૧૯૪૮

: મુદ્રક :
રામદાસ ઇ. પટેલ
"રજની પ્રિન્ટરી"
પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઇ ૨

પરિચય

☆

સાહસ, શૌર્ય, ભેદ, બુદ્ધિચાતુર્ય અને ગુન્હાશોધનનાં અવનવાં પરાક્રમોને લગતી મગજશક્તિના વિકાસને તાલીમ આપે એવી રસિક વાર્તાઓ વાંચવાની કુમારજીવનમાં તાલાવેલી જાગે છે અને તે વૃત્તિ જીવનમાં દીર્ઘકાલ પર્યંત કાયમ રહે છે. એ વૃત્તિને અનુકૂળ અને પ્રેરણાદાયી વાંચન મળે તો મગજશક્તિનો સુંદર વિકાસ થાય છે. દરેક વસ્તુ કે વિગત ઝીણવટથી જોવા સમજવાની અને તેનું હાર્દ પામવાની અદ્ભુત શક્તિ એનાથી સાંપડે છે અને જીવન સાફલ્યનો માર્ગ સરળ બને છે.

માનવ જીવનનો આ રીતે અનેકવિધ વિકાસ કરી શકે એવી અત્યંત પ્રેરણાદાયી તેમજ રસિક વાર્તાઓ આપવાની યોજના 'સાહસ કથાવલિ' માં કરવામાં

આવી છે. એમાં અંગ્રેજી સાહિત્યના આ વિષયના સાહિત્યસમ્રાટોની દિલચસ્પ વાર્તાઓ ઉપરથી તૈયાર કરેલી તેમજ કેટલીક મૌલિક કથાઓ આપવામાં આવશે. એ દરેકનું વસ્તુ અને વાતાવરણ ગુજરાતને અનુકૂળ રહેશે.

બાલસાહિત્યની અમારી વિવિધ ગ્રંથમાળાઓનો ગુજરાતે સુંદર સત્કાર કરી અમને પ્રોત્સાહન આપ્યું છે તેવી જ રીતે આ ગ્રંથાવલિને પણ ગુજરાતે અપનાવી છે એ જાણીને સંતોષ થાય છે.

નાગરદાસ પટેલ

અનુક્રમ

શનિનો એક્કો

☆

☆ ☆

શનિનો એક્કો

એના જેટલો ગંજીફાનો ભાગ્યે જ બીજા કોઈને શોખ હશે! જ્યારે જુઓ ત્યારે એના ખીસ્સામાં ગંજીફાનો સૅટ તો હોયજ. કોઈ પણ બીજો માણસ આવ્યો કે તે રમવાની વાત કરે જ કરે!

રાતના બાર વાગે જાવ તો યે બોરીવલીના બંગલામાં એ પોતાના એકાદ બે મિત્ર કે ચાકર નોકર સાથે પણ રમતો જ હોય.

ચંદુલાલ શેઠનું નામ દો કે કોઈ પણ પૂછશે: 'પેલા ગંજીફાવાળાને?'

અને એ શોખ એટલેથી અટક્યો ન હતો. એની સાથે શરત મારવાની ટેવ પણ આવી હતી અને તેણે જુગારને જન્મ આપ્યો હતો.

પત્તાંની સાથે તે ઘણી વખત આમ જુગાર રમતા એમના કેટલાક મિત્રો તે જાણતા અને તેઓ પણ ભાગ લેતા. કોઈ કોઈ

વખત મઝા આવતી.

રાતના ૭–૪૫ ની ચર્ચગેટથી ઉપડતી ટ્રેનમાં ચંદુલાલ શેઠ બેઠા હતા. એમને એ ગાડી ઠીક પડતી. ચર્ચગેટથી એ સીધી વાંદરે જતી.

આખાએ ફર્સ્ટ કલાસના ખાનામાં એ એકલા જ હતા. બાજુનાં ખાનાંઓ પણ લગભગ ખાલી હતાં. શિયાળાની રાત હોવાથી ઠંડીને લીધે કે પછી ઉતારૂ ન હોવાથી એ ખાનાંઓનાં બારણાં બંધ હતાં.

ઉપનગર જીલ્લામાં આખાએ મુંબાઇ ઇલાકા કરતાં વધારે ગુન્હા થાય છે. મુંબાઇના ભામટા રાતોરાત પરાંઓમાં પહોંચી જઇ હાથ મારી આવે છે અને પહેલી બીજી લોકલમાં મુંબાઇ ચાલ્યા જાય છે. એમ ન થતું હોત તો ગુન્હાનું પ્રમાણ એ જીલ્લામાં સૌથી ઓછું હોત.

પોલિસનો બંદોબસ્ત પણ એ જીલ્લામાં ઘણો કંગાલ કહી શકાય. વસ્તીના પ્રમાણમાં તેમનું રક્ષણ કરવા પુરતીયે પોલિસ નથી એમ ઘણાની ફરિયાદ છે.

બોરીવલીમાં ચંદુલાલ શેઠની જોડના જ બંગલામાં રાતના વખતે ચોરી થવાથી એમને ચટપટી થઇ હતી. એમણે તરત જ રિવૉલ્વરના લાઇસન્સ માટે અરજી કરી હતી.

થોડી દાનદક્ષિણા ને પૂજાપાત્રી થયા પછી આજે એમને લાઇસન્સ મળ્યું હતું, અને આદમજી ઇબરામજીને ત્યાંથી તેમણે દોઢસોની છ બારની એક રિવૉલ્વર ખરીદી હતી. કાર્તુસ પાંચ લીધા હતા.

ચંદુલાલ શેઠનાં ખીસ્સાં પૈસે તર રહેતાં પણ હમણાં હમણાં તે ખૂબ ઉડાવતા હોવાથી તેમના ઉપર જરી વધારે જાપતો હતો.

દરેક સ્થળે કોઇ ને કોઇનું રાજ્ય હોય છે. કાં તો સ્ત્રીનું કે પુરૂષનું. ચંદુલાલને ઘેર હજી વિગ્રહ ચાલતો હતો. પણ વિજયની

દેવીએ પોતાની જાતિનો જ પક્ષ કર્યો હતો. શેઠાણીની ગૃહસત્તા દહાડે દહાડે પ્રબળ થતી જતી હતી. એનું પ્રાબલ્ય શેઠની ગંજીફા-ની અને જુગારની પ્રવૃત્તિને દબાવે એટલું ન હતું, એ વાત ખરી પણ એ લક્ષ્ય સ્થાન વેધવાની વૃત્તિ તો હતી જ.

*　　　　*　　　　*

ઉપડતી ગાડીએ એમના ખાનામાં એક જાડા જેવા ગૃહસ્થ ચઢ્યા. તેમનો હાંફ તો માય નહિ. જાડુ શરીર એટલે બળે બળે એમણે ગાડી પકડેલી.

તે અંદર આવ્યા એટલે ચંદુલાલ તેમને જોઇ બોલી ઊઠ્યા: 'કેમ મનુશેઠ! આટલું બધું મોડું?'

'મોટરને અકસ્માત થતો રહી ગયો અને તેને લીધે જરા મોડું થયું. દોડ્યો ન હોત તો ગાડી જાત!' હાંફતાં હાંફતાં તેમણે જવાબ આપ્યો.

'ઠંડી ખૂબ પડે છે મનુશેઠ!'

'બારી બંધ કરો, બીજું શું? ગંજીફો છે ને?'

'તે વિના તે કંઇ ચાલે!'

'પેલી ચોરીનો કંઇ પત્તો લાગ્યો?'

'શાનો લાગે? પોલિસનો બંદોબસ્ત બરાબર હોય તો લાગે ને? મનુશેઠ એમ પારકે ભરોંસે બેસી રહેવામાં માલ નહિ. મ્હેં તો નક્કી કર્યું છે કે આપણે જાતે જ બચાવ કરવો.'

'વાહ! પણ કેમ બચાવ કરશો? આટલી ઉમ્મરે અખાડા-માં જશો?'

'નારે! આજે રિવોલ્વર આણી છે. કાલથી એની પ્રેક્ટીસ શરૂ કરીશું. ટારગેટ ઉપર બરાબર મારતાં આવડ્યું એટલે પત્યું. પછી વખત આવે ઉપયોગ કરતાં ક્યાં નથી આવડતું?'

'જાવ જાવ, તમારૂં પુન્ય તમારે દ્વાર. તમારી રિવોલ્વર ને તમારૂં જ ખૂન કરતાં એ લોકને કાંઇ ઓછી વાર લાગવાની હતી!'

'એ જ ભૂલ છે ને! પેલા કૃષ્ણલાલને ઓળખો છો? એને ત્યાં, તોપ, બંદુક ને રિવોલ્વર ત્રણ છે. રાત વરત એ અમથો અમથોયે ભડાકા કર્યે જાય છે, અને આજે આઠ વરસ થયાં એ લતામાં જરાયે ચોરાયું નથી. એ પેલા દારૂગોળાના પ્રતાપ!'

'એ પણ ઠીક. એ યુક્તિ અજમાવવા જેવી તો ખરી!'

'જુઓને મનુશેઠ! સૌ ઠંડા લોહીનું ખાવા ઇચ્છે છે. જાણી જોઇને સાપના દરમાં કોણ હાથ ઘાલે?'

'ખરૂં, જોઉં તમારી રિવોલ્વર.'

ચંદુલાલે રિવોલ્વર જોઇને બાજુએ મૂકતાં કહ્યું: 'ચાલોને બાજી શરૂ કરીએ. આ મહાલક્ષ્મી તો આવ્યું!'

અને બેઉ જણે રમવા માંડ્યું. સરત મરાઇ અને હારજીત થતી ચાલી.

દાદર, માટુંગા ને માહિમ ગયાં. વાંદરા આવ્યું ત્યારે ચંદુલાલે છસો અડસઠ રૂપિયા ગુમાવ્યા હતા.

બીજી દસ મિનિટમાં બરાબર અગિયારસો પર આંકડો પહોંચ્યો.

અગિયારસો રૂપિયા? અધધધ! આટલી રકમ વીસ મિનિટમાં ચંદુલાલે કદી ગુમાવી ન હતી! એમનું જ્યારે ફૂટું ફાટતું ત્યારે એ રકમ નજીવી હતી પણ આ વખતે? જ્યારે શ્રીમતિનું પ્રાબલ્ય વધતું જતું હતું અને તેમના ખર્ચ ખુટણપર બરાબર અંકુશ હતો, ત્યારે એ રકમ ઘણી મોટી હતી. એ ગુમાવવા જેટલી મૂર્ખતા કરવા બદલ તેમને પસ્તાવો થયો.

ખરેખર! આજે સાઠમારી થવાની! હજી તો આ એક હોળી પૂરી નથી થઇ ત્યાં આ વળી ક્યાંથી નવી પીડા ઊભી કરી! પણ પૈસા આપ્યા પછી શું? ન આપ્યા હોત તો મનુશેઠને વાયદો કરત! હારજીત મુજબ બેઉ જણે તરત જ નોટો એક બીજાને આપી દીધી હતી એટલે ગર્થ ગયા પછી ચંદુલાલને

જ્ઞાન આવ્યું હતું.

'મનુશેઠ! એક કામ કરશો?'

'બોલોને કોણ ના કહે છે!'

'ત્યારે આજે જીતેલા પૈસા પાછા આપશો?'

'શું બોલ્યા? પાછા જોઈએ? કાંઈ ગાંડા થયા? એમ તે પાછા અપાતા હશે! આપણે તે કાંઈ નાનાં છોકરાંની રમત રમતા હતા!'

'આપવા પડશે.'

'જાવ જાવ! કાંઈ એમ તે થતું હશે! જુઓ, તમે જીત્યા હોત તો પાછા આપત ખરા કે?'

'તે ગમે તેમ હોય! પણ છૂટકો નહિ થાય! મ્હારે ચાલે એમ નથી! આગયારસો રૂપિયા આજે મેં તમને આપ્યા. હમણાં વખત ઘણો બારીક છે.'

'તે તમને પાલવતું નથી ખરૂંને! પણ હું ક્યાં કહેવા આવ્યો હતો કે રમો જ રમો! અને રમ્યા પછી જીતવાની વાત તો નસીબ પર જ ને! ચાલો થોડું વધારે રમો. તમે જીતો તો તમે લઈ જાવ.'

'તે નહિ બને, હું હારૂં છું તે હાર્યા કરીશ. તમે છાનામાના એ પૈસા મ્હને આપો તેમાં જ મઝા છે.'

'નહિ તો શું કરશો?'

'જે થશે તે.'

'શું?'

'આ પાસે છે,'

'રિવોલ્વર?'

'હાજી. તેનો ઉપયોગ.'

'જાવ, જાવ, તમે એટલે સુધી મૂર્ખા થશો એમ હું નથી માનતો!'

'ન માનેલું માનવું પડે છે સમજ્યાને!'

બેઉ વચ્ચે હાથ ચાલાકી અને બાથંબાથા શરૂ થઈ. જાડું શરીર દેખાય ભારે પણ કસરત ન કરી હોય તો બાથંબાથામાં બાર વાગે.

ચંદુલાલે નીચા નમી બાજુની બેઠક પર પડેલી રિવોલ્વર લીધી અને મનુ શેઠ સામે ધરી.

મનુ શેઠે ઝાપટ મારી પણ તે ચંદુલાલના બીજા હાથ પર વાગી અને હાથ સંભાળવા જતાં હાથ પરનો કાબુ છૂટ્યો, ઘોડો દબાયો અને ધડૂમ દઈને ગોળી છૂટી.

તરફડીને મનુ શેઠ પડ્યા. ગાડી જોગેશ્વરી અને ગોરેગામની વચ્ચે હતી.

એક બે ડચકીયાં અને મનુશેઠની જીવનલીલા સમાપ્ત.

આ સંજોગોમાં ગમે તેવાનું મગજ કાબુમાં ન રહે તો ચંદુલાલનું કેમ રહે! એ ગભરાઈ ગયા.

આવી વિષમ પરિસ્થિતિની તેમને કલ્પના યે ન હતી! જરા જરામાં ખૂન પર વાત આવશે એવું એમણે સ્વપ્ને ય ધાર્યું ન હતું.

પણ કર્યું તો પૂરૂ કર્યા સિવાય કાંઈ છૂટકો છે! એકદમ તેમને એક વિચાર આવ્યો.

મનુશેઠના ખીસ્સામાંથી પોતાના પૈસા કાઢી લીધા અને તેમની ઘડિયાળ કાઢીને કાંટા ફેરવ્યા. ૬–૩૦ નો વખત મૂક્યો.

ધીરે રહીને તેમને બહાર ઘસડ્યા અને બારણા આગળ લઈ જઈ એ શરીરને ગોઠવ્યું.

જરા વારે પૂલ આવ્યો. જ્યારે પોતાનો ડબ્બો પૂલ પર આવ્યો. ત્યારે ચંદુલાલે પેલા અચેતન શરીરને ધક્કો મારીને નાખી દીધું.

બીજે દિવસે સવારમાં ગોરેગામના સ્ટેશન પર ધમાલ હતી.

મનુ શેઠ નામના જાણીતા સદ્‌ગૃહસ્થનું મૃત શરીર સ્ટેશન પાસેના પૂલ પરથી મળી આવ્યું હતું.

પોલિસે આવીને એનો કબજો લીધો. શેઠના સગા વ્હાલાઓને ખબર આપવામાં આવી.

એ વખતે જયંત બોરીવલીમાં રહેતો હતો. તેનો તથા મનુ શેઠનો બંગલો પાસે પાસે હતો. એટલે એને તરત જ ખબર મળી.

ગોરેગામ જતાં મનુશેઠના ભાઈ મગનલાલે એને પણ સાથે લીધો.

પોતાની રીત મુજબ તેણે મૃત શરીર તપાસ્યું. ગાડીમાંથી અકસ્માત પડી જવાથી મૃત્યુ થયું હતું એ માન્યતા ખોટી પાડી અને જણાવ્યું કે શેઠનું ઇરાદાપૂર્વક ખૂન કરવામાં આવ્યું છે.

પણ ખૂન થયું શાથી? એ એક સવાલ હતો. ખીસ્સાં પાકીટ સલામત હતાં. સોનાની ઘડિયાળ સાબુત હતી. ફક્ત અટકી ગઈ હતી અને તેનો ટાઇમ ૬–૩૨ જણાતો હતો એટલે તે વખતે પસાર થતી વિરાર લોકલમાં શેઠનું ખૂન થયેલું અને તેમને કોઈએ નાખી દીધેલા. પણ ખૂન કરવાનો હેતુ શો?

એ સવાલ પર એણે ખૂબ વિચાર કર્યો પણ કાંઈ સમજ ન પડી. અક્કલનું તેલ ખૂટી જતું લાગ્યું.

બૂઝાતો દિવો મોટો થાય છે. અગ્નિ હોલવાઈ જતાં પહેલાં તેની ચિનગારી તેજસ્વી થાય છે તેમ એક વખત એની અક્કલ વધુ તેજ થઈ.

એણે શરીર ફરીથી તપાસ્યું. મરનારના ડાબા હાથમાં લાલનો એક્કો હતો. એ કયાંથી આવ્યો? કોઈએ પાનાં રમતાં ખૂન કર્યું?

એણે એ પાન તપાસ્યું. ચારે બાજુ જોયું અને કાંઈક વિચાર કર્યો.

* * *

'કેમ છો? શેઠ સાહેબ,' ચંદુલાલને સવારના અગિયાર વાગે તેમને બોરીવલીને બંગલે જ જયંતે મળીને પૂછ્યું. 'ગંજીફાની રમત કેમ ચાલે છે?'

'આવો જયંતરાય! રમવું હોય તો આપણી ક્યાં ના છે!'

'પણ પેલા મનુશેઠનું કોઇએ છ તેત્રીસે ગોરેગામ આવતી વિરાર લોકલમાં ખૂન કર્યું તે સાંભળ્યું? તમે કઇ ગાડીમાં આવ્યા?'

ચર્ચગેટથી ૭–૪૫ની. શાથી ખૂન થયું તેનો કાંઇ પત્તો લાગ્યો?'

'કોઇએ પાનાં રમતાં ખૂન કર્યું લાગે છે.'

'પાનાં રમતાં?'

'હાજી.'

'ઘણું નવાઇ જેવું! પણ એ કેમ જાણ્યું?'

'એના હાથમાં લાલનો એક્કો રહી જવાથી.'

'શનિનો એક્કો?'

'તમે કહો છો તે મુજબ શનિનો. ચાલો, થવાનું હશે તે થઇ ગયું. આપણે તો પાનાં રમીએ.'

જયંતે ચંદુલાલના હાથમાંથી પાનાં લઇ લીધાં અને રમત શરૂ કરવાની તૈયારી કરી.

'ચંદુલાલ શેઠ! તમારી ચાલાકી ચુલામાં પડી! મનુશેઠનું ખૂન કરીને તમે—'

'શું? મનુશેઠનું મ્હેં ખૂન કર્યું?'

'હાજી.'

'શા ઉપરથી કહો છો?!

'જરા તમારા ગંજીફામાંજ જુઓએ. શનિનો એક્કો ક્યાં છે? એ એક્કેજ શનિનું ચક્કર આણ્યું છે. સમજ્યાને?'

ચંદુલાલનો ચહેરો સફેદ પૂણી જેવો થઇ ગયો.

૧૩

'તમે ઘડિયાળના કાંટા ફેરવ્યા ને ભૂલ થાપ આપવા પ્રયત્ન તો કર્યો પણ એક જ ચીજ ધ્યાન બહાર રહી ગઇ.'

'શનિનો અક્કો!' અને એ એક્કાએ જ ચંદુલાલ પર ચક્કર આણ્યું.

☆

પંડિતજીની હરીફાઈ

'નટવર! આજ સુધી તેં જયંતરાયનાં અનેક પરાક્રમ લખ્યાં છે અને એમનું નામ બત્રીસીએ ચઢાવ્યું છે–' પ્રાણશંકર પંડિતજીએ મ્હારા ટેબલ પર પડેલું મ્હારૂં છેલ્લું પ્રકાશન જોતાં પ્રવચન શરૂ કર્યું.

'તે હવે તમારો પણ કંઈ પરાક્રમ કરવા વિચાર છે કે શું?' મ્હેં પૂછયું.

'એનો ઇજારો ઓછો જ એમણે રાખ્યો છે!'

'એ તો હું પણ ક્યાં કહું છું?'

'એવું કંઈ કામ હાથ લાગે તો મ્હને કહેજે.'

'પહેલી તક. પછી કંઈ? તમારી ઇચ્છા હોય તો જયંતને પણ કહી રાખું.'

'જેવી તારી મરજી.'

પ્રાણશંકર પંડિતજી મ્હારા પરમ મિત્ર છે. એમનું નામ

પ્રખ્યાત છે. એ મહાનુભાવના જીવનનાં કેટલાંક સુંદર પ્રકરણો મ્હેં 'પંડિતજીની હાસ્યપ્રભા' એ નામથી ગુજરાતને ચરણે ધર્યાં છે. મોટે ભાગે વાંચનારને એમાં હાસ્યરસ નજરે પડે છે અને પંડિતજીએ એ રીતે અનેકને હસાવ્યા છે. એવી રીતે પરિચય કરાવું તો જયંતરાય–જે મ્હારો જીવજાન દોસ્ત છે, તેણે પણ પોતાનાં બુદ્ધિના ચમત્કારયુક્ત અનેક પરાક્રમોથી અમર નામના મેળવી છે.

અને એ બન્ને સદ્દભાગી મિત્રોના યોગે મ્હારૂં નામ પણ જાણીતું થયું છે. નહિ તો નટવરનો કોઇ ભાવ પણ ન પૂછત!

અમે ઉપર મુજબ વાત કરતા હતા ત્યાં તો એક પારસી યુવાન હાંફ્લો ફાંફ્લો અમારા ખંડમાં આવ્યો અને પૂછવા લાગ્યો: 'મી. જયંત ક્યાં છે?'

'બહાર ગયા છે. આપને શું કામ છે?' મ્હેં પૂછ્યું.

'એમનું ઘણું જ અગત્યનું કામ છે. અહીંથી થોડે દૂર એમને મ્હારે બનતી ઉતાવળે લઇ જવાના છે.'

'આપને હરકત ન હોય તો બધી હકીકત મ્હને જણાવો એટલે અમે બન્ને આવીને મદદ કરીશું.' પંડિતજી બોલ્યા.

'પણ મી. જયંત ક્યાં છે? એમના જેટલી મદદ તમે ઓછી જ આપી શકવાના હતા?'

'એમની ગેરહાજરીથી ગભરાઇ જવાની જરૂર નથી.' મ્હેં કહ્યું: 'આપ શાંતિથી બેસો અને શું કામ છે તે જણાવો.'

'ભલે બાવા! જ્યારે તમે ખાત્રી આપો છો ત્યારે તમને વાત કરવાને હરકત નથી. તમે જ ડૉ. નટવર ને?' એણે મ્હારા તરફ જોઇને પૂછ્યું.

મ્હેં ડોકું હલાવી હકારમાં જવાબ આપ્યો.

'મ્હારૂં કામ ઘણું જ જરૂરી અને તાકીદનું છે. છતાં જ્યારે આપને બધી હકીકત જણાવવી પડે એવું છે તો તે હું બને તેટલી

ટુંકાણમાં જણાવીશ.' આવનારે કહેવા માંડયું: 'મ્હારૂં નામ ધનજીશા મીસ્ત્રી. છેલ્લા પંદરેક દિવસથી હું મ્હારા દૂરના એસી પેસ્તનજી પાવરીને ત્યાં મીસ તેહમીના દેસાઇને મળવા અવારનવાર જતો હતો. એ મ્હારી નજરમાં આવી ગઇ હતી અને પરવરદેગારની મ્હેર હોય તો મ્હારે એને પરણી જવાનો વિચાર હતો.

'આજે બપોરે અમે બેઉ જણ વાત કરતાં બેઠાં હતાં ત્યાં મ્હેં એ વાત કાઢી અને એને મ્હારો વિચાર જણાવ્યો. એ સાંભળીને તેહમીનાએ જવાબ આપ્યો: 'લગનની બાબતમાં કેટલાંક એવાં કારણો છે કે જેને લીધે મ્હારે એ માગણીનો જવાબ નકારમાં આપવો પડે છે.'

'મ્હેં એને એ કારણો જણાવવા આગ્રહ કર્યો. એટલે એણે પોતાની વિગત ટુંકામાં જણાવી. એ વિગત એના પોતાના શબ્દોમાં જ કહી લઉં:

'મ્હારાં માબાપ ઉદવાડામાં રહે છે અને ત્યાં અમારૂં હોટેલ છે એ તમને ખબર હશે. અમારા હોટેલમાં અવારનવાર અનેક જાતના માણસ આવે એ સ્વાભાવિક છે; છતાં કેટલાક માણસો એવા પણ હોય છે કે જેને એકવાર મળ્યા પછી ભાગ્યેજ ભૂલી જવાય!

'ત્રણેક વર્ષપર એવા જ બે વિચિત્ર માણસોના સંબંધમાં હું આવી. બેઉ જણ ઘણા જ વિચિત્ર હતા એમ કહું તો ચાલે. નસીબ જોગે બેઉ જણ પાસે બાપદાદાનો પૈસો ઠીક હતો. એમાંનો એક વામનજી હતો એની ઉંચાઈ ભાગ્યે ત્રણ ફીટ હશે. એનું નામ કાવસજી કરાણી. બીજો ખાસ્સો સાડા છ ફીટ ઉંચો હતો. એનું નામ મેહેરવાનજી મ્હેતા.

'કમનસીબે બેઉ જણે એકજ અઠવાડિયામાં મ્હારી પાસે લગનની માગણી કરી. બેઉ જણ વિચિત્ર હતા, એટલે મ્હેં બન્નેને એકજ જવાબ આપ્યો કે 'તમે સુખવાસી જીવ છો અને બાપ-કમાઇ પર તાગડધીન્ના કરો છો એ મ્હને પસંદ નથી. મ્હને

પરણવાની ઇચ્છા હોય તો તમે તમારૂં પોતાનું એક યા બીજી રીતે નામ કાઢો, પૈસા કમાવ અને તમારામાં કૈંક મીઠું છે એની મ્હને ખાત્રી કરી આપો.'

'મ્હારી એ વાત સાંભળીને બેઉને ચીટકી લાગી ગઈ. એમણે ઉદવાડા છોડયું અને તેઓ પોતાનું નસીબ અજમાવવા નીકળી પડયા! આજે તત્તણ વરસ થયાં એમનો પત્તોજ નથી.'

'એમના કૈં ખબર અંતર મળ્યાજ નથી?' મ્હેં પૂછ્યું.

'એવું છેક તો નથી. કરાણીના આજ વેર મ્હને બે કાગળો મળ્યા છે. એક બે વરસ પહેલાં અને બીજો અહીં આવ્યા પછી. એણે પોતાનું નામ કાઢ્યું છે અને 'મુંગા યાંત્રિક નોકરો'ની નવાઇભરી શોધ કરી બે હજારો રૂપિયા કમાયો છે. એના એ યાંત્રિક નોકરો અજબ જેવું કામ કરે છે! એનો કાગળ મળ્યા પછી એ ગમે તે પળે આવીને પોતાની માગણી રજૂ કરશે એમ મ્હને લાગ્યા કર્યું છે. એ કરતાં વધુ ધાસ્તી અને ફીકર મ્હેતા બાબત છે. એને મ્હેં જોયો નથી. એના કૈંજ ખબર અંતર નથી. છતાં જ્યારે મ્હને કરાણીનો કાગળ મળ્યો ત્યારે મ્હેં એનું હસવું સાંભળ્યું કે 'કરાણી કાળને કિનારે છે.' આબાદ મ્હેતાના પોતાનાજ શબ્દો, એનો અવાજ, એનીજ ઢબ; અને ચારે બાજુ ફરીને જોઉં તો કોઇ મળે નહિ! એ કોણ બોલ્યું અને શી રીતે બોલ્યું તે મ્હને સમજાયું નહિ! એ ઉપરથી મ્હને મોટી ચિંતા તો મ્હેતાની થઇ પડી છે કે એ કઇ ઘડીએ આવી લાગશે ને પોતાની માગણી રજૂ કરશે!'

'અમે આમ વાતો કરતાં બેઠાં હતાં ત્યાં સામેથી એક ન્હાની સરખી મોટર પુર જોસમાં હંકારતી આવી લાગી. એમાં એક ઠીંગુજી ઇસ્કીટાઇટ થઇને બેઠો હતો. એના પર નજર પડતાં તેહ-મીના ગભરાઇ ગઇ. એ ઉપરથી મ્હને લાગ્યું કે આવનાર કરાણી હોવો જોઇએ.

'એ એકદમ પોતાની મોટરમાંથી નીચે ઉતર્યો અને અમારી પાસે આવ્યો. 'આ તમે જોયું?' એણે પૂછ્યું અને બારીના કાચ પર ટપાલના સ્ટેમ્પના કાગળની લાંબી પટીઓથી ચોટાડેલો એક કાગળ બતાવ્યો, એ તાજોજ ચોટાડેલો લાગતો હતો. અમે વાત શરૂ કરી તે વખતે એવું કંઈ જ ન હતું. એના પર ફફરડા જેવા અક્ષરે લખ્યું હતું કે 'કરાણી મીસ તેહમીનાને પરણશે તો મરી જશે.' એ વાંચીને અમે ત્રણે જણ ડઘાઈ ગયાં.

'એ એનુંજ કામ!' કરાણી બોલી ઊઠ્યોઃ 'મીસ તેહમીના! એના મ્હારાપર થોકબંધ કાગળો આવ્યા છે અને દરેક વખતે એવીજ રીત ધમકી આપી છે. એ ક્યાંથી કાગળો લખે છે તથા કેવી રીતે પહોંચાડે છે તેજ સમજાતું નથી.'

'મ્હને પણ એવોજ અનુભવ થયો છે.' તેહમીના બોલી અને એણે પોતાનો અનુભવ જણાવ્યો પછી એણે મ્હારું ઓળખાણ કરાવ્યું.

'પેલા વિચિત્ર કાગળો બતાવવાની મ્હને કરાણીએ ખાહેશ બતાવી એટલે હું એની સાથે ગયો. એનું મકાન અહીંથી બહુ દૂર નથી. એના જેવી જ એની મોટર પણ વિચિત્ર હતી. પણ એની વિગતમાં હું નહિ ઉતરૂં.

'અમે એના બંગલા આગળ પહોંચ્યા એટલે એક જણે ઝુકીને સલામ કરી. કરાણીએ એને પૂછ્યું કે 'કોઈ આવ્યું હતું?' અને તેનો એણે નકારમાં જવાબ આપ્યો.

'અમે બન્ને મકાનમાં દાખલ થયા. અંદર ગયા તો માથા વગરનાં યાંત્રિક માણસોની હારની હાર ઊભી કરેલી હતી. એ બધાં અતિશય આજ્ઞાધારક અને ચપળ હતાં. બટન દાબો અને તમને જોઈએ તે ચીજ હાજર થાય. બટન દાબો એટલે ખાવાનું હાજર. બટન દાબો કે ચહા તૈયાર. બટન દાબો કે ધારો તે હાજર. હું તો એ જોઈને છક્ક થઈ ગયો અને મી. કરાણીને એની અજબ શોધ માટે મેં ધન્યવાદ આપ્યો.

'એ બધું ખરૂં મી. મીસ્ત્રી!' એણે કહ્યું: 'પણ મ્હારા યાંત્રિક નોકરો એક રીતે અધૂરા છે. તેઓ કોઇ ચીજ ચોરતા નથી, ખાઇ જતા નથી કે ખોટી લપ્પન છપ્પન કરતા નથી એની ના નહિ; પણ એ કાંઇ બોલી શકતા નથી. કોણ આવ્યું ને કોણ નહિ એ કહી શકતા નથી. એ એમનામાં મોટી એબ છે.'

'વખત આવ્યે એ પણ તમે પૂરી શકશો.' મ્હેં કહ્યું.

'આ જોયું? નીચે આપણે તપાસ કરી તો કોઇ આવ્યું નથી એમ ખબર મળી, પણ અહીં તો એ ભાઇ સાહેબની હાજરીનાં ચોખ્ખાં નિશાન છે!'

'એમ!'

'જુઓને! આ ચીઠ્ઠી.'

'મ્હેં ચીઠ્ઠી લઇને વાંચી. એમાં ખૂલ્લી ધમકી હતી. તેહમીના સાથે સંબંધ ન રાખવા ચેતવણી આપી હતી અને સાથે સાથે ખૂન કરવાની ધમકી પણ આપી હતી. એ સિવાય બીજા અનેક કાગળો એણે મ્હને એજ મતલબના લખેલા બતાવ્યા.

'અને નવાઇની વાત તો એ છે કે એનો પત્તો લાગતો નથી. એ સાવ અદૃશ્ય રહે છે, છતાં એની ચીઠ્ઠીઓ અને ધમકીઓનો વરસાદ વરસે જ જાય છે!' કરાણીએ કહ્યું.

'મ્હેં એને ધીરજ આપી અને આ કામમાં મી. જયંતની સલાહ લેવાની સૂચના કરી, એટલે એણે મ્હને મી. જયંતને બોલાવી લાવવાનો આગ્રહ કર્યો.

'એના આગ્રહને માન આપીને હું અહીં આવ્યો છું; છતાં એની સ્થિતિ મ્હને ભયજનક લાગવાથી પાકો બંદોબસ્ત કરતો આવ્યો છું.'

'શો બંદોબસ્ત કર્યો છે?' હવે પંડિતજીએ પૂછ્યું.

'એક તો પેલા નોકરને કહેતો આવ્યો છું. બીજું પોલિસના એક સિપાઇને હું પાછો ફરૂં ત્યાંસુધી ધ્યાન રાખવા સમજાવી આવ્યો

છું અને એની મહેનતનો બદલો આપવા સૂચના પણ કરી છે. એ સિવાય એક સિંગોડાવાળાને ચાર આના આપી બેસાર્યો છે અને પાછા ફર્યા પછી બીજા ચાર આના આપવાના કર્યા છે.'

'ઠીક ચાલ નટવર! આપણે એમની સાથે જઈએ.' પંડિતજીએ સૂચના કરી.

એમ બેઉ જણ તૈયાર થયા અને મી. મીસ્ત્રીની સાથે ગયા.

પાંચેક મિનિટમાં અમે મી. કરાણીના મકાન પાસે આવી લાગ્યા.

'કેમ કાંઈ આવ્યું હતું?' અમારા અસીલે સિંગોડાવાળાને સવાલ કર્યો.

'નારે સાહેબ! તમારા ગયા પછી એમાં કાંઈજ ગયું નથી.'

'ઠીક' એમ કહીને એને ચાર આના આપી વિદાય કર્યો.

પછી પોલિસના સિપાઈને પૂછ્યું. એણે પણ એવોજ ખાત્રી લાયક જવાબ આપ્યો.

ત્રીજા માણસે પણ એવોજ જવાબ આપ્યો.

પંડિતજી પોલિસ સાથે વાત કરતા નીચે ઊભા અને હું તથા મી. મીસ્ત્રી આગળ વધ્યા

કરાણીના ખંડમાં આવીને તપાસ કરતાં એના એક યાંત્રિક નોકર પાસે પુષ્કળ તાજું લોહી પડેલું જણાયું. એ જોઈને અમારી નવાઈનો પાર ન રહ્યો.

'કરાણીનું ખૂન થયું છે!' અમારા અસીલે બૂમ મારી. 'છતાં નવાઈની વાત એ છે કે એના ખૂનીની પેઠે એના શબનો પણ પત્તો નથી.'

અમે ચારે બાજુ તપાસ કરી પણ કંઈજ પત્તો ન મળ્યો; એટલે નીચે આવ્યા ને પંડિતજીને વાત કરી.

એ મકાનને બીજો દરવાજો ન હતો તેમજ આવવા જવાનો બીજો રસ્તો પણ ન હતો. જે રસ્તો હતો તેના પર ત્રણ ત્રણ માણસોની ચોકી હતી. ત્રણે જણ એક બીજાને ઓળખતા ન હતા

અને એમના વચ્ચે કૈં સંતલસ થવા જેવો સંભવ ન હતો. તે છતાંયે એ મકાનમાં કોઇ માણસ અદૃશ્ય રીતે ગયું હતું અને કરાણીનું ખૂન કરી એના મૃત શરીરને અદૃશ્ય કરી ગયું હતું એ નવાઇની વાત હતી.

અમે એ વિષે ચર્ચા કરતા હતા ત્યાં પંડિતજીએ પોલિસના સિપાઇને બહાર મોકલ્યો.

અમારી ચર્ચા પૂરી થાય ત્યાં તો એ આવી લાગ્યો અને બોલ્યો: 'દરિયા કિનારે આપ કહો છો તેવું એક મુડદું પડયું છે!'

'આપણે ત્યાં જઇને તપાસ કરવી જોઇએ.' અમારા અસીલે સૂચના કરી.

તરતજ અમે દરિયા કિનારા તરફ જવા નીકળ્યા.

કરાણીનું નાનું સરખું મુડદું કિનારા પર પડયું હતું અને એની બાજુમાં જ એક ભૂરા રંગની થેલી પડી હતી.

'હવે આપણે તપાસ શરૂ કરીએ.' મ્હેં સૂચના કરી.

'તપાસ કયારની યે પૂરી થઇ ગઇ.' પંડિતજી બોલી ઊઠ્યા. 'કાન્સ્ટેબલ!' એમણે પોલિસ તરફ જોઇને કહ્યું. 'પેલા ટપાલીને તમારા કબજામાં લઇ લો.' એમ કહીને નાળીએરીઓના ઝુંડ આગળ ઊભો રહેલો એક ટપાલી બતાવ્યો.

પોલિસના સિપાઇએ એને પકડ્યો, ત્યાં તો એ ફગલાઇ ગયો.

'પણ એ ગુન્હેગાર છે એમ શા ઉપરથી કહી શકાય?' અમારા અસીલે પૂછ્યું.

'ઘણીજ સહેલાઇથી. કોઇ પણ માણસ અદૃશ્ય રહી શકે એ માનવું જ મુશ્કેલ છે, એટલે પછી જ્યારે એમ કહેવામાં આવે કે અદૃશ્ય રીતે વાત સંભળાઇ ત્યારે એમાં કૈં સમજફેર થઇ હોવી જોઇએ. એ ઉપરાંત આપણા સવાલનો જવાબ કઇ રીતે અપાય છે તેનો વિચાર કરીએ તો પણ જણાશે કે જવાબ આપનાર આપણે શું પૂછીએ છીએ તે તરફ લક્ષ આપવાને બદલે આપણે કેવા

આશયથી પૂછીએ છીએ તે તરફ ધ્યાન દઇને જવાબ આપે છે. તને એમ પૂછીએ કે 'તું કોની સાથે રહે છે?' તો તું કહેશે કે 'જયંત સાથે.' પણ ખરી રીતે જોતાં તમારા બે ઉપરાંત સુલોચના, બીજા બે નોકર અને માળી પણ તારા બંગલામાં રહે છે જ. હવે ધારો કે ગામમાં પ્લેગ ચાલતો હોય અને હેલ્થ ઇન્સ્પેક્ટર પૂછે કે બંગલામાં કેટલાં માણસ રહે છે અથવા તું કોની સાથે રહે છે તો તને ખ્યાલ આવશે કે 'મ્હારી સાથે જયંત સિવાય સુલોચના અને બીજા નોકરો પણ રહે છે.' બન્ને જવાબ ખરા છે, છતાં સવાલનો શાબ્દિક અર્થ જોઇને અપાયલા નથી, પણ પૂછનારનો આશય સમજીને અપાયલા છે. એજ રીતે આપણે આ ત્રણે જણને પૂછ્યું કે 'કોઇ આવ્યું ગયું હતું?' તેનો એમણે એ અર્થ કર્યો કે 'શંકા લાવી શકાય એવું કોઇ આવ્યું ગયું હતું?' અને એનો એમણે નકારમાં જવાબ આપ્યો. એ ઉપરથી સમજી શકાય છે કે જનાર માણસ શંકા લવાય એવુ ન હતું. ધનજીશાની વાતમાં પણ બે વાર એવો ઉલ્લેખ થયો હતો. એક તો તેહમીનાએ કાગળ વાંચતી વખતે મ્હેતાનું હસવું સાંભળ્યું અને ધમકી પણ સાંભળી. હવે એ કાગળ આવ્યો શી રીતે? એ આપનાર તો કોઇ હોયજ ને. એજ જતાં જતાં બોલે કે હસે તો તેહમીના કાગળ વાંચવાના ધ્યાનમાં શી રીતે સમજી શકે? એજ મ્હેતા હશે એવો તો એને ખ્યાલ પણ શી રીતે આવે? બીજી વખતે પેલો કાગળ કાચની બારી પર ચોટાડ્યો હતો અને એ ચોટાડવા ટપાલની ટીકીટોની કોરી પટ્ટીનો ઉપયોગ થયો હતો. એ ઉપરથી મ્હારી ખાત્રી થઇ હતી કે મ્હેતાએ ટપાલીની નોકરી લીધી છે અને પોતાના પાસા ફેંકવા માંડ્યા છે. છેક છેલ્લી વખતે એ અંદર ગયો અને પેલા ત્રણે નજરે જોનારને વ્હેમ ન આવ્યો. એણે કરાણીનું ખૂન કર્યું અને એ ઠીંગુજીના ન્હાના શરીરને પોતાની ટપાલની ખાલી કોથળીમાં ઘાલી થેલામાં નાખી અહીં લાવીને ફેંકી ગયો. એ છતાં પાછો

અંધો થઇને આપણી તપાસ ઉપર પણ દેખરેખ રાખવા આવ્યો!'

પંડિતજીના આ ખુલાસાથી અમે બધા દિંગ થઇ ગયા.

કોન્સ્ટેબલ પોતાના શિકાર સાથે ચોકી તરફ ગયો અને અમારો અસીલ પોતાની ખાટી મીઠી આશા ફળશે એમ માનીને મનમાં મલકાતો તેહમીનાને સમાચાર આપવા દોડ્યો.

હું અને પંડિતજી દરિયા કિનારે હવા ખાવા આગળ વધ્યા.

પંડિતજી આટલી શિઘ્રતાથી કામ કરી શકે છે એ તો મ્હેં આજેજ જાણ્યું અને એમને માટે મ્હને ઘણો ઉંચો મત બંધાયો.

☆

હબસીનો હાથ

મ્હારા કાકાના મરણથી એક કલાકમાં મ્હારી સ્થિતિમાં આસ્માન જમીનનો ફેર પડી ગયો. એક સાધારણ સ્થિતિના ગદ્ધા-વૈતરૂં કરનાર ડૉક્ટરમાંથી એકદમ હું લાખોપતિ થઇ ગયો. ખરેખર! નસીબ જે ન કરે તે ઓછું! કેટલાકને એમાં વિશ્વાસ નથી પણ મ્હને આ બનાવ પછી એમાં સોએ સોહોસો ટકા વિશ્વાસ—અતિવિશ્વાસ છે.

અમે ચાર ભાઇઓ હતા અને બધા જુદા જુદા ધંધામાં ઠરી ઠામ થયા હતા તથા પૈસા પેદા કરતા હતા. અમારે બે ચાર પેઢીઓ દૂર એવા એક કાકા હતા અને તે આફ્રિકામાં રહેતા હતા, તથા ત્યાં બહુ સારૂં કમાયા હતા અને રાવ બહાદુરનો ખિતાબ પણ તેમને મળ્યો હતો એમ સાંભળ્યું હતું.

પણ મ્હારા જન્મારામાંય એમનાં દર્શન મ્હને થયાં ન હતાં. વર્ષો સુધી આફ્રિકામાંજ રહ્યા હતા અને આ તરફ ફરક્યા પણ ન હતા એટલે એમને જોવાને કે ઓળખવાનો પ્રસંગ ભાગ્યેજ આવે

એમ હતું. પણ એકાએક થોડા વખત પર એમના આવવાના મ્હને સમાચાર મળ્યા ત્યારે મ્હને જરા નવાઇ લાગી કે એમ એકદમ એ આ તરફ કેમ આવ્યા ?

આવીને તેઓ મુંબાઇ પાસે બોરીવલીમાં ઠરી ઠામ થયા હતા, અને ત્યાંજ થોડા વખતમાં સારી જેવી મિલકત ખરીદી લીધી હતી. એમને મળવા જવું કે નહિ તે વિચારમાં હું હતો એવામાં એમના તરફથી મ્હને એકલાને બોરીવલી બોલાવતો એમનો આમંત્રણ પત્ર મળ્યો. મ્હારા પહેલાં મ્હારા ત્રણે ભાઇઓને એમણે બોલાવ્યા હતા અને એકાદ દિવસ રાખી વિદાય કર્યા હતા.

એમનું આમંત્રણ મળવાથી મ્હને જરા ખોટું લાગ્યું કે જ્યારે એમને ખબર હતી કે મ્હારે બૈરાં છોકરાં હતાં ત્યારે મ્હને એકલા-નેજ બોલાવ્યો અને છોકરાંને પણ લાવવાને માટે એક અક્ષર સુદ્ધા ન લખ્યો એ ગેરવાજબી હતું, પણ એ રહ્યા મોટા માણસ અને એમના અતલગના વારસ અમારા સિવાય કોઇ નહિ હોવાથી કાંઇક ખાટી મીઠી આશાએ પણ મ્હારે ગયા સિવાય છૂટકો ન હતો એટલે બીજે દિવસે બોરીવલી જવા નીકળ્યો.

આફ્રિકામાં મોંબાસા અને તેની આજુબાજુના પ્રદેશમાં કાકાની ધીકતી પ્રેકટીસ ચાલતી હતી એમ મ્હેં સાંભળ્યું હતું અને તેઓ ખાસ કરીને પેથોલૉજી અને એનેટોમીના શોખીન હતા એમ મ્હને ખબર મળી હતી. મ્હારી દાક્તર તરિકેની કારકીર્દિમાં મ્હને પણ એ વિષયનો વધારે શોખ હતો એમ કહું તો જરાયે વધારે પડતું નથી.

કાકા અને કાકીએ મ્હને ઘણો સારો આવકાર આપ્યો અને ખબર અંતર પૂછી.

પછી અમારે ધંધાને લગતી વાત થઇ અને ધીરે ધીરે આત્મા અને તેની વાસનાઓ તથા આ જગત સાથેના તેઓના સંબંધની વાત પર અમે ઉતર્યા. કોણ જાણે કેમ પણ મ્હારી વાતમાં બેઉ જણને

રસ પડ્યો. એ વિષયમાં ખૂબ વાતો કર્યા પછી કાકી બ્હાર ગયાં.

થોડીક વારે કેટલોક વિચાર કર્યા પછી રાવબહાદુર મદનરાય—મ્હારા કાકાએ મ્હને કહ્યું: 'નવનીત! તારી સાથેની વાત પરથી મ્હને તારા જેવા માણસની જ જરૂર હતી.'

એ સાંભળીને મ્હને આનંદ થયો હોય એવો મ્હેં જવાબ આપ્યો.

'તારો આ વિષયોનો અભ્યાસ અને જ્ઞાન આપણને ઉપયોગી થઇ પડશે. તને એવી રીતે કોઇ આત્માનો સાક્ષાત્કાર થાય તો—'

'મ્હને થયો નથી પણ થાય તો આનંદ થાય.'

'ઠીક. અને ઉત્સાહથી એ વિષયમાં ભાગ લે ખરો?'

'જરૂર.'

નિશ્વાસ નાખીને એમણે કહ્યું: 'નવનીત! તારો જવાબ સાંભળી મ્હને સંતોષ થાય છે. એક વખત, એવો હતો કે જ્યારે મ્હને પણ તારા જેટલોજ એ બાબતમાં વિશ્વાસ હતો અને કોઇએ પૂછ્યું હોત તો તારી માફક જવાબ આપ્યો હોત પણ વખતના વહેવા સાથે મ્હારામાં એવી તો નબળાઇ આવતી જાય છે કે ન પૂછો વાત! કેટલાંક વર્ષો થયાં અમારી બેઉની જીંદગી એવી ખારી થઇ ગઇ છે કે એનો જલદી અંત આવે તો વધારે સારૂં. અમને એવા વિચિત્ર અનુભવો થયા કરે છે કે એને યોગે અમને કંટાળો આવી ગયો છે. એક દિવસ એવો નથી ગયો કે એ ત્રાસમાંથી અમે મુક્ત થયા હોઇએ.'

'પણ એવા કઇ જાતના વિચિત્ર અનુભવ થયે જાય છે?' મ્હેં પૂછ્યું.

'હું કહું તેના કરતાં એ બાબત તું જાતે અનુભવી શકે તો તારી વધારે ખાત્રી થશે. જ્યાં સુધી એ વાત જાતે ન અનુભવાય ત્યાં સુધી એ વિષયની સંપૂર્ણ ખાત્રી ન થાય એ સ્વાભાવિક છે એટલે એ અનુભવ મેળવવાનો તને યોગ આવે એવી ગોઠવણ કરીશું.'

'મ્હારે શું કરવાનું છે?'

'તે કહું છું. મ્હારી સાથે ચાલ તો–' એમ કહીને તેઓ મ્હને એક મોટા ઓરડામાં લઇ ગયા. એ એમની લેબોરેટરી હતી અને ત્યાં એને લગતાં અનેક હથિયારો તથા નમૂનાઓ પડ્યા હતા. એક બાજુ મોટી મોટી બરણીઓ હારોહાર ગોઠવેલી હતી અને તેમાં નવાઇ જેવી કેટલીક ચીજોના, ખાસ કરીને 'પેથોલૉજી' તથા 'એનેટૉમી' ને લગતી નવાઇઓના નમૂના હતા. તે તરફ ધ્યાન ખેંચીને રાવ બહાદુરે મ્હને કહ્યું:

'હજીએ મ્હારો આ નાદ નથી ગયો, પણ આ બરણીઓ તો બહુ થોડી છે. એનો મોટો ભાગ તો મ્હારા મકાનમાં એક વખત આગ લાગેલી તેમાં નાશ પામ્યો છે. બહુ જ થોડો સંગ્રહ તે વખતે બચવા પામ્યો હતો અને તેમાં પણ ઘણો જ થોડો ઉમેરો પાછળથી થયો છે. કમનસીબે આગ ન લાગી હોત તો હું હજાર દરજ્જે સુખી હોત. મ્હારા દુઃખનું કારણ એમાંથી જ ઉદ્ભવેલું છે એમ કહું તો ચાલે.'

મ્હેં એ બરણીઓ જોઈ અને તેમાંની નવાઈ જેવી વસ્તુઓ જોઇ મ્હને અજાયબી પણ ઉપજી,

એ ઓરડામાં એક પલંગ હતો અને તેના પર ગાદલું બીછાવેલું હતુ. એ તરફ જોઇને એમણે કહ્યુ: 'પહેલાં તો તને આવે ઠેકાણે સુવાડવાનો અમને જરા પણ વિચાર થયો ન હતો પણ જ્યારે વાત આટલે સુધી આવી છે અને તારી પણ એ દુઃખદ હકીકત જાણવાની ઇંતેજારી છે એટલે તને અહીં સુવાડવાની અને એ વાતનો અનુભવ કરાવવાની મ્હારી ઇચ્છા છે. તારો પાકો વિચાર હોય તો જ હા કહેજે નહિતર—'

'એમાં વિચાર કરવાનું છેજ નહિ. મ્હેં નિશ્ચય કર્યો છે.' મ્હેં જવાબ આપ્યો.

'હું જોડેના ખંડમાં જ સુવાનો છું એટલે જરૂર પડ્યે મ્હને

બોલાવજે. મ્હારી ઊંઘ બહુ ઓછી છે.'

'હું ધારૂં છું કે આપને હેરાન કરવા જેવો પ્રસંગ નહિ આવે.'

'બનવા જોગ છે પણ આખી રાત ભાગ્યે જ હું ઊંઘતો હોઇશ. મ્હારી ઊંઘ નહિ જેવી છે એટલે જરૂર જણાયે જરા પણ વાર કરીશ નહિ.

પછી અમે દીવાનખાનામાં ગયા અને ઘણો વખત આડી-તેડી વાતો કર્યા કરી.

મોડેથી મ્હને બતાવવામાં આવેલી પથારીમાં જઇને હું સુતો. એ ઓરડાની એક બારી ઉઘાડી હતી અને તેમાંથી ચંદ્ર-માનો પ્રકાશ પડતો હતો. એ ઓરડામાં એવી તો ઉગ્રવાસ આવતી હતી કે ત્યાં સુઇ રહેનારને સારી રીતે ઊંઘ કેમ આવતી હશે તે જ સવાલ હતો. ખાસ કરીને બરણીઓમાં ભરેલા 'સ્પીરીટ' ની વાસ વધારે પડતી હતી. પણ હમેશની એવા વાતાવરણમાં રહેવાની ટેવ પડવાથી રાવ બહાદુરને કાંઇ નહિ લાગતું હોય એ સંભવિત છે.

ક્યાં સુધીયે મ્હને ઊંઘ આવી નહિ, પણ બારેક વાગ્યે મ્હારી આંખો જરા ઘેરાવા માંડી, ઊંઘનું ઘેન ચડવા લાગ્યું.

એવી સ્થિતિમાં હું કેટલોક વખત પડી રહ્યો હઇશ તેની મ્હને કલ્પના નથી પણ એકાએક હું જાગ્યો અને બારીમાંથી પડતા પ્રકાશ તરફ મ્હારી નજર પડી. એક કાળો આકાર મ્હારા ઓરડામાં ફરતો હતો અને એક પછી એક બરણીઓ તપાસતો હતો. એ રાવ બહાદુરનો કોઇ નોકર હશે એમ પહેલાં મ્હેં ધાર્યું પણ એ એક પછી એક બરણીઓમાં જોતો ને ઢાંકણાં પછાડતો પછાડતો બધી બરણીઓ જોઇ મ્હારા તરફ ફર્યો. એણે સાહેબશાઇ પોષાક પહેર્યો હતો અને મોટો ઝભ્ભો જેમ તેમ વીંટાળી લીધો હતો. એની આંખો અંધારામાં પણ ઝગારા મારતી હતી, તે

મ્હારી પાસે આવ્યો અને મ્હારા તરફ જોઇ તેના હાથ ઉંચા કરી એકદમ લોપ થઇ ગયો.

ત્યારેજ મ્હને બધી વાત સ્હમજાઇ ! એને એકજ હાથ હતો. એનો જમણો હાથ કપાયેલો હતો અને તેનું ઠુંઠુંજ દેખાતું હતું. એ એકાએક અદ્દસ્ય થયો એ જોઇને મને રાવ બહાદુર કરતા હતા તે સઘળી વાત સ્હમજાઇ. હું આંખો ચોળીને બેઠો થયો અને મીણબત્તી સળગાવી તપાસ કરી. પણ આખા ઓરડામાં મ્હારા સિવાય બીજુ કાંઇજ ન હતું. ત્યારે એ ઠુંઠો માણસ આવ્યો શી રીતે ને ગયો શી રીતે ? એ આવ્યો એ વાત ચોક્કસ હતી. તેણે બધી બરણીઓ ઊઘાડી, મ્હારી પાસે આવ્યો અને ક્યાંનો ક્યાં અદ્દસ્ય થઇ ગયો ! ખરેખર ! મ્હારી જીંદગીમાં આ બનાવ પહેલીજ વાર બનેલો હતો અને એ જોવાની પણ મેં આશા રાખેલી ન હતી. એ આવ્યો ને ગયો તેના કરતાં, એના વિચાર કરતાં જ મ્હને ઘણી જ અજાયબી લાગવા માંડી, અને સારી રાત એમજ ગાળી.

સવારમા હું વહેલો ઊઠ્યો અને બહાર જોઉં તો મ્હારા કાકા મ્હારા કરતાં વહેલા ઊઠીને બાગમાં આંટા મારતા હતા. મ્હને જોઇને તે એકદમ મ્હારી પાસે આવ્યા અને પૂછ્યું: 'તેં એને જોયો ?'

'પેલો ઠુંઠો ?'

'હા.'

'જોયો તો ખરો.' મ્હેં જવાબ આપ્યો અને જે જોયું હતું. તે જણાવ્યું.

'એ એ રીતે રોજ આવે છે અને કાંઇ હજારો વખત બરાબર એજ મુજબ બરણીઓ તપાસી ગયો છે તથા મ્હને જગાડી જતો રહ્યો છે.'

'એ શું માગે છે ?'

'એનો હાથ.'

'એનો હાથ ?'

'હા. વાત એમ છે કે બોઅર લડાઇ પછી એનો કેસ મ્હારી પાસે આવેલો અને એનો હાથ સડી ગયો હોવાથી તે કાપી નાંખવો પડશે એમ મ્હેં એને જણાવેલું, એણે મ્હારી ફી પૂછી અને મશ્કરીમાં મ્હેં કહેલું કે એનો સડેલો હાથ ફી તરીકે હું રાખી લઇશ.

'એણે હા પાડી અને જણાવ્યું કે એના ધર્મ પ્રમાણે મરણ પામ્યા પછી શરીર અખંડ રહેવું જોઇએ. જો શરીર ખંડિત હોય તો આત્માને શાંતિ થતી નથી એટલે એના મરણ પછી એના આત્માને રહેવાનું મંદિર ખંડિત ન રહે તે ખાતર એનો હાથ તે વખતે એ લેવા આવશે, ત્યાં સુધી મ્હારે તે રાખી મૂકવો. એ વાતને ન માનતો હોય તેમ મ્હેં હસીને એને એમ કરવાની હા પાડી અને એનો હાથ મ્હેં કાપીને મ્હારા સંગ્રહસ્થાનમાં રાખ્યો.

'એને મટી ગયું અને એ ચાલ્યો ગયો. એ વાતને કેટલાંક વરસ વહી ગયાં.

'એવામાં મ્હારા મકાનમાં કમનસીબે આગ લાગી અને તેમાં મ્હારો ઘણો સંગ્રહ નાશ પામ્યો. પેલો હાથ પણ તે વખતે બળી ગયો.

'ચારેક વર્ષ પર એક રાતે કોઇ માણસ મ્હારા ઘરમાં દાખલ થઇને બરણીઓ તપાસતો હોય એવો મ્હને ભાસ થયો. થોડી વારે તે મ્હારી પાસે આવ્યો. મ્હને ઢંઢોળીને ઊઠાડ્યો, તથા નમીને મ્હારી પાસે હાથની માગણી કરી ત્યારે હું સમજ્યો કે પેલો હબસી મરણ પામ્યો હતો અને મ્હારા વચન મુજબ મ્હારી પાસે એનો હાથ લેવા આવ્યો હતો. પણ હાથ ન મળવાથી નમીને માગણી કરતો હતો. તે પછી દરરોજ વખતસર તે એ મુજબ આવ્યે જાય છે અને મ્હને હેરાન કર્યે જાય છે. આફ્રિકામાંથી નીકળ્યો ત્યારે સ્ટીમરમાં અને અહિંયાં પણ એકે રાત એવી નથી ગઇ કે જ્યારે તે આવ્યો ન હોય! પહેલાં તો મ્હેં કાંઇ ધ્યાન ન આપ્યું. પણ વખતના વહેવા સાથે એ મ્હને એટલું

બધું અસહ્ય થઇ પડયું છે કે એનો ત્રાસ વેઠવા કરતાં અંત આવે તો સારૂં. અમને બેઉ જણને એનો ત્રાસ હવે ભયંકર લાગતો જાય છે અને કોણ જાણે કયારે એના પંજામાંથી છૂટીશું તે સમજાતું નથી.'

એ વાત સાંભળ્યા પછી મ્હેં એ વિષયમાં કાંઇક વાંચેલું તે જોઇ જવાનો મને વિચાર આવ્યો.

ચહા પાણી કર્યા પછી મ્હેં મ્હારો મુંબાઇ જઇ આવવાનો વિચાર કાકાશ્રીને જણાવ્યો.

'કેમ ! કંટાળી ગયો ?'

'નાજી. પાછો આજે એને ફરી મળવા માગું છું. સાંજના આવીશ.'

'ઠીક.'

થોડીવારે નીકળ્યો અને પીટીટ લાયબ્રેરીમાં જઇને જે પુસ્તકમાં મ્હેં આ વિષયને લગતું વાંચ્યું હતું તે કાઢીને જોવા માંડયું. તેમાં નીચે મુજબ લખાણ હતું.

'કેટલાક માણસોની મરતી વખતે કાંઇ વાસના રહી જવાથી તેઓને પ્રેત યોનિમાં જવું પડે છે અને ત્યાં રહીને તેઓ આ લોક સાથે સંબંધ રાખી શકે છે. તેમની યાચનાઓ પુરી કરવામાં આવે અથવા કાંઇક ઘટતું કામ કરવામાં આવે તો તેમની ત્યાંથી મુક્તિ થાય છે.'

'કાંઇક ઘટતું કામ કરવામાં આવે' એ શબ્દો મ્હારી સ્મૃતિમાં હતા અને તે જોવા ખાતર જ એ પુસ્તક મ્હેં વાંચવા લીધું હતું. પણ આ બાબતમાં મરનારની વાસના પુરી થઇ શકે એમ ન હતું. એને લાગતું કાંઇક ઘટતું કામ કરી શકાય એમ હતું. એનો પોતાનો હાથ નાશ પામ્યો હોવાથી આપી શકાય એમ ન હતો પણ કોઇ બીજા માણસનો હાથ આપવામાં આવે તો ચાલી શકે એમ મ્હેં અનુમાન કર્યું. મ્હારો મિત્ર લાલજી

ગ્રાન્ટ મેડીકલ કૉલેજમાં પ્રોફેસર હતો અને તે જો આ બાબતમાં મદદ કરે તો ફાવી શકાય એમ હતું. એને હું મળ્યો અને મ્હારે કોઇ હસબી કે ભીલનો હાથ જોઇતો હતો એમ જણાવ્યું. એણે મ્હને કારણ પૂછ્યું પણ તે કહેવાના મ્હેં અખાડા કર્યા.

નસીબ જોગે એ દિવસે એક જણ મોટર નીચે આવવાથી મરી ગરી ગયેલો હતો અને તેના હાથ મને કામ આવે એમ હતા. તેમાંથી એક હાથ કાગળમાં લપેટીને આપવાની મ્હારી વિનંતિનો તરતજ સ્વીકાર થયો અને પ્રો. લાલજીએ સારી રીતે બંધાવી તે મ્હને આપ્યો.

એ હાથ લઇ જઇને મ્હેં એક બરણીમાં સારી રીતે રાખ્યો અને મ્હારા વિચારો વિષે કાકાશ્રીને વાત કરી. તેઓને મ્હારા વિચારથી જરા નવાઇ લાગી પણ મ્હેં સમજાવ્યાથી તેમણે કાંઇ વાંધો લીધો નહિ.

તે રાત્રે આગલા દિવસની માફક હું તેજ ઓરડામાં સુઇ ગયો અને રાતના એક વાગવાની આતુરતાથી રાહ જોવા લાગ્યો.

હમેશના રિવાજ મુજબ એક વાગ્યે હબસીની સ્વારી આવી અને એક પછી એક બરણીઓ તપાસવા માંડી. હાથવાળી બરણી જોઇને એના મોંઢા પર આનંદ છવાયો હોય એમ લાગ્યું અને એ ઉઘાડીને તરતજ તેણે હાથ બહાર કાઢ્યો. એ જોતાં વાર એનો મિજાજ જતો રહ્યો અને એણે ધડ દઇને હાથ મ્હારા તરફ ફેંક્યો. બરણીને એની ઠોકર લાગવાથી તે ફૂટી ગઇ હતી અને એ હદ બહાર ગુસ્સે થઇને મ્હારા તરફ જોઇ રહ્યો હતો. થોડી વારે એ અદૃશ્ય થઇ ગયો.

બરણી પડવાનો અવાજ સાંભળીને કાકાશ્રી એકદમ આવી લાગ્યા અને શું થયું તે મને પૂછવા લાગ્યા. મેં બધી વાત એમને કહી. પેલી બરણી ફૂટી ગઇ હતી અને ચારે બાજુએ સ્પીરીટ ઢોળાઇ જવાથી ઉગ્ર વાસ આવતી હતી. પેલો હાથ

એક બાજુ પડ્યો હતો. એ બધુ રમણુ ભમણુ જોઇને એના આવવાની દાર્શનીક પૂરાવા સાથે ખાત્રી થતી હતી અને એ ગુસ્સે થયો હતો તે પણ સ્હમજાતું હતું.

એ સાંભળી તથા જોઇને કાકાશ્રીએ મ્હને ઠપકો આપ્યો અને એ હવે એમને સંતાપશે એમ કહ્યું.

એવામાં મ્હને એક વિચાર આવ્યો અને મ્હેં પેલો હાથ જોયો. તે ડાબો હતો. એના ગુસ્સાનું કારણ મ્હને સ્હમજાયું અને મ્હેં કાકાશ્રીને કહ્યું, તેમને પણ તે ખરૂં લાગ્યું.

બીજે દિવસે સવારના જ હું પાછો પ્રો. લાલજીને મળ્યો. સદ્‌ભાગ્યે બીજો હાથ પણ અનામત હતો. કોઇ વિદ્યાર્થીને તે આપવામાં આવ્યો ન હતો એટલે તેમનો ઉપકાર માની તેની મ્હેં માગણી કરી અને તે સ્વીકારાઇ.

એ લઇને બીજી નવી બરણી મ્હેં તૈયાર કરી અને રાત પડવાની રાહ જોવા માંડી.

કાકાશ્રીની એ ઓરડામાં સુવાની હિંમત જ ચાલી નહિ, કારણ કે ગઇ કાલની વાતપરથી એ તો ખૂબ જ ડરી ગયા હતા.

રાબેતા મુજબ એ ભાઇસાહેબની સ્વારી રાતના એક વાગ્યે ગુસ્સામાં ને ગુસ્સામાં પધારી. એનો મિજાજ ગયો હતો. એ ઢાંકણાં પછાડતો પછાડતો આગળ આવ્યો. હાથની બરણી જોઇને આજે એને આનંદ ન થયો. એ એણે ઉઘાડી અને હાથને બહાર કાઢીને જોયો અને એનો ગુસ્સો શમી ગયો. એ એકદમ આનંદમાં આવી ગયો અને મ્હારા તરફ ફર્યો. પછી એકદમ ઢીંચણીએ પડ્યો અને ઝુકી ઝુકીને મ્હને નમન કર્યું. છેલ્લે એણે એના બેઉ હાથ—ખરેખર! એનો બીજો હાથ આ વખતે ઠુંઠો ન હતો—એણે ઉંચક્યા અને એકદમ એ જ સ્થિતિમાં અદૃશ્ય થઇ ગયો.

એ વાત મ્હેં કાકાશ્રીને કહી અને એમની છાતીપરથી હજારો મણનો બોજો દૂર થઇ ગયો! બીજી રાત્રે અમને કોઇને

એનાં દર્શન થયાં નહિ કારણ કે એને જે જોઇતું હતું તે મળી ગયું હતું એટલે એ શાનો આવે?

કાકાશ્રીએ મ્હારો ઘણો ઘણો આભાર માન્યો અને એમની મિલ્કતનો વારસ નીમ્યો.

તે પછી અમે વર્ષો સુધી સાથે રહ્યા અને એમની જીંદગીના છેલ્લા દિવસો ખૂબ મઝામાં ગયા. તેઓ જ્યારે મરણ પામ્યા ત્યારે અનર્ગળ દોલતનો હું માલિક થયો. ખરેખર! નસીબ એ કોઇ અજબ વસ્તુ છે!

☆

રેતીમાં પગલાં

રામપુરનો રમણિય દરિયા કિનારો હવા ખાવાના સ્થાન તરિકે સારાયે ગુજરાતમાં પ્રખ્યાત છે. ઉનાળાના દિવસોમાં લોકોનાં ટોળેટોળાં ત્યાં હવા ખાવા આવતાં અને ગામની વસ્તી બમણી ત્રમણી થઇ જતી. ઉનાળો ગયો કે વસ્તીમાં ઓટ આવતો. એક પછી એક લોકો ચાલ્યા જતા અને એ નાનું સરખું સુખવાસી ગામડું એની અસલ સ્થિતિમાં જ આવી જતું. એની આ પ્રખ્યાતિથી એનાં મકાનોમાં સારો જેવો ઉમેરો થતો જતો હતો. કેટલાક મનમોહક બંગલાઓ, વાડી બાગચાઓ એની શોભામાં વૃદ્ધિ કરતા હતા અને ઉપયોગિતામાં ઉમેરો કરતા હતા.

મ્હારા સદ્ધર અસીલ સર ધનમોહનદાસે એક સુંદર બંગલો અહીં બંધાવ્યો હતો. એમનો દીકરો મહેન્દ્રપ્રસાદ માંદો હોવાથી મ્હારે અહીં આવવું પડયું હતું. મ્હારા આવ્યા પછી મહેન્દ્રપ્રસાદની

તબિયત સુધરી ગઈ હતી એટલે ખરી રીતે મ્હારે કામ જેવું કૈં જ ન હતું, છતાં સર સાહેબના આગ્રહને માન આપીને મ્હારે રહ્યા સિવાય છૂટકો ન હતો.

મ્હને એમણે એક સુંદર કૉટેજ આપ્યું હતું અને એકંદર રીતે મ્હને ઠીક ગોઠી ગયું હતું એમ કહું તો ચાલે. એવામાં મ્હારા સ્નેહી જયંતનો મ્હને પત્ર મળ્યો કે તે બે ચાર દિવસ માટે અહીં આવવા માગે છે. એ મળતાં જ મ્હારા આનંદનો પાર ન રહ્યો. અમે બન્ને જૂના મિત્રો હતા અને બેઉના કામ ધંધા જુદા જુદા હોવાને લીધે આ રીતે મળવાનો લાભ કોઈ કોઈ વાર મળતો. મ્હેં જવાબ આપ્યો અને એ તરત જ રામપુર આવી લાગ્યો.

એ આવ્યો તે દિવસે સાંજે અમે દરિયાકિનારે ફરવા ગયા. આ દિવસોમાં એ સ્થાન શાન્ત, એકાન્ત અને નિર્જન હોય છે. છતાં અમારા જેવા કોઈક એની મુલાકાત લેનાર મળી આવે છે.

'હવે તારા દરદીને કેમ છે?' જયંતે પૂછ્યું.

'મંદવાડ બિલકુલે ય નથી. માત્ર નબળાઈ છે, અને તે ધીરે ધીરે મટી જશે.' મ્હેં જવાબ આપ્યો.

'તો તો પછી તને મઝા પડતી લાગે છે.'

'હાસ્તો.'

એવામાં અમે કિનારાની નજીક આવી લાગ્યા. દરિયાનાં પાણીથી ઘણે લાંબે સુધીના વિસ્તારમાં રેતીનું વિશાળ મેદાન હતું અને એક બાજુ ટેકરાઓ શરૂ થઈને જરાક ઉંચાઈ પર ગામ આવ્યું હતું. એ ટેકરાઓની વચ્ચે ગાડાવાટ હતી અને એ રસ્તે મુખ્યત્વે લોકોનો અવરજવર હતો.

ટેકરાઓ વટાવી, અમે આડા માર્ગે દરિયા તરફ જવા લાગ્યા. થોડીવારે અમે પાણી લગોલગ પહોંચ્યા.

'કેટલી વિશાળ જગ્યા છે!' જયંતે કહ્યું. 'ચારે તરફ

નિરવ શાંતિ પથરાઇ રહી છે અને કુદરત પોતાનું ભવ્ય સંગીત રેલી રહી છે. લાંબા વખત સુધી આ રેતી એમની એમ કોઇના પગતળે દબાયા સિવાય પડી રહે છે અને એ બતાવી આપે છે કે અહીં આવનારની સંખ્યા આ દિવસોમાં આંગળીના વેઢાપર ગણાય એટલી પણ નથી. દાખલા તરીકે છેલ્લા દસ દિવસોમાં આપણા સિવાય માત્ર બેજ જણા આ ઠેકાણે વટાયા છે.'

'છેલ્લા આઠ દસ દિવસોમાં' એમ તું શા પરથી કહે છે?' મેં પૂછ્યું.

'કારણ કે એ પુરવાર કરવા માટે રેતીમાંનાં પગલાં સિવાય બીજા કશાની જરૂર નથી. હમણાં વદી પાંચમ–છઠ હશે, એટલે ભરતી ઓછી થતી જાય છે અને દિવસે દિવસે દરિયાનાં પાણી પાછાં ફરે છે. આમ થાય એટલે જ્યાં સુધી પાણી આવ્યું હોય ત્યાં સુધી બીજે દિવસે ન આવે. દરરોજનાં એવી રીતે રેતીપર એંધાણ રહે પડી છે. એવા એંધાણમાં માત્ર બે જ જાતનાં પગલાં દેખાય છે અને તે અઠવાડિયા પછી વધારે ભરતી આવશે ત્યારે ભુંસાઇ જશે.'

'બરાબર છે. આ ખુલાસા પછી બધું બરાબર સમજાય છે. ખરેખર ! એ પણ નવાઇ જેવું ખરું કે આટલા દહાડા સુધી કોઇ આવ્યું નહિ ને આવ્યું ત્યારે એક પછી એક ચાર જણ આવ્યા !'

'એમ શા ઉપરથી કહે છે ?'

'આ બેઉ જણાનાં પગલાં પણ તાજાં જ છે એટલે.' મેં જવાબ આપ્યો.

'એ વાત ખરી, પણ બેઉ જણ એક સાથે વટાયા નથી. એ બન્ને વચ્ચે કેટલા વખતનું અંતર હશે તે યોગ્ય રીતે કહી શકાય તેમ નથી. છતાં પગલાં એટલાં સ્પષ્ટ છે કે એ પરથી એમ અનુમાન કરી શકાય કે આ માછીમાર બહુબહુ તો ત્રણેક કલાક ઉપર અથવા ઓછામાં ઓછા એક કલાક પહેલાં પસાર થયો લાગે છે. અને આ બીજો માણસ—જે એકાદ વહાણમાંથી

કૈં લેવા બહાર ગયો છે તે—પોતાની સાથે પુષ્કળ વજનદાર વસ્તુ લઇને ઓછામાં ઓછા ચાર કલાક—એથી વધારે પણ ઓછા તો નહિ જ—અગાઉ પાછો ફર્યો છે.'

એ સાંભળીને મ્હેં મ્હારા મિત્રના ચહેરા તરફ જોયું એટલે એણે ઉમેર્યું:

'એમાં નવાઇ પામવાની જરૂર નથી, નટવર! એ બાબતનો મ્હેં પુરતો અભ્યાસ કર્યો છે. એ પરથી કહી શકું છું કે આ પગલાં ધ્યાન દેવા જોગ છે. ખાસ કરીને આ બીજી જાતનાં પગલાં ઘણાં ઉપયોગી છે. એનાં જતી વખતનાં પગલાં કરતાં આવતી વખતનાં પગલાં ઘણાંજ ઊંડાં છે અને બેઉની વચ્ચેનું છેટું પણ બહુજ ઓછું છે. એ બતાવી આપે છે કે પાછા ફરતી વખતે એ પોતાની સાથે કાંઇ ઘણીજ ભારે ચીજ લઇ જતો હતો. એ ઉપરાંત એનાં ચાપાંની છાપ પરથી જણાય છે કે એ વાંકો વળીને ચાલતો હતો અને જે ભારે ચીજ એ લઇ જતો હતો તે એણે પોતાની પીઠપર નાંખી હતી. એ તો સ્હમજાય છે ને?'

'ઘણી સારી રીતે.'

અમે આમ વાત કરતા હતા એટલામાં દૂરની ટેકરી પરથી કૈં અવાજ આવતો લાગ્યો અને અમે ધ્યાને દઇને જોયું તો એક માછીમાર, ગામના દાક્તર દેસાઇ, ફરદુનજી ફોજદાર અને સ્ટ્રેચર લઇને આવતા બે પોલિસના સિપાઇઓ અમારી નજરે પડ્યા. પેલો માછી સૌથી આગળ ચાલતો હતો. એ બધાને કૈંક લઇ જતા હોય એમ લાગતું હતું.

'આ લોકોના જમેલા પરથી તું શું અનુમાન કરે છે?' જયંતે પૂછ્યું.

'બીજું શું? ટેકરી પરથી કોઇ પડી ગયું હશે.' મ્હેં કહ્યું: 'અથવા કોઇનું મડદું દરિયા કિનારે તણાઇ આવ્યું હશે.'

'બનવા જોગ છે. ચાલને, આપણે પણ એ તરફ જઇએ.'

અમે પણ એ દિશામાં ચાલવા લાગ્યા. આગળ ચાલતાં જયંતે ફરીથી એજ વિષય મ્હને સમજાવવા માંડયો:

'માણસનાં પગલાં પરાપૂર્વથી ઘણાંજ ઉપયોગી ગણાતાં આવ્યાં છે અને એ વિષયનો અભ્યાસ કરનારા પગી લોકો પગેરૂં કાઢવામાં ઘણા જ હોંશિયાર હોય છે એમ જૂના વખતથી મનાતુ આવ્યું છે. પગલાંનો પુરાવો દાર્શનિક અને સચોટ હોય છે. પગલાંનું શાસ્ત્ર કોઇએ રચ્યું નથી એ જરા નવાઇ જેવું છે; પણ એ વિષયનો અભ્યાસ રસિક અને જ્ઞાનપ્રદ છે. એના પુરતા અનુભવપરથી કહી શકાય કે પગલું કોનું છે? વય, ગુણ, જાતિ, સ્થિતિ, ધંધો વગેરે વિગતો પગલાંપરથી મળી આવે છે કારણ કે એ સર્વેની એના પર અસર થાય છે. સરખી ઊંચાઇના એક જુવાન તેમજ વૃદ્ધ માણસનાં પગલાંમાં ફેર પડે એ તો દેખીતું છે. તેજ રીતે એક તંદુરસ્ત માણસ અને રોગગ્રસ્ત દરદીનાં પગલાં પણ ઓળખાઇ આવે. એ તો સમજાવવું ન જ પડે.'

'બરાબર છે. એ ભેદ પરખાય એવો ખરો.' મ્હેં કહ્યું.

'એ તો આપણે સામાન્ય જ્ઞાનની વાત કરી. પરંતુ એનો પદાર્થપાઠમાં કેટલો ઉપયોગ થાય છે તે હવે જોઇએ.' એમ કહીને એણે મ્હને ભરતીની નિશાનીમાંથી આગળ આવતાં અને થોડો ચકરાવો લઇ પાછાં એમાં જ અદૃશ્ય થઇ જતાં પગલાં બતાવ્યાં. 'આમાં કૈં નવાઇ જેવું લાગે છે?' એણે પૂછ્યું.

'એ આપણાં પગલાં કરતાં ઘણાં જ ઊંડાં પડેલાં છે.' મ્હેં જવાબ આપ્યો.

'બરાબર. એના બૂટ પણ આપણાજ માપના છે, છતાં એક પગલાં વચ્ચેનું અંતર ઘણુંજ ઓછું છે. એકદમ ધ્યાન ખેંચે એટલું ઓછું છે, સમજ પડીને? હવે એક અનુભવની વાત કહું. સામાન્ય નિયમ એવો છે કે માણસનાં પગલાંની લંબાઇ વચ્ચે અને પગની ઊંચાઇ વચ્ચે તેમજ શરીરની ઊંચાઇ વચ્ચે પરસ્પર સંબંધ છે. તે

જ મુજબ માણસોના શારીરિક બંધારણને અને એ પગલાં વચ્ચેના અંતરને પરસ્પર સંબંધ છે. એક મોટું પગલું એટલે એક ઊંચો માણસ અને એ પગલાં વચ્ચેનું લાંબુ અંતર. સમજાયું ને? હવે આપણે અહીં શું જોઈએ છીએ? આ પગલાં મોટાં છે પણ એ પગલાં વચ્ચેનું અંતર ઘણું જ ઓછું–ધ્યાન ખેંચે એટલું ઓછું છે. એ શું બતાવે છે? એના પરથી તું શું અનુમાન કરે છે?'

'એ આપણા જેટલો ઊંચો પણ આપણા કરતાં ભારે વજનદાર માણસ હોવો જોઈએ.' મ્હેં સૂચના કરી.

'બરાબર છે.' જયંતે કહ્યું: 'એજ એનો ખુલાસો હોઈ શકે. શરીરપર ખોટી ચરબી એ વધારાનુંજ વજન છે. એટલે આપણે એ અનુમાન કરી શકીએ કે એ માણસ સાડાપાંચ ફુટ ઊંચો હશે અને એનું શરીર ચરબીને લીધે ઘણું વજનદાર થઈ ગયું હશે.'

અમારી આગળ દેખાતા પેલા માણસો એક ટેકરી પાછળ વળાંક લેવાથી અદૃશ્ય થઈ ગયા હતા. અમે આગળ ચાલ્યા એટલે અમારી નજર એમના પર પડી. તેઓ એક જગ્યાએ ઊભા રહ્યા હતા અને ડૉ. દેસાઈ નીચા નમીને કૈંક તપાસતા હતા.

'આપણું અનુમાન ખોટું લાગે છે.' જયંતે કહ્યું: 'એ માણસ ટેકરીપરથી પડ્યો લાગતો નથી તેમજ દરિયામાંથી તણાઈ આવ્યો પણ નથી. એ ભરતીની લાઈન કરતાં ઘણે દૂર પડેલો દેખાય છે. આપણે પેલાં છેલ્લાં પગલાં જોયાં તે ઘણુંખરું એનાં હોવાં જોઈએ.'

અમે જેવા નજીક ગયા તેવાજ ફરદુનજી ફોજદાર અમારી પાસે આવ્યા ને બોલ્યાઃ

'હમણાં તમે આ તરફ ન આવો તો સારું. અહીં આગળ કોઈનું ખૂન થયું છે અને આજુબાજુ ઘણાંજ પગલાં પડ્યાં છે. એટલે તેની તપાસ થાય તે પહેલાં કોઈ ખુંદી ન નાખે તો સારું.'

એમની સૂચનાને માન આપીને અમે પેલા સિપાઈઓ જ્યાં ઊભા હતા ત્યાં આગળ જઈને ઊભા રહ્યા અને આ અકસ્માતનો ભોગ થઈ ગયેલા માણસ તરફ જોવા લાગ્યા. એ અમે ધાર્યું હતું તેટલો ઊંચો હતો પણ એનું શરીર ઘણું જ પાતળું હતું. એની ઉંમર આશરે પાંત્રીસેક વર્ષની હશે.

'આ તો ખૂનનો જ કેસ છે.' ડૉ. દેસાઈએ ઊભા થતાં કહ્યું: 'હૃદયના પડખામાં છરાનો મોટો ઘા છે એને લીધે એ તરત જ મરણ પામ્યો હોવો જોઈએ.'

'કેટલો વખત થયા એ મરણ પામ્યો હોવો જોઈએ?' ફોજદારે પૂછ્યું.

'ઓછામાં ઓછા બાર કલાક' ડૉક્ટરે જવાબ આપ્યો: 'એનું શરીર સાવ ઠરી ગયું છે.

'તો તો પછી એ આજે સવારે છ વાગે મરી ગયો હોવો જોઈએ.'

'એ ખાત્રીથી ન કહી શકાય.' ડૉક્ટરે ઉમેર્યું: 'મ્હારું કહેવું એવું છે કે એ ઓછામાં ઓછા બાર કલાક પહેલાં મરી ગયો છે એટલે એથી ઘણો વધારે વખત પણ હોઈ શકે. સમજ્યા ને?'

'એમ! ઠીક, એ પોતાના ખૂની સાથે સારી રીતે આથડ્યો લાગે છે. ચારે બાજુ પુષ્કળ બાઝંબાઝા થઈ છે એ જણાવવાને આ બધાં પગલાં પુરતાં છે. એનાપર હુમલો કરનાર એકજ જણ લાગે છે. મરનાર સિવાય એકજ માણસનાં પગલાં આમતેમ પડ્યાં લાગે છે, એટલે એ ઉપરથી એટલું જ શોધી કાઢવાનું રહે છે કે એ કોણ છે. એણે જે જાતના બૂટ પહેર્યા છે અને જે નિશાન રેતીમાં પડ્યાં છે તે જોતાં એને શોધી કાઢવામાં ઝાઝી મુશ્કેલી પડે એમ જણાતું નથી.'

'ખરી વાત છે.' ડૉક્ટરે જવાબ આપ્યો: 'આ પગલાં તરત જ ઓળખી શકાય એવાં છે.'

'આવી રીતે ખીલાની ભાત પાડીને બૂટ પહેરનાર ઓળખાઈ આવ્યા વિના રહેજ નહિ. જુઓને દરેક ઠેકાણે કેવી સરસ ભાત ઊઠેલી છે! દરેક પગલામાં કક્કડ સાથિયા પડ્યા છે.'

એ બેઉ જણ વચ્ચેની વાતચીત અમે સાંભળતા હતા અને એ શું કરે છે તે ધ્યાન દઈને જોતા હતા. ફરહુનજીએ પોતાની ડાયરી કાઢીને તેમાં પગલાંનું માપ. તેના પરના ખીલાનાં નિશાન, આજુબાજુનાં પગલાંનાં એંધાણ વગેરેની નોંધ કરી અને ચારે બાજુની પરિસ્થિતિનો નકશો દોરી તેમાં જોઈતી વિગતો ઉતારી.

'એક વાત તો ચોક્કસ છે' એણે ઉમેર્યું: 'કે એ બનાવ શી રીતે બન્યો. ખૂનીએ પોતાના મન સાથે આ કામ કરવાનું નક્કી કર્યું હશે અને એ વિચાર કરીને તે અહીં આવ્યો હશે. પેલી ટેકરી આગળ ઊભો ઊભો એ મરનારના આવવાની રાહ જોતો હતો અને જેવો તે પાસે આવ્યો તેવો જ એ તેના ઉપર તૂટી પડ્યો. બેઉ વચ્ચે જબરી બાથંબાથા થઈ અને છેવટે એણે છરો મારીને તેને મારી નાંખ્યો. પોતાનું કામ પતાવીને એ પેલી ટેકરીને રસ્તે પાછો ચાલ્યો ગયો.'

'તો પછી એ રસ્તે તપાસ કરો તો એ ક્યાં ગયો છે તે જાણી શકાય ખરું.' ડૉક્ટર દેસાઈએ સૂચના કરી.

'વખતે ન પણ જણાય, કારણ કે એ ટેકરીની જગ્યા કઠણ છે. એટલે એના પગનાં નિશાન પડ્યાં યે ન હોય. છતાં એ બાબત હું ધ્યાન દઈને તપાસ કરીશ જ.'

અહીંની તપાસ પુરી થઈ એટલે શબને સ્ટ્રેચર પર નાંખીને પોલિસના સિપાઈઓએ ઉચક્યું. તેની પાછળ ડૉક્ટર દેસાઈ અને પેલો માછી પણ ગયા. ફરહુનજી ફોજદાર અમને 'તસ્દી માફ કરજો સાહેબો!' કહી. સલામ કરીને ટેકરી તરફ ગયો. એનો વિચાર ત્યાં તપાસ કરવાનો હતો.

'ઘણો ચાલાક અને મિલનસાર અમલદાર લાગે છે!' એ

લોકો ગયા પછી જયંતે કહ્યું: 'એણે એની ડાયરીમાં શું નોંધ્યું તે જોવું જોઈએ.'

'એની ખૂન સંબંધી તપાસ તથા નોંધ કાળજી ભરી છે.' મ્હેં કહ્યું.

'ઘણી જ. એણે મુખ્યત્વે દાર્શનિક પુરાવા નોંધ્યા છે. તેમજ પ્રથમ દૃષ્ટિએ જે જણાયું છે તે ટપકાવી લીધું છે. પણ નટવર! આ કેસમાં ઘણું જ અસાધારણ તત્ત્વ છે અને એ તરફ મ્હારૂં ધ્યાન ખેંચાયું છે એટલે મ્હારો વિચાર એ બાબત તપાસ કરવાનો થાય છે.'

એમ કહીને એ જ્યાં આગળ પેલું શબ પડ્યું હતું ત્યાં ગયો અને બારીક નિરીક્ષણ કરવા લાગ્યો. પોતાની નોટબુક કાઢી અને કેંક નોંધ કરી. ચારે બાજુનો નકશો દોર્યો. તેમજ પગલાનાં નિશાન પણ ચિતર્યાં. મરનારનાં અમે જ્યાં જ્યાં જે રીતનાં પગલાં જોયાં હતાં તે અને ટેકરી પરથી આવતાં અને જતાં ખૂનીનાં પગલાં પણ એણે રીતસર દોર્યાં. સૌથી પહેલાં જે પગલાં અમે જોયાં હતાં તે પણ દર્શાવ્યાં. એ બધામાંથી પરવાર્યા પછી એણે કહ્યું: 'આપણે પણ પેલી ટેકરી પર જઈને જોઈએ તો ખરા કે ખૂની કઈ તરફ ગયો છે? એ કે કાળમીંઢ પત્થર નથી. સાધારણ રીતે કઠણ જગ્યા છે પણ કોઈક ઠેકાણે તો કેંક નિશાની હશે ખરીને!'

અમે બેઉ જણ ટેકરી પર ગયા. ફરહુનજીનાં નાનાં પગલાં જણાતાં હતાં, પણ ખૂનીનું એકકે પગલું અમારી નજરે ન પડ્યું. થોડે દૂર ફરહુનજી અમારી નજરે પડ્યો.

'એનો તો કૈં પત્તોજ લાગતો નથી.' એણે જયંતને કહ્યું: 'મ્હેં ધાર્યું હતું કે આટલો બધો પવન ફુંકાય છે તે અહીં એનાં પગલાંનો પત્તો નહિ લાગે અને થયું પણ એમજ! મ્હારે હવે તદ્દન જુદીજ રીતે તપાસ કરવી પડશે. રામપુર કૈં મોટું ગામ નથી. એટલે એ જાતના બુટ પહેરનાર ઓળખાયા વગર નહિ જ રહે!'

'મરનાર—એનું નામ શું કહ્યું?—હીરજીભાઇ?—એ અહીંનોજ વતની હતો?' જયંતે પૂછ્યું.

'ના રે ના, સાહેબ!' એણે જવાબ આપ્યો: 'એ પણ અહીં લહેર કરવા આવેલો લાગે છે. વીસેક દિવસથી એ અહીં આવ્યો હતો. નાના ગામમાં એ સુખ કે કોણ આવ્યું છે ને કેમ આવ્યું છે તે છાનું ન રહે.'

'એ કેમ આવેલો?' જયંતે પૂછ્યું.

'મઝા મારવા. બીજું શું? એના ઓળખીતા ડાહ્યાભાઇ કરીને એક જણ અહિંયાં રહે છે તેમને ત્યાં એ પડ્યો ને પાથર્યો રહેતો હતો. હવે હું ડાહ્યાભાઇ પાસે જ જાઉં છું અને એની જુબાની લઉં છું.'

અમે સાથે સાથે ગામ તરફ આવવા લાગ્યા. અમે થોડા આગળ વધ્યા હઇશું ત્યાં તો અમારું ધ્યાન એક જણ ખેતરમાં થઇને દોડતો આવતો હતો તેના તરફ ખેંચાયું.

'લ્યો. આ ડાહ્યાભાઇ જ દોડતા આવે છે.' ફોજદારે કહ્યું. 'એને પણ આ સમાચાર મળ્યા લાગે છે.'

અમે બેઉ જણ શી વાતચીત થાય છે તે સાંભળતા ઊભા. ડાહ્યાભાઇ ઘણો જ ગભરાયલો લાગતો હતો. એની ઉંમર ચાળીસેક વર્ષની હશે.

'એ વાત ખરી છે સાહેબ!' એણે ફરદુનજીને પૂછ્યું 'કે હીરજીભાઇ મરી ગયા? ગામમાં વાત ચાલે છે કે એનું શબ ખાડી આગળ પડ્યું છે.'

'બરાબર છે. એમાં જરા પણ ખોટું નથી, ડાહ્યાભાઇ! કમનસીબની વાત તો એ છે કે એ મરી નથી ગયા પણ એમનું ખૂન કરવામાં આવ્યું છે.'

'અરે ભલા ભગવાન! એ શી વાત કરો છો! ખૂન થયું! હીરજીભાઇનું ખૂન થયું! એ શી રીતે બન્યું સાહેબ! ખૂનીનો કૈં

પત્તો છે ખરો ?'

એનો ચહેરો સફેદ પુણી જેવો થઇ ગયો હતો.

'એ કેમ કહી શકાય ? ખૂની બાબત તપાસ કરવા હું તમારી પાસે આવતો હતો.'

'મ્હારી પાસે ?' એણે ચમકીને પૂછ્યું: 'મ્હારી પાસે શા સારૂ ?'

'હીરજીભાઇ તમારા મિત્ર હતા, તમારે ત્યાં આવતા હતા અને તમે એકલાજ એમને ઓળખો છો એટલે એમની હકીકત મેળવવા. કેમકે થોડું ઘણું તમે કહો તે પરથી બાકીનું શોધી કાઢવામાં અમને સરળતા થશે.'

એ સાંભળીને ડાહ્યાભાઇનો ચહેરો વધુ ફીક્કો પડી ગયો.

'હું નથી ધારતો કે આપને મ્હારા તરફથી કંઇ વધુ વિગતો મળે. આ બનાવે મ્હને એવો ગભરાવી મૂક્યો છે કે મ્હારા ચિત્તની સ્વસ્થતા જરાએ નથી.'

'હરકત નહિ, તમને જે ખબર હોય તે કહેજો ને.'

'બહુ સારૂ, હવે તમે કાલે બપોરે ફુરસદે આવજોને. મ્હને જે કૈં ખબર હશે તે જરૂર કહીશ.'

'આજ સાંજે આવું તો—'

'આજે નહિ. હું એટલો બધો અસ્વસ્થ થઇ ગયો છું.'

'પણ જુઓને ડાહ્યાભાઇ! આવા કામમાં જેટલું વહેલું થાય તેટલું સારૂં, એટલે સાંજ પર રાખો તો ઠીક. આ તળાવ તો કલંક-રૂપ છે. એને હવે પુરાવી નાખવું જોઇએ. એની શી જરૂર છે ?'

રસ્તામાંજ એક તળાવ આવતું હતું અને તે ઘણુંખરૂં પુરાતું આવ્યું હતું છતાં હજી થોડો ઘણો ભાગ પુરાવો બાકી હતો. તેમાં થઇને રસ્તો જતો હતો એટલે થોડી જગ્યા કાદવવાળી હતી. ત્યાં આવ્યા એટલે ફરદુનજીએ બૂટ બગડવાની ધાસ્તીથી કંટાળીને છેલ્લું વાક્ય ઉચ્ચાર્યું હતું. અમારી બધાની આગળ ડાહ્યાભાઇ ચાલતા હતા. તેમની પાછળ ફરદુનજી અને છેવટે અમે બે જણ હતા.

ડાહ્યાભાઈ જેવા પેલા કાદવવાળા ભાગમાં આવ્યા તેવીજ અનાયાસે ફરહુનજીની નજર એમનાં પગલાં તરફ ગઈ. કાદવની અંદર એમના બૂટની સ્પષ્ટ છાપ ઊંડી હતી અને તે તરફ નજર કરતાં વેંતજ એ બૂટ વિષે ખાત્રી થઈ જતી હતી. મરનાર હીરજીભાઈના ખૂનીનાં પગલાં જે અમે દરિયા કિનારે જોયાં હતાં તેને એ આબાદ મળતાં આવતાં હતાં. જે શોધવા માટે ફરહુનજી તપાસ કરનાર હતા તે પુરાવો તો ચાલી ચલાવીને એમની સામેજ આવ્યો હતો. એ જોતાં વેંતજ ફરહુનજીના મગજમાં વિજળીની ઝડપે વિચાર ચાલવા લાગ્યા.

'તમારી મરજી કાલ પર રાખવાની છે તો યે હરકત નહિ ડાહ્યાભાઈ! કાલે બપોરના હું આવીશ. આ બનાવે તમને માનસિક ચિંતામાં મૂકી દીધા હોય તો નવાઈ નથી.' ફરહુનજીએ ફેરવી તોળ્યું: 'હજી તો મ્હારે ઘણી વિગતો તપાસવાની છે એટલે રજા લઈશ.'

એમ કહીને ફરહુનજીએ ત્યાંથીજ બારોબાર સ્ટેશનનો રસ્તો લીધો. મ્હેં જોયું તો એ જરાક આગળ જઈને હરણની ઝડપે દોડતો હતો.

ફોજદારના જવાને લીધે ડાહ્યાભાઈના દિલ પરથી ઘણો ભાર ઓછો થઈ જતો લાગ્યો. એ અમારી સાથે વાતે વળગ્યો.

'આપનું નામ ડૉ. નટવરલાલ! ખરું ને?' એણે મ્હને પૂછ્યું. 'મેં આપને સર સાહેબને ત્યાં આવતાં જતાં ઘણીવાર જોયા છે. પણ આ ભાઈ નવા લાગે છે.'

'એ મુંબાઈના પ્રખ્યાત ધારાશાસ્ત્રી મી. જયંત વકીલ છે.'

'જયંત વકીલ! એમનું નામ તો મ્હેં ઘણીવાર સાંભળ્યું છે. આપને જોઈને ઘણો આનંદ થયો, સાહેબ!'

જયંતે ડોકું હલાવી આભાર માન્યો.

'ત્યારે તો આ કેસમાં આપને જરૂર રસ પડ્યા વિના નહિ રહે! મ્હારા મિત્રનું શબ જોયું ત્યારે આપ ત્યાં હાજર હતા?'

'નાજી. એ ઉપાડતી વખતે અમે ત્યાં જઈ પહોંચ્યા હતા.'

તે પછી ડાહ્યાભાઈએ ખૂન બાબત તેમજ આડાઅવળા કેટલાક સવાલ પૂછ્યા, જેના જવાબ જયંતે બને તેટલા ટૂંકા હા કે ના અથવા ઠીક લાગે તેમ આપ્યા. એવામાં ડાહ્યાભાઈના ઘર તરફ જવાનો રસ્તો આવ્યો એટલે એમણે રજા લીધી.

'ફોજદાર આ ભાઈસાહેબને પકડવાનું વોરંટ લેવા દોડ્યા લાગે છે.' ડાહ્યાભાઈ ગયા પછી મ્હેં કહ્યું.

'એમાં એનો દોષ કાઢવા જેવું નથી. મ્હેં તને કહ્યું તેમ એ દાર્શનિક પુરાવા પર પૂરતો આધાર રાખીને વર્તે છે અને એ રીતે એને એમ કર્યા સિવાય છૂટકો નથી. બેઉ પગલાં વચ્ચે એટલું બધું મળતાપણું છે કે તું પણ એની જગ્યાએ હોય તો એજ રીતે વર્તે. શિકાર છટકી ન જાય કે ચેતી ન જાય તે માટે એણે ઉતાવળ કરવીજ રહી. સમજ પડીને ?'

અમે જ્યારે ગામમાં પહોંચ્યા ત્યારે મ્હારે કેટલુંક લેવાનું હતું તે લેવા હું રોકાયો. જયંતે પણ થોડી ખરીદી કરી. એના બે બંડલમાંનું એક મ્હને આપવા મ્હેં કહ્યું પણ એને ના જ પાડી. છેવટે મ્હારા બહુ આગ્રહને વશ થઈને એણે એ મ્હને આપ્યું પણ એમાં પુષ્કળ વજન છે એ પણ સાથે સાથે સૂચવી દીધું.

'તો પછી આપણે વેપારીને કહ્યું હોત તો એ પોતાના માણસ મારફત મોકલી આપત.' મ્હેં કહ્યું.

'પણ મ્હારે એને કેજ પત્તો આપવો ન હતો, તેમજ આ ખરીદી તરફ કોઈનું ધ્યાન ખેંચાય એમ હું ઇચ્છતો નથી.'

અમે ઘેર આવ્યા ત્યાં તો મ્હારે માટે કામ તૈયાર હતું. સરસાહેબના કોઈ ખેડૂતે ઝાડ પરથી પડી જઈને હાડકાં પાંસળાં ભાગ્યાં હતાં, એટલે એમની ભલામણથી મ્હારે એને તપાસવા જવાનું હતું.

જયંતને મ્હારાં પુસ્તકોમાંથી જે કંઈ ઠીક લાગે તે વાંચવા ભલામણ કરી હું જવા નીકળ્યો. જયંતે પેલાં બે બંડલોમાં શું

આપ્યું હશે તે બાબતનો મ્હને એ વખતે વિચાર આવ્યો. પણ એ પુછવું ઉચિત ન ધારી હું બહાર ચાલ્યો.

'મ્હારી ચિંતા કરવાની જરૂર નથી નટવર! મ્હારી પાસે પણ પુરતું કામ છે.' જયંતે કહ્યું.

મ્હને બહારથી આવતાં બે કલાક લાગ્યા. પાછો ફર્યો ત્યારે હું થાકી ગયો હતો અને મ્હને કકડીને ભૂખ લાગી હતી. રાત્રિના સાડાનવ વાગી ગયા હતા અને ગામ આખું આરામની તૈયારી કરતું હતું.

'ફોજદાર સાહેબ આપની રાહ જોતા બેઠા છે.' મ્હને જોઇને મ્હારા નોકરે ખબર આપી.

'એમ? જયંત એમની પાસે નથી?'

'ના સાહેબ, એ તો બહાર ગયા છે.'

'બહાર ગયા છે? ક્યારે?'

'તમારા ગયા પછી તરતજ એ સાયકલ લઇને ગયા. એક કંડિયામાં એક તપેલી ને ચમચો પણ લઇ ગયા છે!'

એ સાંભળીને મ્હને ઘણીજ નવાઇ લાગી. હું તરતજ ફરદુનજી પાસે ગયો. મ્હને જોઇને એમણે કહ્યું:

'ડાહ્યાભાઇને આખરે મ્હારે પકડવા પડ્યા છે. એમને મ્હેં લોકઅપમાં રાખ્યા છે. એમને બદલે બીજું કોઇ હોત તો સારું થાત.'

'કેમ?' મ્હેં પુછ્યું.

'ગામ આખામાં એ સારી રીતે જાણીતા છે અને અમારી સાથે સાત વર્ષથી સારી રીતે ભેળાઇ ગયા છે, તેમજ સારા માણસ તરિકે એ બધાનો ચાહ મેળવી શક્યા છે. મ્હેં સાંભળ્યું છે કે આપની સાથે હતા તે ભાઇ મુંબઇવાળા જયંત વકીલ છે. ડાહ્યાભાઇને પણ એ બાબત ખબર મળી છે એટલે એ એમનો કેસ હાથ ધરશે કે કેમ તે જાણવા બહુજ ઇંતેજાર છે. આપનું અનુમાન શું છે?'

'એ ના નહિ પાડે. છતાં આવશે ત્યારે હું પૂછી જોઇશ.'

'ભલે. મ્હારા તરફથી પણ આપ એમને ભલામણ કરજો. ખૂની પકડાય અને સજા થાય એ મ્હારા ફાયદાની વાત છે, છતાં ડાહ્યાભાઇ જેવો માણસ ખૂની નથી એમ પૂરવાર થાય અને મ્હેં એમને પકડવામાં ભૂલ કરી છે એમ ઠરાવાય તેથી પણ મ્હને કાંઇ શોક નહિ થાય.'

અમે વાત કરતા હતા એટલામાં જયંત આવી પહોંચ્યો. સાયકલ સાથે બાંધેલો કરંડિયો એણે ઘણીજ સાવચેતીથી ઉપાડ્યો અને ઘરમાં મૂક્યો. મ્હેં એને ફરદુનજી શા કામે આવ્યા હતા તે કહ્યું અને બચાવ તરફથી કામ કરવા ભલામણ કરી.

'એના બચાવ માટે કામ કરવા બાબત હું વિચાર કરી જોઇશ. બાકી હું થોડીવારમાં આવીને એને લોકઅપમાં મળું છું.' એણે જવાબ આપ્યો.

એ સાંભળીને ફરદુનજીને સંતોષ થયો.

એના ગયા પછી અમે જમી લીધું અને બહાર જવા નીકળ્યા.

'બચાવ તરફથી કામ કરવાનો તેં વિચાર કર્યો?' મ્હેં પૂછ્યું.

'ડાહ્યાભાઇ પુરતી વિગતો જણાવે તો એ બાબત મ્હારી ના નથી.' જયંતે જવાબ આપ્યો.

અને એની એ શરત પુરી થવામાં હરકત ન આવી. ડાહ્યાભાઇ ખુલાસાવાર વાત કરવા તૈયાર હતા.

'આ કામમાં મ્હારા તરફથી બચાવ માટે આપ હા પાડશો તો આપનો મોટો આભાર માનીશ. મ્હારી ખાત્રી છે કે આપ મ્હને બચાવી શકશો. હું જે જાણું છું અને જાણતો હઇશ તે આપનાથી નહિ છૂપાવું. એ બાબત ખાત્રી રાખજો.'

'ભલે.' જયંતે કહ્યું: 'તમારા બૂટ બદલ્યા છે કે શું?'

'હાજી. ફોજદાર સાહેબે એ બદલાવ્યા છે. એમને એ ઘણા ઉપયોગી લાગે છે. એ કહે છે કે એનાં પગલાં બીજે પડ્યાં છે

એટલે સરખાવવાને માટે મારા બૂટની જરૂર છે. ખરૂં પૂછો તો એવા બૂટ બીજા કોના આખા ગામમાં હોવા જ મુશ્કેલ છે. એના પર જે ભાત છે તે બીજે કોઇ ઠેકાણે હોઇ શકેજ નહિ. મ્હેં એ મ્હારા માટેજ ખાસ તૈયાર કરાવી હતી.'

'એ સિવાય એવી બીજી જોડી તમારી પાસે છે?'

'નાજી, એની માત્ર એકજ જોડ મ્હેં કરાવી હતી.'

'એ ઘણી ઉપયોગી હકીકત છે.' જયંતે કહ્યું. 'અને હવે હું ભૂલતો ન હોઉં તો આ કેસ પર પ્રકાશ નાંખે એવી વિગતો તમારો અમને જણાવવાનો ઇરાદો છે. ખરૂં ને?'

'હાજી. એવી કેટલીક વિગતો કહેવાની છે ખરી; ભૂતકાળની વાતો ભૂલાઇ ગયેલી અને દટાઇ ગયેલી હું માનતો હતો પણ એમ થયું નથી. વર્ષો થવા છતાં પણ મ્હને એ દુઃખ દેવા ચૂકતી નથી એટલે એ સર્વે મ્હારે આપને કહેવી જોઇએ અને મ્હારો દુઃખનો ભાર ઓછો કરવો જોઇએ.'

'ભલે. જ્યાં સુધી મ્હને અનિવાર્ય અડચણ જેવું નહિ હોય ત્યાં સુધી એમાંનો એક શબ્દ પણ બીજાને મોઢે નહિ જાય અથવા એનો ગેરઉપયોગ નહિ થાય તેની ખાત્રી રાખજો. જે જે આ કેસને લગતું તમે જાણતા હો તે બિલકુલ છૂપાવ્યા સિવાય મ્હને કહી દેજો.'

બેઉ જણા વચ્ચે હવે ખાનગી વાતો થવાની હતી એટલે હું ઊઠવા લાગ્યો, પણ ડાહ્યાભાઇએ મ્હને તેમ કરતાં રોક્યો.

'આપને ઊઠી જવાની જરૂર નથી. નટવરલાલભાઇ! આપને લીધે તો જયંતરાયનું ઓળખાણ થયું અને વકીલની પેઠે દાક્તર પણ પોતાના કુળની છૂપી હકીકત બીજાને ભાગ્યે જ કહે છે; એટલે આપના પરનો વિશ્વાસ અસ્થાને નથી. હવે હું મ્હારી કથા શરૂ કરૂં. શરૂઆતમાં જ મ્હારે જણાવી દેવું જોઇએ કે હું એક વખત જેલ જઇ આવેલો છું અને આ લોકો કહે છે તે મુજબ 'છાપેલું કાટલું' છું.'

એટલું કહેતાં એના ચહેરા પર લાલાશ આવી ગઈ. એના શબ્દોની જયંત પર શી અસર થાય છે તે એણે જોવા માંડયું. મ્હારા મિત્રનો ચહેરો એવી લાગણીઓથી પર હતો તેની એને ખાત્રી થઈ.

ડાહ્યાભાઈએ પોતાનું દાસ્તાન આગળ ચલાવ્યું:

'મ્હારા કર્મની કથની એ સેંકડો માણસોનાં પાપના કહાણી છે. હું એક બૅંકમાં કલાર્ક હતો અને મ્હને સારો જેવો પગાર મળતો હતો. એક કાળચોઘડીએ મ્હને ચાર જણ સાથે ઓળખાણ થઈ. એ પણ મ્હારાથી જરા મોટા હતા. અમે પાંચે મળીને કલબ કાઢી અને અંદર અંદર સારી રીતે જુગાર રમવા લાગ્યા. એમ કરતાં મ્હારો પગાર હોમાઈ જવા ઉપરાંત મ્હને પુષ્કળ દેવું થયું અને તે વધ્યે જ ગયું. મ્હારા મુખ્ય લેણદારો મ્હારા ચાર મિત્રો જ હતા. એમનાં નામ જગુ, લલ્લુ, પ્રેમજી અને હીરજી.

'માણસના હાથદસ્કત તથા સહીની આબાદ નકલ કરવાની કળા મ્હને આવડતી હતી, અને તેનો અમે અંદર અંદર મસ્કરી માટે ઉપયોગ કરતા હતા. એ બાબતની બીજા કોઈને પણ ખબર ન પડવા દેવાની અમે પુરતી કાળજી રાખી હતી.

'મ્હારી એ કળાનો મ્હારા ચાલાક મિત્રો કેવો લાભ લે તે તમે અનુમાન કરી ચૂક્યા હશે. મ્હારૂં દેવું દિનપ્રતિદિન વધતું જતું હતું. એક દિવસે મ્હેં વધારે ગુમાવ્યું એટલે જગુએ મ્હને ટાણો માર્યો અને પૈસાની માગણી કરી. મ્હેં એને મ્હારી અશક્તિ જણાવી. એણે કહ્યું: 'તારી આપવાની દાનત હોય તો રસ્તો બતાવું!' એમ કહીને એણે રસ્તો બતાવ્યો. મ્હેં ના પાડી અને આનાકાની કરી પણ મ્હારા બીજા મિત્રો વચ્ચે પડ્યા. છેવટે મ્હારે હા પાડવી પડી, અને અમે પાંચે મળીને શું કરવું તે નક્કી કર્યું.

'મ્હારા ઉપરીઓની બેદરકારીનો લાભ લઈને મ્હેં કેટલાક કોરા ચેક કાડી લીધા અને તેમાં નાની નાની રકમો ભરીને ધ્યાન

દઈને કેટલાંક ઘરાકોની સહી કરી એ બધા ચેક મ્હેં મ્હારા દેવા પેટે મ્હારા મિત્રોને આપ્યા. એ લોકોએ ચાલાકીથી એ બેંકમાં રજૂ કર્યા. એ વખતે મ્હેં લખેલી રકમોમાં ઘણોજ ફેરફાર કરાયલો હતો. ત્રણ ચાર ચેકનાં નાણાં અપાયાં પણ ખરાં. છેવટે એક ચેક પાછો ફર્યો. એ ઘરાકના ખાતામાં એટલી રકમ ન હતી એટલે ઘરાકને પૂછાવવામાં આવ્યું. તપાસ થઇ અને છેવટે પોગળ ફૂટયું. બીજા પણ એવા ચેકો પકડાયા. મ્હારા પર શંકા આવી, મ્હને ગિરફતાર કરવામાં આવ્યો. તપાસ ચાલી, મ્હેં મ્હારા મિત્રોની હરામખોરી ખૂલ્લી કરી, જગુ પકડાયો પણ પુરાવાને અભાવે છૂટી ગયો. મ્હારી સામે ગુન્હો પુરવાર થયો અને મ્હને સાત વર્ષની સજા થઇ.

'એ સાત વર્ષ દરમિયાન મ્હારો એક પિતરાઇ કાકો આફ્રિકા ખાતે મરી ગયો, એની પુષ્કળ મિલ્કત હતી. હું જ્યારે જેલમાંથી છૂટ્યો ત્યારે એ મ્હને મળી. હું એકાએક પૈસાદાર થયો એટલે મ્હેં મુંબાઇ છોડીને કોઇ શાંત એકાંત જગ્યાએ વસવાનો વિચાર કર્યો. મ્હારૂં મૂળ નામ બદલીને હું અહીં રહેવા આવ્યો. એ વાતને પણ સાતસાત વર્ષનાં વ્હાણાં વાયાં. અહીંના લોકો સાથે હું સારી રીતે ભળાઇ ગયો અને એક સાધનસંપન્ન સદ્ગૃહસ્થ તરીકે ચારે બાજુના લોકોની પ્રીતિ સંપાદન કરી શક્યો. હું ધારતો હતો કે મ્હારૂં ભૂતકાળનું કલંકિત જીવન ભૂલાઇ ગયું હતું અને મ્હારી શાંતિ અખંડ ટકશે. કારણ કે મ્હારા ચારે મિત્રો વિષે મ્હેં કૈંજ સાંભળ્યું ન હતું અને તેઓ મૂઆ છે કે જીવતા તેની પણ મ્હને ખબર ન હતી.

'પણ માણસ ધારે છે એક ને પ્રભુ કરે છે બીજું. મ્હારી અખંડ શાંતિ એકાએક ખંડિત થઇ ગઇ. એક મહિનાની વાત પર મ્હેં એ લોકોને જોયા અને તેજ પળથી મ્હારૂં હૃદય અસ્વસ્થ થઇ ગયું.'

'કયા સંજોગામાં તમે એમને મળ્યા?' જયંતે પૂછયું.

'ઘણા નવાઈ જેવા સંજોગોમાં સાહેબ! કેટલાક જરૂરી કામસર હું ફતેહપુર ગયો હતો. ત્યાં આગળ એક દુકાને મ્હારો હિસાબ પતાવતો હતો ત્યાં મ્હેં લલ્લુ જગુને મળતા બે જણ જોયા. બેઉના ચહેરામાં પુષ્કળ ફેરફાર થઇ ગયો હતો અને ઓળખાવામાં પણ મુશ્કેલી આવે એવું હતું. એમણે પણ મ્હને જોયો અને તેઓ ચાલ્યા ગયા. મ્હેં તપાસ કરી પણ એમનો પત્તો ખાધો નહિ. તે જ દિવસે સાંજે હું દરિયા કિનારે ગયો ત્યાં એકાએક મ્હારી નજર એક વહાણ પર પડી. એમાં એક માણસ ઊભો હતો. એ હીરજી હતો. હું આગળ ચાલ્યો ત્યાં તો સામેથી જ જગુ, લલ્લુ ને પ્રેમજી આવતા હતા. જગુ મ્હારી સામે જ આવ્યો ને મ્હને કહેવા લાગ્યો: 'ઓહો! તમે અહિંયાં કયાંથી?'

'એનો જવાબ આપવાને બદલે આડું જોઇને મ્હેં ચાલવા માંડયું, પણ આ અણધાર્યા મેળાપથી મ્હને ઘણી ચિંતા થવા લાગી. મ્હેં જે માણસોને પેલી દુકાનમાં બેઠાં બેઠાં જોયા હતા તે જગુ અને લલ્લુ હતા એ વિષેની મારી ખાત્રી થઇ ગઇ. એમણે વેષપરિવર્તન કર્યું હતું છતાં એમને ઓળખવામાં મ્હને હરકત જેવું ન હતું.

'એ દિવસ પછી છાપામાં એક ગંભીર બાબત પ્રકટ થઇ. કેટલાક બનાવટી ચેક ફતેહપુરની દરબારી બેંકમાં વટાયા હતા અને એ વટાવનાર તરીકે જગુ ને લલ્લુને જે વેષમાં મ્હેં દુકાનમાં બેઠા બેઠા જોયા હતા તે વેષવાળા માણસનું વર્ણન આપ્યું હતું. મ્હારી ખાત્રી થઇ ગઇ કે મ્હારા જૂના દોસ્તો હજી પણ એનો એજ ધંધો કરે છે.

'વળતે દિવસે દરિયા કિનારે કમનસીબે એ જ વહાણ મ્હેં જોયું. એ જોતાં વેંત જ હું પાછો ફર્યો પણ સામેથી જગુ અને લલ્લુ આવતા હતા તે ભેટયા. જગુ એકદમ મ્હારી પાસે આવ્યો ને

હાથ પકડી ને બોલ્યો: 'હજી પણ તું અહિંયાંજ ફર્યા કરે છે કે શું ! અમે પણ છાપાં વાંચીએ છીએ. ફતેહપુરમાં વટાયેલા ચેકની વાત કૈં છૂપી રહી નથી. જો દોસ્ત ! મ્હારી સલાહ માન અને અહીંથી માપી જા.'

'એટલે તું શું કહેવા માગે છે.' મ્હેં પૂછ્યું.

'એમ બનાવવાની જરૂર નથી!' એણે જવાબ આપ્યો: 'તારે ફતેહપુર શા માટે જવું પડ્યું, ત્યાં તેં શું કર્યું એ કાંઇ મ્હારી જાણ બહાર નથી. સમજ પડી ને.'

'આ અણધાર્યા ટાણાથી હું એટલો લેવાઇ ગયો કે ન પૂછો વાત ! એવામાં મ્હારો એક ઓળખીતો જતો હતો તે મ્હને જોઇને ઊભો રહ્યો ને પૂછ્યું: 'ડાહ્યાભાઇ શેઠ ! કાલે સવારે ઘાસનાં ગાડાં રામપુર મોકલાવું ને ?'

'મ્હેં હા પાડી એટલે એ ચાલ્યો ગયો. મ્હારા મિત્રો મ્હારૂં નવું નામ અને ઠેકાણું જાણી ગયા. એમણે મ્હને સંબંધ તાજો કરવા આગ્રહ કર્યો પણ મ્હેં હસીને ના પાડી.

'બીજે દિવસે હીરજી મ્હારે ત્યાં આવ્યો અને એ લોકોનું થોડુંક કામ કરી આપવાની માગણી કરી. એમનું કામ બીજું શું હોય ? બનાવટી લખાણ અને સહીઓ કરવાનુંસ્તો, મ્હેં એને સાફસાફ સંભળાવી દીધું. એણે મ્હને ગોળ ગોળ ધમકીઓ આપી અને આવી શક્તિસંપન્ન ટોળીને પોતાની દુશ્મન ન બનાવવાની સલાહ આપી. મ્હેં શરૂઆતમાં તો તે ગણકારી નહિ પણ મ્હારે કહેવું જોઇએ કે હું ઘણોજ નબળા મનનો માણસ છું અને પેલા બદમાશ જગુથી સદાયે ડરતો આવ્યો છું.

'તે પછી હીરજી મ્હારી નજીક રહેવા આવ્યો અને મ્હેં ઘણીએ ના ના કહેવા છતાં અવારનવાર મ્હારે ત્યાં કલાકોના કલાક સુધી પડ્યો ને પાથર્યો રહેવા લાગ્યો. બીજા ત્રણ જણ વહાણપરજ રહેતા હતા. હીરજીના પુષ્કળ આગ્રહથી હું વહાણપર ગયો ત્યાં તો

એ લોકોએ મ્હને મશ્કરીમાં ઊડાવવા માંડયો. એમનું કહેવું એવું હતું કે ફતેહપુરના ચેકોની વાત બહાર આવી હતી તે મ્હારૂં જ પરાક્રમ હતું. મ્હેં ના પાડી પણ મ્હારૂં માને જ કોણ! એમણે ઠોકી બેસાડયું કે એ ચેક મ્હેં પોતે જ લખ્યા હતા ને વટાવ્યા હતા. કમનસીબે એ વખતે મ્હારાથી બોલાઇ જવાયું કે મ્હેં પેલી દુકાનમાં બેઠા બેઠા જગુ ને લલ્લુને જોયા હતા. એની અસર એ લોકો પર જોયા જેવી થઇ. એવામાં મ્હેં બહાર જોયું તો વહાણ દરિયામાં ઘણે દૂર નીકળી ગયું હતું. હું ચીડાયો, મ્હારી મરજી વિરૂદ્ધ આ રીતે લઇ આવવા માટે મ્હેં એ લોકોને ધમકાવી નાંખ્યા, પણ તેયે એમણે હસી કાઢયું. આખો દિવસ દરિયામાં લહેર કરીને અમે સાંજે પાછા ફર્યા.

'એક વાત કહી લઉં. વહાણ પર ગયા પછી મ્હારે મ્હારા બૂટ બદલવા પડ્યા હતા. ત્યાં આગળ મ્હને રબરના બૂટ પહેરવા પડ્યા હતા. તુતક પરના પાલીસમાં લીસોટા ન પડે માટે.

'ધીરે ધીરે મ્હારે એ લોકોના વધુ ને વધુ સંસર્ગમાં ઇચ્છા અનિચ્છાએ આવવું પડયું. એમના પ્રયત્નો વધતા જ ચાલ્યા. દર-રોજ હીરજી મ્હને કૈં ને કૈં લખી આપવાનું કહેતો હતો અને હું નાની ના જ પાડ્યા કરતો હતો.

'થોડા દિવસ ઉપર એક સાંજે મ્હારી પાસે હીરજીએ એક નવી માગણી કરી. અમે અમારા બગીચામાં ફરતા હતા, અને એ મ્હને એમની સાથે જોડાવાને આગ્રહ કરતો હતો. અમે એક બાંકડા પર બેઠા. વાડની નજીક જ એ બાંકડા આવેલો હતો તેનું અમને ભાન ન રહ્યું.

'ત્યારે તું અમારી સાથે કામ કરવાની ચોખ્ખી ના પાડે છે?' હીરજીએ મ્હને પૂછયું.

'એ વાત એકસો ને એક વાર હું કહી ચૂકયો છું. મ્હારી પાસે પુરતાં સાધનો છે, પૈસો છે, પછી શા સારૂ મ્હારે એવા

હલકા ધંધામાં પડવું ?'

'બરાબર છે. પણ જો ને, ખરી વાત કહી દઉં. તું અમારી બધી વાત જાણે છે અને ફતેહપુરની વાત પણ તારાથી અજાણી નથી. એક વખત તેં અમને દગો દીધો છે, એટલે ફરીથી તું શું નહિ કરે તેનો અમને વિશ્વાસ આવતો નથી; એટલે કોઇ પણ હિસાબે તને અમારા પંજામાંથી તું ન છટકે એ રીતે રાખવાનો અમારો વિચાર છે. જગુને તો તું ઓળખે છે. એ ધાર્યું કર્યા સિવાય રહેવાનો નથી.'

'એ તો હું જાણું છું.'

'તો પછી હું એક રસ્તો બતાવું. તું મ્હને પુરતી રકમ આપે તો એ કામ હું માથે લઉં. એ બધાનો ઘડો લાડવો કરૂં'

'શી રીતે ?'

'ઘણી જ સહેલાઇથી. હું પણ એમનાથી કંટાળ્યો છું એટલે સીધો પોલિસ પાસે જઇને બધી હકીકત કહી દઉં અને એમને પકડાવું. પછી કેસ ચાલે એટલે તાજ તરફનો સાક્ષી થઇ બધી વિગતો બહાર લાવી એમને ઘટતી સજા કરાવું. મ્હને પણ સજા થાય છતાં હું છૂટું એટલે તેં મ્હારા માટે ગોઠવણ કરી હોય તે મુજબ બાકીની જીંદગી શાંતિમાં ગુજારૂં.'

'એની વાત મ્હને ગળે ઉતરે એવી લાગી. મ્હેં પૂછ્યું : 'તારે શું જોઇએ ?'

'વરસે દહાડે બે હજાર અથવા એ લોકોને સજા થાય ત્યારે પચીસ હજાર.'

'એ બાબત હું વિચાર કરવા લાગ્યો ત્યાં તો વાડની પાછળ કોઇને દબાવી રાખેલી છીંક આવી હોય એમ લાગ્યું. એ સાંભળતાં વેંતજ અમે બેઉ સડક થઇ ગયા ! તરત જ કોઇના નાસી જવાનો અવાજ સંભળાયો. અમે બેઉ જણ ઊભા થઇને જોયા પણ નાસી જનાર કોણ હતું તે જણાયું નહિ. આ બનાવથી હીરજી ધ્રોળો પુણી જેવો બની ગયો. મ્હારી અસ્વસ્થતાનો

પણ પાર ન હતો.

'આ ઘણું ખોટું થયું' હીરજીએ કહ્યું.

'હાસ્તો. આપણે પણ કેવા ગાંડા કે આવી વાતો કરવા વાડ પાસે જઇને બેઠા! પણ વખતે કોઇ ગામડિયો જ હશે.'

'એ તો જે હોય તે ખરું, પણ ઘણું ખોટું થયું.'

'થવાનું હતું તે થઇ ગયું. એ વિષે શોક કરવો નકામો છે. તમે વાત કરી તેનો હું વિચાર કરીને જવાબ આપીશ,' મ્હેં તેને કહ્યું.

'એ સાંભળીને હીરજી ગયો. ત્યાર બાદ મ્હેં એને કાલે સાંજે વહાણ પર જોયો.

'પ્રેમજી કાલે સવારે મળ્યો અને મ્હને સાંજના વહાણ પર સહેલગાહ માટે આવવા આમંત્રણ આપી ગયો. સાથે સાથે મીજબાની હોવાનું પણ કહ્યું. મ્હેં પહેલાં તો ના પાડી, કારણ કે મ્હારો નોકર પણ બહાર જવાનો હતો અને ઘર સુનું મૂકીને જવાની મ્હારી ઇચ્છા ન હતી પણ મ્હારે એના આગ્રહને વશ થઇને હા પાડવી પડી. મ્હેં એને એટલું કહ્યું કે 'હું વધુ વખત નહિ રોકાઉં.' તે એણે કબૂલ કર્યું.

'એ મુજબ હું ગયો. હીરજી ને પ્રેમજી અમારી રાહ જોતા ઊભા હતા. વહાણ ઘણે દૂર હતું અને કિનારા પર હોડી રાખવામાં આવી હતી. અમે ત્રણે જણા વહાણ પર ગયા. બધાએ મળીને આનંદવિનોદમાં ત્રણ ચાર કલાક પસાર કર્યા, પછી મ્હેં ઘેર જવાની વાત કરી એટલે પ્રેમજી મ્હને કિનારે મૂકી ગયો. ત્યાંથી હું સીધો ઘેર આવ્યો અને ઊંઘી ગયો. હીરજી મ્હારી સાથે આવવાનો હતો પણ એ લોકોએ કહ્યું કે કૈંક જરૂરની બાબતો સંબંધી વાતચીત કરવાની હતી એટલે એ આવી શકે એમ ન હતું.'

'કયે રસ્તે તમે ઘેર ગયા?' જયંતે પૂછ્યું.

'બજારમાં થઈને.'

'એ સિવાય બીજું કૈં કહેવાનું રહેતું નથી ખરું ને?'

'નાજી, મ્હારી જીંદગીની કાળી બાજુ બિલકુલ છૂપાવ્યા સિવાય મ્હેં આપની પાસે રજૂ કરી છે, અને હું આશા રાખું છું કે અનિવાર્ય જરૂરીયાત સિવાય આપ એનો ઉપયોગ નહિ કરો અથવા એ પ્રકાશમાં નહિ મૂકો.'

'એનો ઉપયોગ તમારા હિત પુરતો જ કરવામાં આવશે.' જયંતે ખાત્રી આપી અને એણે કરેલી નોંધ બરાબર જોઈને રજા લીધી.

× × ×

'ઘણો જ નવાઈ જેવો ઇતિહાસ છે.' અમે બહાર આવ્યા પછી જયંતે મ્હને કહ્યું : 'તું શું અનુમાન કરે છે?'

'કૈંજ નહિ! પણ એકંદરે ડાહ્યાભાઈ વિરૂદ્ધ કેસ મજબૂત છે. આ વાત પ્રકાશમાં લાવીએ તો યે એને જ નુકશાન થાય એમ છે. હીરજી કહે છે કે જગુ બદમાશ છે, પણ મ્હને તો એમ લાગે છે કે એ જ હરામખોર હોવો જોઈએ.'

'બનવા જોગ છે, પણ આ હકીકત એને ગેરલાભકર્તા છે એટલું તો ખરૂં.'

એવામાં વરસાદના છાંટા પડવા માંડ્યા. અકાળે વાદળી ઘેરાઈ ને માવઠું પડવાની તૈયારી થતી હતી એટલે જયંત એકાએક દોડ્યો.

એ મોડી રાતે પાછો ફર્યો. તે દરમિયાન ઠીક વરસાદ પડ્યો હતો.

બીજે દિવસે સવારે ઉઘાડ હતો.

ડૉકટર દેસાઈ મ્હારા મિત્રને બોલાવવા આવ્યા, કારણ કે સવારમાં જ જયંતે કૉરોનરને ખબર આપી હતી કે બચાવ પક્ષ તરફથી એ પોતે કામ કરનાર હતો. ડૉકટર દેસાઈ મરનારની

'પોસ્ટમૉરટમ' તપાસ કરવાના હતા. એ વખતે મ્હને હાજર રહેવાનું સદ્ભાગ્ય ન હતું. પણ એ તપાસ થઈ રહ્યા પછી ડૉક્ટર દેસાઈ મને મળ્યા એટલે બોલ્યા : 'તમારા સાથીદાર તો જબરા રીતરિવાજના ચુસ્ત હિમાયતી છે! દેખીતી વાત છે કે છરો લાગવાથી ખૂન થયું છે, છતાં એમણે મારનારનું શરીર જોખાવ્યું, ફેફસાં, હૃદય, હોજરી, મગજ વગેરે તપાસાવ્યું, નોંધ કરાવી અને હોજરીનો કચરો બરણીમાં ભરી અમારા બેઉની સીલ કરાવી પ્રો. નીકલસનને વધુ તપાસ માટે મોકલાવ્યો!'

એ સાંભળીને જયંતે વચ્ચે જ કહ્યું: 'દાર્શનિક પુરાવા પર વિશ્વાસ રાખી દોરવાઈ જવા કરતાં પુરતી તપાસ કરવાની આપણી ફરજ છે અને એ રીતે મ્હેં કર્યું છે છતાં કોણ જાણે કેમ આપને એ વધારે પડતું લાગે છે!'

પણ એથી ડૉ. દેસાઈના મનનું સમાધાન થયું નહિ.

કૉરોનરની તપાસ બપોરના શરૂ થઈ, એની વિગતવાર હકીકત આપવાને બદલે હું મુખ્ય બાબતો જ જણાવીશ.

સૌથી પહેલી ડૉ. દેસાઈની જુબાની લેવાઈ. એમણે પોસ્ટ-મૉરટમ તપાસ વખતે જયંતે કરાવેલી નોંધ વિષે કહેવા માંડ્યું. પણ તેમ કરતાં કૉરોનરે એમને રોક્યા ને સીધો સવાલ કર્યો:

'એવા વિવેચનની જરૂર નથી. મરણનું કારણ તમે શું માનો છો તે જ જ્યુરીને કહો.'

'એ તો દેખીતી વાત છે! મરનારની છાતીમાં બીજા અને ત્રીજા પાંસળાની વચ્ચે મોટા છરાથી ઘા કરવામાં આવ્યો હતો. એ ઘા ઘણો ઊંડો હતો, અને એનાથી શરીરની બે ધોરી નસો—આર્ટરી અને એરોટા—કપાઈ ગઈ હતી તેને લીધે એકાએક મરણ નીપજ્યું હતું.'

'એ એક જ ઘા મરણ નીપજાવવાને પુરતો હતો?'

'હા જી, એ નસો કપાય કે ક્ષણ વારમાં જ માણસ

મરણ પામે.'

'તમે ઉપાડતા પહેલાં શબ તપાસ્યું હતું?'

'હાજી, એ ચત્તુંપાટ પડ્યું હતું અને આજુબાજુ પુષ્કળ પગલાં પડ્યાં હતાં.'

'એ પગલાંમાં તમને કૈં નવાઈ જેવું લાગ્યું?'

'હાજી, એ માણસોનાં પગલાં હતાં. એક મરનારનાં ને બીજાં ખૂનીનાં. ખૂનીનાં બૂટની નીચે સાથીયા ભાતમાં ખીલા જડેલા હતા અને તેની છાપ રેતીમાં આબાદ ઊઠી હતી.'

'એવી છાપવાળા બૂટ તમે જોયા છે?'

'હાજી. એવા બૂટ ગુન્હેગાર ડાહ્યાભાઈના મને બતાવવામાં આવ્યા છે.'

'તમે જોયેલાં નિશાન એ જ બૂટનાં હતાં એમ તમારૂં કહેવું છે?'

'નાજી. એ હું ખાત્રીપૂર્વક ન કહી શકું. પણ એટલું ખરૂં કે બેઉ વચ્ચે પુષ્કળ મળતાપણું છે.'

આ આખી જુબાની દરમિયાન ડાહ્યાભાઈ ધ્રુજતો હતો. એની પાસેના સિપાઈએ એને ખુરસી આપી.

બીજી સાક્ષી જગુની લેવાઈ. એણે મરનારને હીરજી તરીકે ઓળખ્યો અને મરનારને બે વર્ષ થયાં ઓળખતો હતો એમ કહ્યું. એના કામકાજની એને માહિતી ન હતી એમ જણાવ્યું. મરતી વખતે એ ગામમાં રહેવા ગયો હતો એમ એણે કહ્યું.

'એ ગામમાં શા સારૂ રહેવા ગયો હતો?'

'લાંબો વખત દરિયામાં રહીને એને કંટાળો આવ્યો હતો એટલે હવાફેર અથવા જગ્યાફેર માટે.'

'તમારી વચ્ચે કૈં વિક્ષેપ તો નહોતો ને?'

'નહિજી, બિલકુલ નહિ.'

'તમે એને છેલ્લો ક્યારે જોયો હતો?'

'સોમવારે સાંજે અમે બધા સાથે જ જમ્યા હતા. આશરે મધરાતે એ વહાણ પરથી ઘેર જવા નીકળ્યો એટલે અમે એને દરિયા કિનારે ઉતાર્યો હતો.'

'મરનાર અને ગુન્હેગાર વચ્ચે કેવો સંબંધ હતો તેની તમને માહિતી છે?'

'ઘણી જ ઓછી. મરનારે જ એક મહિનાની વાત પર ડાહ્યાભાઈનું અમને ઓળખાણ કરાવ્યું હતું. એ બે વચ્ચે સારો સંબંધ અને પુરાણી પીછાન હોય એવું મ્હને લાગ્યું નથી.'

'ગુન્હેગારે કેટલા વાગે વહાણ છોડયું હતું?'

'આશરે દસ વાગે. એનો નોકર બહાર ગયો હતો એટલે ઘર સુનું મૂકવાનો એનો ઇરાદો ન હતો એમ કહીને એણે વહેલી રજા લીધી હતી.'

જગુની જુબાનીને લલ્લુ અને પ્રેમજીએ ટેકો આપ્યો. તે પછી પેલા માછીએ શબ જોવા બાબત જુબાની આપી. છેવટે કરસનજી ફોજદારનો વારો આવ્યો.

'તમે ડોક્ટર હેસાબે પગલાંનું વર્ણન આપ્યું તે સાંભળ્યું છે?'

'હાજી. એ વિષે મ્હેં જાત તપાસ કરી છે. મરનાર અને ગુન્હેગારનાં પગલાં ચોકખાં દીસી આવે એવાં હતાં.'

'એ પગલાં ક્યાં ક્યાં હતાં?'

'મરનારનાં પગલાં લાંબે સુધી હતાં, ખૂનીનાં ટેકરી તરફથી આવતાં, અને પાછાં પણ તે તરફ જતાં હતાં. શબ મળ્યું તે ઠેકાણે બે વચ્ચે પુષ્કળ ઝપાઝપી થઇ લાગતી હતી.'

'ખૂનીનાં પગલાં કેવાં હતાં?'

'એ ઘણાં જ નવાઇ જેવાં હતાં. બૂટને તળીએ ખીલા મારીને સાથિયાની ભાત પાડી હતી તે રેતીમાં આબાદ ઊઠી હતી.' એમ કહીને એણે એની નકલ કરી હતી તે પાનું ઉઘાડીને પોતાની નોંધપોથી બતાવી.

કૉરોનર પાસેથી એ જ્યુરી પાસે ગઇ અને ત્યાંથી જયંતે જોવા લીધી. એની પાછળથી મ્હેં જોયું તો ફરદુનજીએ કુશળતાથી એનું ચિત્ર દોર્યું હોય એમ મ્હને લાગ્યું.

'એ પગલાં કોણે પાડ્યાં અથવા કોના બૂટનાં છે એ તમે કહી શકશો?'

'હાજી. ઘણી જ ખુશીથી.' એમ કહીને એણે ડાહ્યાભાઇના બૂટ કોર્ટમાં રજૂ કર્યા અને કહ્યું: 'એ બૂટ જ હું કોર્ટમાં હાજર કરૂં છું. એ ગુન્હેગારના બૂટ છે અને એની છાપ અને ખૂનીના બૂટની છાપ બરાબર મળતી આવે છે.'

'પણ આ જ બૂટ વડે એ પગલાં પડેલાં એમ તમે સોગંદ પર કહી શકો છો?'

'ના જી. એ ન કહી શકાય, પણ બન્ને વચ્ચેનું સરખાપણું અને બેઉ ઠેકાણે પડેલી સરખી ભાત બાબત હું સોગંદપૂર્વક બોલી શકું ખરો.'

'આ ચિત્ર દોરતા પહેલાં તમે બૂટ જોયાં હતાં?'

'નાજી.' એમ કહીને એણે કયા સંજોગોમાં ડાહ્યાભાઇના બૂટની છાપ જોઇ હતી અને એને વહેમ પડ્યો હતો તે કહી સંભળાવ્યું.

'તે રાત્રે ગુન્હેગાર ક્યાં ગયો હતો તેની તમે તપાસ કરી છે?'

'હાજી. એ ઘરમાં એકલો જ હતો. એનો નોકર બહાર ગયો હતો અને બે માણસોએ એને રાતના બહાર જતાં જોયો હતો.'

ફરદુનજીની જુબાની પુરી થયા પછી એક બે માણસની જુબાની લેવાઇ. કૉરોનરે ભાષણ કર્યું અને જ્યુરીને પોતાનો અભિપ્રાય જણાવવા વિનંતિ કરી.

આખી કોર્ટમાં શાંતિ પથરાઇ રહી.

જ્યુરીના ગૃહસ્થો ઉઠ્યા, એમણે મસલત કરી અને પાંચેક મિનિટ બાદ પાછા ફરીને એમના ફોરમૅને અભિપ્રાય દર્શાવ્યો કે 'અમે એકમતે ડાહ્યાભાઇને હીરજીભાઇના ખૂન કરનાર તરીકે જાહેર કરીએ છીએ.'

* * *

જ્યુરીના એ અભિપ્રાયની કૉરોનરે નોંધ કરી અને કૉર્ટનું કામ ખલાસ થયું. ડાહ્યાભાઇને બે સિપાઇઓ લૉક–અપમાં લઇ ગયા. એનો ચહેરો ફીક્કોફ્ચ થઇ ગયો હતો. લોકોની મેદનીમાં પણ આ બનાવથી હાહાકાર થઇ રહ્યો હતો.

'તેં બચાવપક્ષ તરફથી કેમ કંઇજ ન કર્યું ?' બહાર નીકળ્યા પછી મ્હેં જયંતને પૂછ્યું.

'અરે ભલા માણસ! ભેંસ આગળ ભાગવત વાંચવાની તેં મ્હારી પાસે આશા રાખી હતી કે શું ?'

'તારા અસિલના બચાવ માટે તારે કૈંક કરવું જોઇએ ને!'

'ના રે ના! નટવર! એ જ તારી ભૂલ છે. કૉરોનરની કૉર્ટમાં નાહકની મ્હારી બાજી ખુલ્લી કરવાની શી જરૂર? સારો રસ્તો આજ છે—આ રીતે સામો પક્ષ કયો રસ્તો લેશે તે આપણે જાણી શક્યા છીએ; જ્યારે આપણે શું કરીશું કે કેમ વર્તીશું તેથી સામો પક્ષ સાવ અજ્ઞાત છે. એ રીતે કામ કરવાથી તો ઉલટી મઝા આવશે.'

'પણ આથી તો ઉલટું ડાહ્યાભાઇની બદનામી વધી.'

'તે હશે, પણ એ થોડા વખતને માટે જ. કૉરોનર કૈં એને છોડી દઇ શકે એમ નથી, એટલે યોગ્ય સ્થળે પુરતો પ્રયત્ન કરીશું.'

'જેવી તારી મરજી.'

થોડા વખતમાં સેશન્સ કૉર્ટ બેસવાની હતી. એટલે મેજી-સ્ટ્રેટની કૉર્ટમાં આ કેસ બનતી ઉતાવળે નોંધવામાં આવ્યો અને

થઈ શકે તેટલી ઝડપે એનો ફેંસલ કરવાનો સામા પક્ષે નિરધાર કર્યો હતો, તેથી પાંચેક દિવસમાં તો મેજીસ્ટ્રેટ પાસે તપાસ શરૂ થવાની હતી.

એ પાંચ દિવસમાં જયંતે બચાવની તૈયારી કરી લીધી હતી. એ આખો યે વખત ઘણો જ કામમાં ગુંથાયેલો રહેતો હતો. એણે પોતાને મદદ કરવા પંડિતજીને બોલાવી લીધા હતા અને પંડિતજી માછીમારના વેશમાં દરિયાકિનારે કેટલુંક કામ કરતા હતા. એ ઉપરાંત એણે બીજા બે એક જણને બોલાવ્યા હતા. એ બે જણ તે મુંબાઈનો પ્રખ્યાત વકિલ વીરભદ્ર અને જાણીતા પ્રો. નીકલસન. એ બેનાં નામ અને કામ કોઈને પણ ન જણાવવાની એણે મ્હને ભલામણ કરી હતી.

બરાબર પાંચમે દિવસે જ મેજીસ્ટ્રેટની કોર્ટમાં કેસ નીકળ્યો. સરકારી વકીલે શરૂઆતમાં જ પોતાનું ભાષણ કર્યું. એનો મુદ્દાસરનો ભાગ હું નીચે આપું છું:

'આ કીસ્સામાં ગુન્હેગાર ડાહ્યાભાઈ સામે સોમવારે રાત્રે મરનાર હીરજીભાઈનું ઇરાદાપૂર્વક ખૂન કરવાનો આરોપ છે. એ દિવસે સાંજે મરનાર, ગુન્હેગાર અને બીજા ત્રણ જણ સાથે એક વહાણ પર જમ્યા અને મોડી રાત સુધી રહ્યા. પાછા ફરતી વખતે ગુન્હેગાર એક ઠેકાણે સંતાઈ રહ્યો, અને જેવો મરનાર ત્યાં આવ્યો તેવો જ એ એના પર તુટી પડયો.. બેઉ વચ્ચે બાથંબાથા થઈ, ગુન્હેગારે મરનારને છરો માર્યો અને એને પરિણામે હીરજીભાઈ મરણ પામ્યો.

'હવે આ ગુન્હો કરવાનું કારણ શું હતું તે જોઈએ. પૈસાટકા કે એવું કંઈ કારણ જણાતું નથી, પણ બેઉ વચ્ચેનો અણબનાવ અને અંગત અંટસ એજ ગુન્હાનું કારણ જણાય છે.

'હવે આ ગુન્હો ક્યા સંજોગોમાં પકડાયો તે પણ કહી લઈએ. મરનારની આજુબાજુ રેતીમાં પુષ્કળ પગલાં પડયાં હતાં:

મરનારનાં તેમજ ખૂનીનાં. ખૂનીનાં પગલાંમાં એક જાતની છાપ બરાબર ઊઠી હતી. એ પગલાં વગેરેની બારીક તપાસ ચાલાક પોલિસ અમલદાર મી. ફરદુનજીએ કરી હતી. એજ સ્થળે એણે એ પગલાંનું ચિત્ર દોરી કાઢ્યું હતું અને એ કોર્ટમાં હાજર કર્યું છે. એ ચિત્ર અને એ અમલદારની નોંધ આ કેસમાં ઘણાં ઉપયોગી 'એકઝીબીટ' છે.

'હવે એ વિચિત્ર ભાતવાળા બૂટ પહેરનાર કોણ હતું? મ્હેં કહ્યું કે ખૂનનું કારણ અંગત અણબનાવ હતો અને આપણી અજાયબી વચ્ચે માલુમ પડે છે કે ખૂન કરનાર પણ મરનારનો એક વખતનો અંગત મિત્ર છે. અને તે ડાહ્યાભાઈ સિવાય બીજું કોઈ નથી. એ જ બૂટ પહેરીને ડાહ્યાભાઈ તપાસ કરવા નીકળે છે અને પેલાં તળાવ આગળ કાદવમાં બૂટનાં પગલાં પડતાં ચબરાક ફરદુનજીની નજર તે પર પડે છે અને તેઓ પામી જાય છે કે ડાહ્યાભાઈ પોતે જ ખૂની છે.

'મરનાર અને ગુન્હેગાર વચ્ચેનો સંબંધ, ગુન્હાની રાત્રે ગુન્હેગાર એકલો જ ઘેર હતો, તે વગેરે હકીકત કૉરોનરની તપાસમાં પૂરવાર થઈ છે. ખૂનની રાત્રે ગુન્હેગાર ક્યાં હતો, એ ક્યારે ઘેર આવ્યો ને શું કર્યું તે વિષે કંઈજ પૂરાવો પડયો નથી એ શું બતાવે છે?

'આ બધું ગુન્હેગારનો ગુન્હો પુરવાર કરવાને પુરતું છે. મુદ્દાની હકીકત સામે કંઈ જ વાંધો લેવાયો નથી. એટલે એમ માનવાને કારણ મળે છે કે ગુન્હેગાર ડાહ્યાભાઈએ મરનાર હીરજીભાઈનું ઈરાદાપૂર્વક ખૂન કર્યું છે.'

ભાષણ પૂરૂં થયા પછી સાક્ષીઓ બોલાવવામાં આવ્યા અને કૉરોનરની તપાસ વખતે જે રીતે જુબાની અપાઈ હતી તેવી જ જુબાની અહીં પણ અપાઈ. આ વખતે ડાહ્યાભાઈનો નોકર વધારાના સાક્ષી તરીકે બોલાવાયો હતો. તેણે તે રાત્રે પોતે

બહાર ગયો હતો એ બાબત જુબાની આપી. ફોજદારની જુબાની કૉર્ટે ધ્યાન દઇને સાંભળી. પગલાં વિષેની વિગતો એણે બારીકાઇથી કૉર્ટને કહી અને એની સાંભળનારાઓ પર છાપ પાડી.

'તમે આ બૂટ લઇને ખૂનીનાં પગલાં સાથે સરખાવી જોયા હતા ?' મેજીસ્ટ્રેટે પૂછ્યું.

'એ ઇરાદાથી મ્હેં રાત્રે બૂટનો કબજો લીધો. પણ બીજે દિવસે સવારે એની સરખામણી થઇ શકી નહિ કારણ કે રાત્રેજ માવઠું થયું હતું અને એ પગલાં ધોવાઇ ગયાં હતાં.'

ફોજદારની જુબાની પુરી થઇ એટલે સરકારી વકીલે પોતાનો કેસ પુરો થયેલો જાહેર કર્યો. ડાહ્યાભાઇનો ગુન્હો પુરવાર થઇ ગયો હતો, એટલે બચાવ પક્ષ તરફથી શું કહેવામાં આવે છે તે તરફ સર્વેનું ધ્યાન ખેંચાયું.

વકીલ વીરભદ્ર ઉભા થયા અને તેમણે પોતે બચાવ પક્ષનો કેસ રજૂ કરવાની શરૂઆત કરી:

'મ્હારા વિદ્વાન મિત્રે પોતાનો કેસ બરાબર રજૂ કર્યો છે અને ગુન્હેગારનો ગુન્હો પુરવાર કર્યો છે. છતાં મારે કેટલીક નવીન વિગતો, વાતો નહિ પણ વિગતો કૉર્ટ પાસે રજૂ કરવાની છે, જે તદ્દન જુદોજ નિર્ણય કરવાને કૉર્ટને પ્રેરશે. એ હિસાબે કૉર્ટનો વધુ વખત ન લેતાં હું મ્હારા સાક્ષીઓ બોલાવું છું અને જે કૈં રજૂ કરવાનું છે તે આગળથી બોલી બતાવ્યા સિવાય પુરાવા રૂપે હાજર કરૂં છું.'

આટલા ટુંક વિવેચન પછી જયંતને સાક્ષી તરીકે બોલાવ્યો, એની પાસે જ પંડિતજી ન્હાની સરખી ટ્રંક લઇને બેઠા. આ કેસ વિષે જે જાણતા હોય તે કૉર્ટને કહેવાની વકીલે જયંતને વિનંતિ કરી.

જયંત બોલ્યો: 'સોમવારે સાંજે સાડાચારેક વાગે હું મ્હારા મિત્ર ડૉ. નટવર સાથે દરિયા કિનારે ફરવા ગયો હતો, તે વખતે

મ્હારું ધ્યાન એક જાતનાં રેતીમાંનાં પગલાં તરફ દોરાયું. એ માણસ કોઇ હોડીમાંથી ઉતરીને ગામમાં જઇ પાછો ફર્યો લાગતો હતો. અમે ત્યાંથી આગળ ચાલ્યા એટલે ફોજદાર ફરદુનજી, ડૉ. દેસાઇ, બે સિપાઇઓ વગેરેને આવતાં જોયા. અમે પણ એ તરફ જવા લાગ્યા. ત્યાં બીજા માણસનાં પગલાં અમે જોયાં, જે ફોજદારે મરનારનાં પગલાં તરિકે ઓળખાવ્યાં છે તે. અમે એ ધ્યાન દઇને જોયાં અને કઇ જાતના માણસનાં એ પગલાં હશે તે વિષે અનુમાન કર્યું.'

'અને તમારૂં એ અનુમાન મરનારને જોયો ત્યારે ખરૂં પડ્યું?' મેજીસ્ટ્રેટે પૂછ્યું.

'નાજી.' જયંતે જવાબ આપ્યો. એ સાંભળતાં જ કૉર્ટમાં સનસનાટી ફેલાઈ રહી.

'અમે જ્યારે મરનારનું શબ જોયું,' જયંતે આગળ ચલાવ્યું. 'ત્યારે અમારી નવાઇનો પાર રહ્યો નહિ. શબની આજુબાજુ સખત બાઝંબાઝા થઈ હોય એમ પુષ્કળ પગલાં પડ્યાં હતાં પણ ખરી રીતે એવું કંઇજ થયું ન હતું. બેઉ જાતનાં પગલાં વારાફરતી પાડવામાં આવ્યાં હતાં.'

'એ તમે શા પરથી કહી શકો છો?' મેજીસ્ટ્રેટ આશ્ચર્ય પામીને પૂછ્યું.

'મરનારનાં પગલાં ચારે તરફ પાડ્યા પછી ખુનીએ બીજા બૂટ પહેર્યા અને તેના વતી પુષ્કળ પગલાં પાડ્યાં. પહેલા બૂટનાં પગલાં બીજી જાતના બૂટનાં પગલાંથી વટાયાં હતાં પણ બીજી જાતના બૂટનાં પગલાં પહેલી જાતનાથી બિલકુલ વટાયાં ન હતાં. શબની નીચે માત્ર પહેલી જાતનાં જ પગલાં હતાં એ પુરવાર કરે છે કે બન્ને પગલાં વારાફરતી પાડવામાં આવ્યાં હતાં.'

જયંતની જુબાની આખી કૉર્ટ એક કાને ધ્યાન દઇને સાંભળવા લાગી.

'આ ઉપરથી મ્હેં બારીકાઈથી તપાસ કરી તો જણાયું કે ખીલાવાળા બૂટનાં ખૂનીનાં પગલાં ટેકરી વાળા રસ્તા તરફ પણ છે. તે પાછે પગે ગયાં હતાં અને પાછે પગે પાછાં ફર્યાં હતાં. ટુંકામાં એ માણસ પાછે પગે ચાલતો હતો. એ રીતે એ ટેકરીને રસ્તે નક્કર જમીન આવે ત્યાં સુધી જઈને પાછો ફર્યો હતો. એનાં પગલાં શબ આગળથી અદૃશ્ય થતાં હતાં. હવે ધ્યાન દઈને જોઈએ તો શબ પડ્યું હતું ત્યાં આગળ ટેકરીનો ખડકવાળો ભાગ આવ્યો છે. એ એકદમ સીધો છે અને બિલકુલ ચઢી શકાય એવો નથી. એ ઠેકાણે તપાસ કરતાં દોરડાનો ઘસારો મ્હને જણાયો અને ખીલાવાળા બૂટના લીટા પણ જોવામાં આવ્યા. તે પછી ટેકરી પર તપાસ કરતાં એ વાતની ખાત્રી થઈ. ત્યાં આગળ પણ દોરડાનો ઘસારો અને બૂટના ખીલાના લીટા જણાયા.'

'એટલે તમે એમ કહેવા માગો છો કે આ કામ કર્યા પછી એને ટેકરી પરથી કોઈએ દોરડું નાખીને ઉંચકી લીધો ?'

'એ પરથી એ જાતના અનુમાન પર આવી શકાય છે. એજ રાત્રે મ્હારી સાથે 'પ્લાસ્ટર ઓફ પેરિસ' લઈને હું દરિયા કિનારે ગયો અને ધ્યાન દઈને એ પગલાંનાં મોલ્ડ લઈ લીધાં.' એ સાંભળતાં ફત્તેહુનજી ફોજદારનો ચહેરો જોવા જેવો થઈ ગયો.

મ્હને પણ તે દિવસે એ તપેલી ને ચમચો લઈ ગયેલો તેનો ભેદ સમજાયો.

'એ મોલ્ડ' પરથી પાછળથી મ્હેં 'કાસ્ટ' તૈયાર કર્યા.' જયંતે જણાવ્યું.

'મોલ્ડ' અને 'કાસ્ટ' વચ્ચે શો ફેર હોય છે ?'

'મોલ્ડ' પગલાં પરથી લેવાયાં એટલે એ બૂટની સ્થિતિ રજૂ કરે છે જ્યારે મોલ્ડ પરથી કાસ્ટ લેવાય એટલે એ પગલાંની સ્થિતિ આબાદ બતાવી આપે છે. સૌથી પહેલો મોલ્ડ મ્હેં મરનારનાં પગલાંનો કર્યો.' એમ કહીને એણે એ તથા એનો કાસ્ટ કોર્ટમાં રજૂ કર્યા:

કર્યા: 'એના કાસ્ટ પર નજર નાખતાં જણાશે કે એનો દેખાવ આપણે ધારીએ છીએ તેવો નથી. મરનાર પાંચ ફૂટ નવ ઇંચ ઊંચો હતો પણ શરીરે દુબળો અને પાતળો હતો. એનું વજન ૧૧૨ રતલ હતું. એ અમે પોસ્ટમૉરટમ વખતે જોખી જોયું હતું, જ્યારે હું પાંચ ફૂટ અગીઆર ઇંચ ઊંચો છું અને મારું વજન ૧૪૫ રતલ છે. હવે મ્હારાં પગલાંના આ મોલ્ડ ને કાસ્ટ જુઓ અને તેની મરનારનાં પગલાંના કાસ્ટ ને મોલ્ડ સાથે સરખામણી કરો. એ ઉપરથી ખાત્રી થશે કે મરનાર હલકા વજનનો હોવા છતાં એનાં પગલાં મ્હારાં પગલાં કરતાં બમણાં ઊંડાં પડ્યાં છે.'

એ સાંભળતાં મેજીસ્ટ્રેટની અજાયબીનો પાર રહ્યો નહિ. આ જુબાની માત્ર મૌખિક ન હતી પણ એના જીવતા પુરાવા રૂપ બેઉ જાતનાં મોલ્ડ અને કાસ્ટ એમની રૂબરૂ પડ્યાં હતાં.

'એ તો ઘણું નવાઇ જેવું લાગે છે! પણ એ બે વચ્ચેનો ભેદ તમે સમજાવી શકશો?'

'ઘણી જ ખુશીથી. પણ એમ કરતાં પહેલાં બધી વિગતો મ્હને આપની પાસે રજૂ કરવા દો તો ઠીક.'

'ભલે, જેવી તમારી મરજી'

'એ પગલાં વિષે બીજી એક વિચિત્રતા એ હતી કે બે પગલાં વચ્ચેનું અંતર ઘણું જ ઓછું હતું. એનું મેં માપ લીધું તો માત્ર ઓગણીસ ઇંચ થયું; જ્યારે એટલી ઊંચાઇના માણસનાં બે પગલાં વચ્ચેનું અંતર સ્હેજે પાંત્રીસ છત્રીસ ઇંચ હોય. એવે ટુંકે પગલે એ ચાલે ત્યારે એમજ લાગે કે એના બેઉ પગ એક બીજા જોડે બાંધી લીધા કેમ ન હોય!

'તે પછી હું આગળ વધ્યો અને ખીલાવાળા બૂટના જમણા અને ડાબા પગનાં પગલાંના મોલ્ડ મેં લીધા. એનાં પણ મોલ્ડ અને કાસ્ટ હું રજૂ કરું છું. એ પરથી જણાશે કે એ પાછે પગે ચાલતો હતો.'

'એ શી રીતે સમજાય ?'

'એક નહિ પણ અનેક રીતે. દાખલા તરિકે સીધી રીતે ચાલનારાના પગનો આગલો ભાગ વધારે ઊંડા જાય છે, જ્યારે એવું આમાં કંઇ નથી. ઉલટો એડીવાળો ભાગ વધારે ઊંડો છે.'

'ઠીક, હવે આ મોલ્ડ પરના કાસ્ટ આપણે ગુન્હેગારના બૂટ સાથે સરખાવીએ તો બન્ને બરાબર મળતા આવશે. ખરું ને ?'

'નહિજી. બિલકુલ નહિ.'

'એટલે ?'

'એટલે એમ કે એ પગલાં ગુન્હેગારના બૂટનાં હતાં જ નહિ. ગુન્હેગારના બૂટ મ્હારી પાસે ન હતાં એટલે હું તળાવ આગળ જ્યાં એનાં પગલાં પડયાં હતાં ત્યાં ગયો અને એનો મોલ્ડ લીધો. પછી બેઉ મોલ્ડ સરખાવી જોયા, એટલે હું કહું છું તે બાબતની મ્હારી ખાત્રી થઇ. બેઉની સરખામણી કરવામાં સરળતા આવે તે સારૂ મ્હેં બેઉ જાતના બૂટના મોલ્ડના સરખા સ્કેલના પારદર્શક ફોટા લીધા છે અને તે હું રજૂ કરૂં છું.' એમ કહીને એણે પારદર્શક ફોટા આપ્યા, 'એ બેઉ ફોટા સરખા માપના હોવા છતાં એમાં બેઉ બૂટ જુદા જુદા ઊઠ્યા છે. એ બેઉ ફોટાને એક પર એક ગોઠવીને જોઇશું તો જણાઇ આવશે કે બેઉ બૂટ જુદા જુદા છે. એક બૂટના ખીલા ઉપર બીજા બૂટનો ખીલો ગોઠવીને જોઇશું તો બાકીના ખીલા મળતા આવતા નથી પણ જુદા પડે છે અને સૌથી વધારે ઉપયોગી મુદ્દો તો એ છે કે કેદીના જમણા પગના બૂટને ચાલીસ ખીલા છે જ્યારે ખૂનીના જમણા બૂટને એકતાળીસ ખીલા મારેલા છે, એટલે કે ખૂનીના બૂટને એક ખીલો વધારે મારેલો છે.

*　　*　　*　　*

એ સાંભળતાં આખી કોર્ટમાં સોય પડે તો યે તેનો અવાજ સંભળાય એવી શાંતિ પથરાઇ રહી. મેજીસ્ટ્રેટ તેમજ સરકારી

વકીલે પણ મોલ્ડ અને ફોટા જોઈને પોતાની ખાત્રી કરી લીધી.

'આ સિવાય બીજી કૈં વિગતો છે ખરી ?' આ વાતનો ભેદ જલદી ઉકેલવાને મેજીસ્ટ્રેટે પૂછ્યું.

'હજી ઘણી બાબતો રજ કરવાની છે, નામદાર !' વકીલ વીરભદ્રે જવાબ આપ્યો : 'સાક્ષીએ મરનારનું શરીર પણ તપાસ્યું હતું.' તે પછી જયંત તરફ જોઈને પૂછ્યું: 'તમે મરનારની પોસ્ટમૉર્ટમ તપાસ વખતે હાજર હતા ?'

'હાજી.'

'મરણના કારણ વિષે તમે કૈં અભિપ્રાય બાંધ્યો ખરો ?'

'હાજી. હું એ નિર્ણય પર આવ્યો હતો કે પુષ્કળ પ્રમાણમાં 'મોર્ફિયા' નામનું ઝેર આપવામાં આવ્યાથી મરણ નીપજ્યું હતું.'

આ સાંભળતાં સર્વેની અજાયબીનો પાર ન રહ્યો. ડૉક્ટર દેસાઈનો ચહેરો જોવા જેવો થઈ ગયો !

'પણ પેલો છરાનો ઘા ! એનાથી મરણ નિપજવાની જુબાની છે ને ? એવા ઘાથી તરત જ મરણ નીપજે એમ હતું તેનું કેમ ?' મેજીસ્ટ્રેટે પૂછ્યું.

'એવો ઘા હતો એ વાત ખરી. પણ તે કરવામાં આવ્યો તે પહેલાં, અર્ધા કલાક અગાઉ મરનાર મરી ગયો હતો. એના શબ ઉપર જ એ ઘા કરાયેલો છે.'

'આ તો ઘણી નવાઈની વાત લાગે છે !' મેજીસ્ટ્રેટે કહ્યું : 'પણ તમે એમ શા ઉપરથી કહો છો તેનાં કારણો આપશો ?'

'ઘણી જ ખુશીથી' જયંતે જવાબ આપ્યો. 'મ્હારો અભિપ્રાય ઘણી બાબતો પર આધાર રાખે છે. સૌથી પહેલાં તો જીવતા શરીર પર થયેલો ઘા પહોળો થાય છે, કારણ કે આજુ-બાજુની ચામડી સંકોચાય છે. જ્યારે મૃત શરીરની ચામડીનું એવી રીતે સંકોચન થતું નથી. આ ઘામાં બહુ જ થોડા પ્રમાણમાં સંકોચન હતું એ પુરવાર કરતું હતું કે મરનાર તરતનો જ મરણ

પા યો હતો. બહુ બહુ તો અર્ધોએક કલાક થયો હશે. એ ઉપ-રાંત બીજાં કારણ તપાસીએ. જીવતા શરીરનો ઘા લોહીથી ભરાઈ જાય છે અને પુષ્કળ લોહી વહે છે, જ્યારે આ ઘામાં રહેજસાજ લોહી હતું; કપડાં પર તદ્દન નજીવો ડાઘ હતો. રેતી ઉપર છાંટા યે પડ્યો ન હતો.'

'અને એ કારણો તમે પુરતાં ગણો છો ?'

'એ ઉપરાંત પણ બીજાં કારણો છે. છરીના ઘાથી એની બે ધોરી નસો કપાઈ ગઈ હતી એટલે એમાંથી પુષ્કળ લોહી વહી જાય એ દેખીતું છે પણ મૃત શરીરમાં લોહી ફેલાઈ જતું હોવાથી ધોરી નસમાં લોહી ન હતું એટલે એનું લોહી બહાર આવ્યું ન હતું. આ બતાવી આપે છે કે છરાનો ઘા મરણ થયા પછી અર્ધાએક કલાકે કરવામાં આવ્યો હતો. હવે ઝેર બાબત ખુલાસો કરું. મ્હેં શરીરનો કેટલોક કચરો તપાસી જોયો તે પરથી હું એ અનુમાન પર આવ્યો હતો. એની હોજરીનો કચરો પ્રો. નિકલસનને તપાસ માટે અમે મોકલાવ્યો હતો.'

'અને એ તપાસનું પરિણામ એમણે જણાવ્યું છે બરું ?' મેજીસ્ટ્રેટે વકીલને પૂછ્યું.

'પ્રોફેસર સાહેબ પોતે જ કોર્ટમાં હાજર છે નામદાર !' વકીલે કહ્યું : 'અને તેઓ જુબાની આપવા તૈયાર છે કે હોજ-રીના કચરામાંથી એક ગ્રેઈન જેટલું ઝેર મળી આવ્યું હતું. એ ઉપરથી અનુમાન કરી શકાશે કે મરનારને કેટલું ઝેર આપ્યું હશે.'

'વાહ, મી. જયંત ! તમે બધી વિગતો સુંદર રીતે રજૂ કરવાની તસ્દી લીધી છે તે માટે તમારો આભાર માનું છું. એ બધી વિગતો પરથી તમે શા નિર્ણય પર આવ્યા અને આ બનાવ કેવી રીતે બન્યો તે જણાવશો ?'

'મ્હેં રજૂ કરી તે વિગતો પરથી એવા નિર્ણય પર હું આવ્યો છું કે મરનાર સોમવારે રાત્રે બારેક વાગે ઝેરની અસરથી

મરણ પામ્યો. તે પછી એનું શબ કિનારે લાવવામાં આવ્યું. હોડીમાં ત્રણ માણસ હતા. એમાંનો એક હોડીમાં જ રહ્યો. બીજો દોરડું લઈને પેલી ટેકરી પર ગયો અને ત્રીજો મરનારના બૂટ પહેરીને શબ ઉઠાવીને બહાર આવ્યો. આ ઉપરથી સમજાશે કે ઊંડાં પગલાં શાથી પડ્યાં હતાં અને બેઉ પગલાં વચ્ચે બહુ જ ઓછું છેટું શાથી હતું. ટેકરી આગળ પહોંચ્યા પછી એણે શબને પોતાના પગ આગળ જ મૂકયું અને ચારે બાજુ પુષ્કળ પગલાં પાડ્યાં. પછી બૂટ કાઢીને મરનારને પહેરાવ્યા. અને વળી ત્યાર બાદ એણે સાથિયાની ભાતમાં ખીલા મારેલા ડાહ્યાભાઈના જેવા જ બૂટ કાઢયા અને તે પહેરીને બીજાં પગલાં પાડ્યાં. ત્યાર પછી એ પાછે પગલે ટેકરીને રસ્તે કઠણ જમીન આવે ત્યાં સુધી ગયો અને એજ રીતે પાછો ફર્યો. એ શબ આગળ આવ્યો એટલે એના સાથીદારે ટેકરીપરથી દોરડું ફેંકયું. તે પકડીને એ ઉપર ચડી ગયો. ઉપર જઈને એણે ખીલા-વાળા બૂટ કાઢી નાખ્યા. બેઉ જણ કઠણ રસ્તે ચાલ્યા અને છેવટે એના સાથીદારે એને પોતાના વાંસા પર લીધો અને એને હોડીમાં બેસાડયો.'

'પણ એ દોરડું પકડીને ઉપર શા સારૂ ચડયો? ચાલીને જઈ શકે એમ ન હતું?'

'એમ કરે તો તે જણાઈ આવ્યા સિવાય રહે એવું ન હતું. એ ને બદલે ત્રણ વખત પગલાં પડે એટલે ફરદુનજી જેવા ચાલાક અમલદારને શંકા આવ્યા વિના રહે જ નહિ.'

'તમારો ખુલાસો બરાબર છે,' મેજીસ્ટ્રેટે કહ્યું: 'અને બધો ભેદ સારી રીતે સમજાવી શકે છે. આ સિવાય બીજું કાંઈ કહેવા જેવું છે?'

'નાજી, માત્ર આ એક છેવટનો મોલ્ડ આપવાનો રહે છે. એ આપને ઉપયોગી જણાય સિવાય નહિ રહે.' એમ કહીને

એણે પેટીમાંથી છેલ્લો મોલ્ડ કાઢીને આપ્યો. એના બધા મોલ્ડ 'પ્લાસ્ટર ઑફ પૅરિસ'ના હતા અને કાસ્ટ મીણના બનાવેલા હતા. એ મ્હારે વાંચનારની જાણ ખાતર નોંધવું જોઇએ.

જયંતની સામા પક્ષે ઉલટતપાસ ન કરી, એટલે પછી પ્રો. નિકલસનની જુબાની લેવાઇ. એમણે મોર્ફિયા નામનું ઝેર પુરતા પ્રમાણમાં હોજરીમાંથી મળી આવવાની વાત કરી અને એમ પણ કહ્યું કે જ્યારે હોજરીમાંથી એક ગ્રેઇન જેટલું ઝેર નીકળ્યું ત્યારે એને કેટલું અપાયું હશે તેનું અનુમાન કરવું મુશ્કેલ નથી. તે પછી મહીલા માછીની જુબાની લેવાઇ. એ પેલા વહાણ-પર કામ કરતો હતો.

'તને ખબર છે કે ડાહ્યાભાઇ એ વહાણ પર કેટલી વખત આવ્યા હતા?'

'હા સા'બ!' મહીલે જવાબ આપ્યો. 'એ બે વખત આવેલા. હઉવે, મને ખબર છે સા'બ, પહેલાં આવેલા તીવારે મહિના દા'ડાની વાતપર સા'બ,—એવણની નામરજીએ અમે વા'ણ હંકારી ગયલા સા'બ! બીજી વાર તો સોમવારે રાતરેજ આવેલા સા'બ!'

'એ પહેલી વખત આવેલા ત્યારે કેવા બુટ પહેર્યા હતા તે તને યાદ છે?'

'હઉવે સા'બ! એના પર કૈં ખીલા! કૈં ખીલા! જગુ હેડ તે કઢાવી લાખેલા સા'બ! કઢાવી ની લાખે તો બધું પાલીસ બગાડી લાખે સા'બ!'

'પછી એ ખીલાવાળા બુટનું શું કર્યું?'

'જગુ હેડ તીને લૈ ગયેલો સા'બ! પછી પાછા લાવીને મુકેલા સા'બ!'

'તને યાદ છે કે તે પછી મુંબાઇથી બુટનું એક પાર્સલ આવ્યું હતું?'

'હઉવે સા'બ! પાંચેક દા'ડા પછી ટપાલી એ લૈ આવેલો સા'બ! જગુ હેડેજ એ મંગાવેલા.'

'એ એમણે પહેરેલા ખરા કે?'

'ના રે સા'બ! રાખી મેલેલા.'

'તેં વહાણપર ખીલા મારવાનો અવાજ સાંભળ્યો હતો ખરો કે?'

'હઉવે સાબ! બૂટ આવ્યા પછી એક દા'ડા પછી હાંભળેલો.'

'હીરજીભાઇ મરી ગયા તે રાત્રે તું વહાણ પર હતો?'

'હઉવે સા'બ! હું તો બહાર હતો પણ રાતે દસેક વાગે ગીયેલો સા'બ!'

'હીરજીભાઇને કિનારે જતાં તેં જોયેલા?'

'હઉવે સા'બ! હું ગીયો એટલે જગુ હેઠ કે 'અમે કિનારે જાતા છે. તું સુઇ જજે.' મેં કીધું 'હઉવે' ને સુતો. પછી તે જવા લાગ્યા. હીરજી હેઠ કૈ પીધેલો કૈ પીધેલો! તે એ જણે ઉચકીયો તારે તો નાવમાં ગીયો.'

'પછી એ કયાં ગયા તે તેં જોયું?'

'નૈરે! અંધારૂં તે બહુ દેખાય ની તો!'

'તું પંડિતજીને ઓળખે છે કે?'

'હઉવે સા'બ! ઇ તો ભારે ચબરાક છે. સા'બ ઇનું નામ તો મને ખબરે ય નૈ. વેહ પલટીને ઇ વા'ણ પર આવેલો. મને કે ખાહડાં દેખાડ તો પાંચ રૂપિયા આપું. મેં ખાહડાં દેખાડ્યાં. પછી કેય એક જોડ રહી ગઇ. મારાં ખાહડાં હું લેવા ગીયો તાં તો એ નાસી ગયો. પછી મેં જોયું તો જગુ હેઠનાં જૂનાં બૂટ એ લૈ ગીયો તો.'

'તું એ બૂટ ઓળખે ખરો કે?'

'હઉવે.'

'આ જોડી હોય ખરી?' એમ કહીને બૂટની એક જોડી

એને આપવામાં આવી.

'હકીકતે સા'બ!'

'આપ નામદાર પેલા છેલ્લા મોલ્ડ સાથે એ સરખાવી જોશો તો ખાત્રી થશે કે બન્ને વચ્ચે સંપૂર્ણ સામ્ય છે. એજ બૂટ વતે પેલાં બીજી જાતનાં પગલાં પડેલાં.'

મેજીસ્ટ્રેટે એ બેઉની સરખામણી કરી જોઇ અને એમની ખાત્રી થતી લાગી.

'એમાં શંકાને સ્થાન જ નથી.' તેમણે કહ્યું.

મેજીસ્ટ્રેટના આ જવાબ પછી મ્હારી નજર એકાએક જગુ, લલ્લુ ને પ્રેમજી કૉર્ટમાં બેઠા હતા તે તરફ ગઇ. એ પ્રમાણે જોનાર હું એકલો ન હતો. એ લોકો તો ક્યારના યે ચાલ્યા ગયા હતા. ફરદુનજી ફોજદાર પણ કંઇ હીલચાલ કરતો જણાયો.

અને તે પછી આ કેસનો અંત આવવામાં વાર ન લાગી. વકીલ વીરભદ્ર પોતાનું છેવટનું ભાષણ કરે તે પહેલાં જ મેજીસ્ટ્રેટે પોતાનો ચુકાદો આપ્યો:

'જે સચોટ અને ખાત્રી લાયક જુબાની કોર્ટ સન્મુખ પડી છે તે જોઇને કોર્ટની ખાત્રી થઇ ગઇ છે કે મરનાર હીરજીભાઇનું ખૂન કરવામાં ડાહ્યાભાઇનો બિલકુલ હાથ નથી, એટલે કૉર્ટ તેમને માનપૂર્વક છોડી દે છે, અને બચાવપક્ષે જે કુશળતાથી પોતાનો કેસ રજૂ કર્યો છે તે માટે તેને ધન્યવાદ આપવામાં આવે છે. એ પ્રમાણે ન થયું હોત તો કૉર્ટને જુદા જ અનુમાન પર આવવું પડયું હોત અને તેમ કરતાં ન્યાયની સરળતા જળવાઇ ન હોત.'

ડાહ્યાભાઇ તેમજ કૉર્ટમાં હાજર રહેલા સઘળા માણસોના આનંદનો એ સાંભળીને પાર રહ્યો નહિ.

તે દિવસે સાંજે ડાહ્યાભાઇને ત્યાં લાગતા વળગતાઓ, અસિલ, દાક્તર, સાક્ષીઓ અને સંબંધીઓની એક પાર્ટી ગોઠવી

હતી અને સૌ આનંદમાં મશગુલ હતા તે વખતે ફરદુનજી ફોજ-દાર એકાએક આવ્યા અને જયંતને ઉદ્દેશીને કહેવા લાગ્યા :

'એ લોકો ગયા ! સાહેબ ! અમારા હાથમાંથી છટકી ગયા !'

'પણ એમ શી રીતે બન્યું !' જયંતે પૂછ્યું.

'એ મરી ગયા ? ડૂબી મુઆ ! ત્રણે જણા ડૂબી મુઆ !'

'એમ !'

'હાજી, ઉતાળમાં ને ઉતાવળમાં એમણે વહાણ ચલાવ્યું પણ પેલા ખરાબાનો વળાક લેતાં સામેથીજ દરબારી 'ટ્રાઉલર' આવતું હતું. તેના પર એમની નજર ન હતી એટલે અકસ્માત થયો. ટ્રાઉલર અથડાતાંજ વહાણ ભાગ્યું અને એ ત્રણે કપિંજલા નદીના મુખવાળા ભમરાઓમાં તણાઇ ગયા. ઘણી હેરાનગતિ પછી જગુનું શબ હાથ લાગ્યું ને બીજા બેનો તો પત્તોજ નથી !'

એ સમાચારથી અમારા રંગમાં જરા ભંગ પડ્યો અને અમને એમ લાગ્યું કે આવા ભયંકર બદમાશો આટલા સારા મોતે મરી ગયા એ ઠીક ન થયું !

ડાહ્યાભાઇને એ સમાચાર એટલા સંતોષકારક લાગ્યા કે એમની છાતી પરથી પહાડ જેટલો ભાર ઉંચકાઇ ગયો હોય એમ મને જણાયું.

☆

ઝળકતું ચોઘડીયું

કાળી માઝમ રાત હતી. ચારે બાજુ એટલું તો અંધારૂં હતું કે કાંઇ ચીજ ન દેખાય! તારાનો આછો પ્રકાશ પણ ન હતો. આછાં આછાં વાદળાંએ એને પણ ઘેરી લીધો હતો.

ઘોડબંદરના રસ્તા ઉપર એક મોટારકાર આસ્તે કદમ ચાલી જતી હતી. એ ઊંચા મેકરની રૉલ્સરૉઇસ હતી અને તેમાં એક કદાવર બાંધાના હાંકનાર સિવાય બીજું કાંઇ ન હતું, તે ઊંચાઇમાં બરાબર છ ફૂટ હશે અને શરીરની મજબુતાઇમાં લોખંડી બાંધાનો હશે એમ જોનારને જણાઇ આવે એમ હતું.

દૂરથી મોટરના દિવાનો ઝાંખો પ્રકાશ દેખાયો એટલે તેણે પોતાની મોટરના દિવા બંધ કર્યા. સામેની મોટર જોસબંધ આવતી હતી. મલાડ અને ગોરેગામ છોડ્યા અંધેરી સુધી ઝાઝું તકલીફ જેવું ન હોવાથી તેણે તે મારી મૂકી હતી. એ જેવી નજીક આવી તેવો જ તેનો ડ્રાઇવર ચમકી ઊઠ્યો. જરાક અસા-

વધતા થાય તો બેઉ મોટરના ભુક્કા ઊડે એવો મામલો હતો પણ પેલો ઊંચો માણસ હાથમાં ન્હાની સરખી બત્તી લઇ ઊભો હતો એટલે એ અકસ્માત થતો અટકી ગયો.

'ભલા માણસ! જરાક તો ભાન રાખવું હતું! છેક આટલે આવ્યો ત્યારે ખબર પડી કે આ ખટારો અહીં પડયો છે!' આવનાર મોટરના ડ્રાઇવરે જોરથી બ્રેક દબાવતાં કહ્યું.

પેલો પ્રચંડ માણસ તેની નજીક ગયો અને બીજે હાથે ખીસ્સામાંથી ભરેલી રિવોલ્વર કાઢી એની સામે તાકી. 'હાથ ઊંચા કરો–ઉતરો જલદી—નહિ તો—'

'અરે બાપરે!' કહેતો તે નીચે ઉતર્યો.

'ખીસ્સા પાકીટ ખાલી કરો.'

તરત જ ચામડાનું ચાર છ આના વાળું પાકીટ અને બે આનાનો પરચુરણ તેણે નીચે મૂકયો.

'બીજું કાંઇ? વીંટી?

'હું નથી પહેરતો.'

ડ્રાઇવરે પેલા પ્રચંડ માણસ તરફ જોયું. તેણે બુકાની બાંધી હતી અને મોઢાની આજુબાજુ કાળો બુરખો નાખ્યો હતો. તેણે તેને ધારીને જોયો.

'ઠીક, બાજુ ખસો' કહીને તે મોટરમાં બેઠો અને તેની ગતિ ઘણી ધીમી થાય એવી સ્થિતિમાં મૂકી. જનારની ગતિ અટકાવવાનો તેનો ઇરાદો સ્પષ્ટ હતો.

ચાકુના બે એક કાપ કરી તે નીચે ઉતર્યો.

'રસ્તે પડો.'

અને પેલાનો કાંઇ છૂટકો થાય! તેણે તરતજ રસ્તો માપ્યો.

પ્રચંડ માણસે ધીરેથી પાકીટ ઉઘાડયું. અંદર કાંઇ ઝાઝું ન હતું. બારેક આનાનું પરચુરણ અને એક રૂપિયો. એકંદર એક રૂપિયો ચૌદ આના. તે બબડયો: 'આવી રાજમાર્ગની ધાડ

પાડ્યા છતાં માત્ર એક રૂપિયો ચૌદ આના! વાહ નસીબ! મહેનત બરબાદ ઔર ગુનાહ લાજમ '

દૂરથી મોટરની લાઇટ જણાઇ. આ વખતે તાજા અનુભવ પછી તેણે જરા ચપળતા રાખવા વિચાર કર્યો. રસ્તા વચ્ચે એણે પોતાની મોટરને આડી ઊભી રાખી, અને બત્તી પૂર જોસમાં બળતી મૂકી.

પેલી મોટર ગતિ ધીમી કરી નજીક આવી ને હાંકનારે પૂછ્યું: 'કાયકુ બીચમેં ખડા રખત હય?'

બિલકુલ જવાબ આપ્યા સિવાય આ સદ્‌ગૃહસ્થ નીચે ઉતર્યા અને રિવોલ્વર તાકીને હાંકનારને નીચે ઉતાર્યો, મોટરની અંદરથી રડારોળનો અવાજ આવ્યો. બે સ્ત્રીઓ અંદર બેઠી હતી. મામલો ભયંકર જોઇ તેમણે છૂટે મોઢે રોવા માંડ્યું.

'ક્યાંથી આવો છો?'

'બોરીવલીથી' એમાંની એક જણીએ કહ્યું.

'કોણ છો? તમારાં નામ—'

'મુન સીનેમાના સ્ટાર્સ તરીકે અમે જાણીતાં છીએ. મ્હારૂં નામ મીસ મેના ને આ મ્હારી સાથીદાર મીસ મોતી' મેના રડતાં રડતાં બોલી.

'સારી વાત છે. ખીસ્સા પાકીટ ખાલી કરો.'

બેઉ જણીઓએ રડવા માંડ્યું.

'ચાલો જલદી કરો. એ ઢોંગ નહિ ચાલે, નહિ તો—'

રિવોલ્વર જોઇ બેઉ જણીઓએ મુંગે મોઢે પોતાની 'મની પર્સ' આપી દીધી.

'અને તમારા દાગીના—'

ન્હાનો સરખો ઢગલો બેઉ જણીઓએ રડતાં રડતાં કર્યો. મોતીની માળા, હીરાની વીંટીઓ, જડાઉ બંગડીઓ, વગેરે ઘણી ચીજો હતી.

તડાકો સારો પડયો ગણાય. આ વખતે મહેનત સફળ થઇ હતી.

રમણીના રૂદનથી પથ્થર પણ પીગળે તો પછી મનુષ્ય હૃદયની શી વિસાત! તે લુંટારો હતો પણ માણસ હતો. તે પીગળ્યો.

રમણીને રત્નાલંકારો અતિ પ્રિય હોય છે તેનો એને અનુભવ હોય એમ લાગ્યું: 'બહુ ગમતી ચીજ એમાંથી લઇ લો, કાંઇ તમારા પ્રિયતમે આપેલી કે મનગમતી—'

મીસ મોતીએ મોતીની માળા ધીરેથી ઉંચકી લીધી.

'લો બીજું જે જોઇતું હોય તે. તમે તો અખંડ કુમારાં ખરાં કે?' તેનો આ ટાણો સાંભળી બેઉ જણીઓને નવાઇ લાગી.

ધીરે ધીરે ચારપાંચ ચીજો ઉપડી ગઇ. ઠેઠે કલેજે પ્રચંડ માણસે કહ્યું; 'ચાલો તમારા દાગીના લઇ જાવ. એકલી આ 'પર્સ' લઇ હું સંતોષ પામીશ.'

અને તેણે ધીરેથી પહેલી મોટરની માફક આની પણ સહેજ સહાજ અવદશા કરીને જવા દીધી.

આ વખતે શિકાર ઠીક સપડાયો કહેવાય! એક રૂપિયો ચૌદ આના કરતાં ચોરાસી ગણો માલ મળ્યો હતો પણ તે કાંઇ આટલી ભયંકર જોહમતનું સુંદર ફળ ન ગણાય.

દૂરથી એક ભવ્ય મોટરની ફ્લેશલાઇટ પડતી દેખાઇ. આવનાર મોટર ઊંચા મેકરની હોવી જોઇએ એમ તેની એ લાઇટ ઉપરથી અનુમાન થઇ શકતું હતું.

નવા શિકારની આગતા સ્વાગતા કરવા આ સજ્જન તૈયાર થઇને ઊભા. તે મોટર પાસે આવી કે તરત જ એ કૂદી પડ્યો, લથડિયાં ખાતો તે ડ્રાઇવર તરફ ફર્યો.

'એ દારૂડિયા! આ રસ્તામાં આમ ક્યાં મરે છે? મોટર ખસેડ! રસ્તો આપ!'

પણ તે વધારે બોલે તે પહેલાં તેના કપાળમાં રિવોલ્વરની નળી ધડ દઇને અથડાઇ ને પેલો તમ્મર ખાઇને પડ્યો.

એનું પાંગોડું ઝાલીને તેને નીચે ફેંકયો. લોખંડી શરીરની એ અદ્દભૂત શક્તિથી બેસનાર દબાયો નહિ. તેણે તો ગાળો દીધેજ રાખી.

'એ ગધેડા, નકામો કાં મોત માગી રહ્યો છે? કેમ ફાંસીએ ચઢવું છે કે?'

પણ એની ટચાકડીભાર પરવા કર્યા સિવાય એ તો અંદર કુદ્યો અને અંદર બેઠેલા જાડા ભાટિયા ગૃહસ્થને ગરદનમાંથી પકડ્યો. તે જરા પાકટ ઉંમરનો હતો અને ભારોભાર દાગીનાથી લદાયો હતો.

સડાસડ ડાબા હાથની ચાર એના ગાલ ઉપર પેલાએ ખેંચી કાઢી. એ મહાપ્રસાદ મળતાં જ તેણે બૂમાબૂમ કરી મૂકી, એટલે બેચાર વધારે ચોપડાઇ.

આજુબાજુના જંગલમાંથી તેની બૂમ સાંભળીને કોઇ દોડી આવે એમ ન હતું. છતાં યે આપણા સદ્દગૃહસ્થને તો કામ જલદી આટોપવું હતું.

એણે એનાં કપડાં ફાડવા માંડ્યાં અને ઘરેણાં કાઢવા માંડ્યાં.

એકંદરે ઘણી સારી રકમ એના ખીસ્સામાંથી મળી આવી. સો સો ની બસો નોટ તથા પાંચથી સાત હજારના દાગીના મળી આવ્યા.

એ બધુ તેણે પોતાનાં ખીસ્સામાં ગોઠવી દીધું અને શેઠ સાહેબને જરા વધારે મેથીપાક ખવાડી નીચે ઉતર્યો.

પેલો ડ્રાઇવર હજી બેભાન પડ્યો હતો.

એ લોકોને એ સ્થિતિમાં રહેવા દઇ તે પોતાની મોટરમાં બેઠો. અંધેરી તરફથી એક મોટર બહુજ ભયંકર ઝડપથી આવતી હોય એમ લાગ્યું.

તેણે પોતાની મોટર મારી મૂકી, અને જોત જોતામાં પાછળ આવતી મોટરને કયાંની કયાં ય પાછળ પાડી દીધી.

મલાડ વટાવી કાંદીવલી લગભગ મોટર લઇ જઇ તેણે પાછી વાળી મરવારોડને રસ્તે હાંકી.

અને પછી આડે અવળે રસ્તે થઇને તે ક્યાંની ક્યાં ય છૂપાઇ ગઇ!

*   *   *

જગદીશના જીવને જરા યે ચેન ન હતું! ગઇ રાતના જેવો અનુભવ એની આખી યે જીંદગીમાં એને થયો ન હતો.

ઘોડબંદર જેવા સરિયામ રસ્તા ઉપર આ જાતની લૂટફાટ ઘણી સાહસિક ગણી શકાય અને તે બિચારો લૂટાઇ ગયો હતો! શું પોલિસ ઊંઘતી હતી?

આ જાતની લોકોના જાનમાલની જોખમદારી હોય તો પછી એ હજારો રૂપિયા હોઇયાં કરી જનાર ખાતાની શી જરૂરિયાત!

થોડાંક વર્ષ ઉપરના મલાડના કિસ્સા વિષે તેણે સાંભળ્યું હતું. સમી સાંજે, સાડાઆઠ વાગે, ગામની વચ્ચોવચ જઇને ધાડપાડુઓએ મારવાડીની દુકાન લુટી તેના છોકરાને મારી નાખ્યાની વાત ખૂબ ચર્ચાઇ હતી પણ તેનું કાંઇજ જાણવા લાયક પરિણામ નહિ આવવાથી જગદીશે આ બાબતમાં એ ખાતા તરફથી મદદ મેળવવાની ઇચ્છાયે ન કરી.

જયંતનું નામ તેને જાણીતું હતું. અનેક જાણીતા કેસોમાં એ જયંતે નામના મેળવી હતી. એણે તારદેવ જવા વિચાર કર્યો અને તરત જ પોતાની મોટર મારી મૂકી.

એની પાસે મોટર હતી અને તે કેટલીક વખત લાંબી ટ્રીપે જવા માટે વપરાતી હતી. એની પાસે એવાં કુળ હતાં કે જેઓ વારે ઘડીએ માથેરાન, લોનાવલા, કાર્લા કે પૂના જેવી ટ્રીપો માટે એની મોટરનો ઉપયોગ કરી સારૂં ભાડું આપતાં. તે વાંદ-રામાં રહેતો હતો અને આ રીતે પોતાની મોટર ફેરવી આજીવિકા ચલાવતો હતો.

મલાડવાળા રામદાસ શેઠની તેના પર પુરી મહેરબાની હતી. રામદાસ શેઠ એક પ્રતિષ્ઠિત માણસ હોઇ જગદીશને પૈસા ટકાની જોઇતી મદદ કરતા હતા.

જયંતની એણે મુલાકાત લીધી. એને કેસ સમજતાં વાર ન લાગી.

'અને તમને શંકા છે?'

'હા સાહેબ!'

'એવો ઉંચો બીજો કોઇ નથી?'

'મ્હેં તો નથી જોયો.'

'સાંજે મ્હને મળજો.'

જયંતની શક્તિઓ માટે અજાયબ થતો જગદીશ નીચે ઉતર્યો.

સાંજના તે મળ્યો ને તેને જયંતે ઘટતી સૂચનાઓ આપી. તેને ઘણી અજાયબી લાગી.

'ચોક્કસ. તમારે એની સાથે નાતો છે.' તેણે ઉમેર્યું.

'પણ એજ શું રા—'

'જરૂર! હું કાંઇ કરવા નથી માગતો. તમે મ્હને કેસ સોંપ્યો ને હું તમને ગુન્હેગારનું નામ સોંપું છું, મ્હારી ફરજ પૂરી થઇ.'

'તમે તો જબરા છો સાહેબ! આ વાતનો અક્ષર—'

'બેફીકર રહો. તમારો અનુભવ કાલે કહેજો.'

× × ×

રામદાસ શેઠ અભણ લોકો કહે છે તેમ અનાડી (ઑનરરી) મેજીસ્ટ્રેટ હતા. મલાડમાં તેમનો ઘોડબંદર રોડપર બંગલો હતો. સવારના પહોરમાં જગદીશ ત્યાં આવી લાગ્યો.

'કાં જગદીશ? આટલો જલદી?'

'જરૂરી કામ છે શેઠ સાહેબ!'

બેઉ જણ બંગલાના પહેલે માળે ગયા. રામદાસ શેઠનો

બંગલો સરસ રીતે શણગારાયલો હતો. એમણે એક સોફાપર બેસીને વાત કરવા માંડી.

'કાં શેઠજી, તમે મ્હારીપરજ હાથ ઉપાડયો?'

'કેમ જગદીશ, કાંઇ ભાંગ બાંગ પીધી છે કે શું?'

'વાહ! પરમ દિવસ રાત્રે અંધેરી ને ગોરેગામની વચ્ચે મ્હને જ કાં લૂંટયો? જરાક તો શેઠ, શરમ રાખવી હતી! તમે જાણો છો કે હું ધારૂં તો તમને હેરાન કરી શકું એમ છું પણ શું કરૂં!'

'એમ ગરમ થવાની જરૂર નથી! જગદીશ!'

'મ્હારી પાસેથી રૂપિયો એ રૂપિયા શા વાસ્તે લૂંટી લેવા તૈયાર થયા? ને પેલી સીનેમા સ્ટાર્સ રોયા કરતી હતી છતાંય લૂટયે ગયા!!'

'શાંતિ રાખ જગદીશ. મ્હારો હેતુ પ્રમાણિક હતો.'

'પ્રમાણિક હેતુ? રાજમાર્ગ પર ધાડ પાડવામાં પણ પ્રમાણિક હેતુ હોઇ શકે છે તે તો આજેજ જાણ્યું!'

'જોને જગદીશ, એ હેતુ હું પુરવાર કરી શકું છું.'

એમ કહીને એ કાગળો તેમણે પોતાના ટેબલના ખાનામાંથી કાઢ્યા. એક એના પોતાના નામનો અને બીજો મીસ મેના અને મોતીના નામનો હતો.

'તમારી પાસેથી ચોરેલી ચીજો અનામત આ પરબીડિયાંમાં છે. ગઇ કાલે કામના દબાણના લીધે એ રજીસ્ટર નથી થઇ શકયાં. આજે એ રજીસ્ટર થઇ જાત ને કાલે તમને મળી જાત. પછી તમને લૂટવામાં મ્હારો કોઇપણ ખરાબ આશય ન હતો એ તો ખુલ્લુંજ છે.'

'પણ તમારા જેવો પ્રતિષ્ઠિત એક ઑનરરી મેજીસ્ટ્રેટ—'

'જરા આસ્તે! દરેક ચીજને કારણ હોય છે. તેં જરા ઉતાવળ કરી. જયંત પાસે દોડી જવામાં તેં મૂર્ખાઇ કરી પણ

સારું થયું કે અમે એક બીજાને સારી રીતે ઓળખતા હતા અને કાલે મેં એ નામદારને ઓળખી લીધેલા એટલે જલદી ખુલાસો થઇ ગયો! એણે મ્હને મ્હારો ભેદ ખુલ્લો ન કરવાનું ખુલ્લા દિલે વચન આપ્યું છે. એ મુજબનું વચન તું આપતો હોય તો—'

'એવું વચન આપવામાં મ્હને પણ જરાયે હરકત નથી.'

'ભલે! વાત એમ છે કે મારો મિજાજ સર જમનાદાસ ઉપર કેટલાક વખતથી ગયો હતો. એણે મ્હને ભયંકર દગો દીધો હતો. ધી ઓરીએન્ટલ બેંક લિમિટેડનો એ મેનેજીંગ ડીરેક્ટર હતો, તે તો સૌ કોઇ જાણે છે. બેંક કડચામાં ગઇ તે પહેલાં પાંચ દિવસ ઉપર અમે એક બીજાને મળ્યા ને મ્હેં તેને બૅંકની સ્થિતિ પૂછી ત્યારે તેણે જણાવ્યું કે ઓરીએન્ટલ બૅંક જેવી સદ્ધર બૅંક દુનિયામાં બીજી કોઇ ભાગ્યે હશે. એણે મ્હને મ્હારી સીક્યુરીટીઓ અને રકમો તેમાં રાખવા ભલામણ કરી. આશરે ચાલીસથી પચાસ હજાર રૂપિયા મ્હેં તેમાં રોક્યા અને બરાબર પાંચમે દિવસે જ બેંક ફના થઇ ગઇ! લીકવીડેટરોની તપાસમાં જાહેર થયું કે બૅંકની ખરાબ હાલતની સર જમનાદાસને ચાર મહિનાથી ખબર હતી. એણે મ્હારી સાથે જાણી જોઇને દગો કર્યો હતો; પણ કાયદો એવો છે કે હું કાંઇજ કરી શકું એમ ન હતું. મ્હેં તેમને આ વિશ્વાસઘાતની વાત કરી ત્યારે ઠંડે કલેજે જવાબ આપ્યો કે 'હું શું કરું! એમાં મ્હારૂં કાંઇ હવે ઓછુંજ ચાલે છે' કાયદાની રૂએ તે છટકી ગયો પણ મ્હારા તો બાર વાગી જવાનો સોદો આવી લાગ્યો. મ્હારૂં ગાડું મ્હેં કેમ નભાવ્યું તે તો હુંજ જાણું છું. છેલ્લા કેટલાય મહિનાથી તેને બરાબર શિક્ષા કરવા મ્હારો વિચાર હતો. થોડા વખતથી તે બોરીવલી રહેવા ગયાની મ્હને ખબર મળી હતી, અને પોતાની સાથે તે સારી રકમ રાખે છે એમ પણ પાકે પાયે મ્હને બાતમી મળી હતી એટલે તેણે

મ્હને જેમ લૂટ્યો હતો, તેમ લૂટવાનું મ્હેં નક્કી કર્યું. હવે જો હું એ એકજ માણસને લૂટું તો કોઇને પણ શક જાય કે એ કામ કોઇ દુશ્મનનું હોવું જોઇએ અને વખતે મ્હારૂં નામ બ્હાર આવી જાય એટલે સલામતીને ખાતર પણ મ્હારે બે ચાર જણને લૂંટવાં રહ્યાં. કમનસીબે મ્હારા હાથમાં તુંજ પ્હેલો સપડાયો એટલે પછી મ્હેં મ્હારો ભાવ ભજવ્યો. પછી આવી પેલી એક્ટ્રેસો. એમને હું ઓળખતો ન હતો પણ લૂંટેલો માલ પાછો મોકલવાનું મન સાથે નક્કી કરેલું એટલે તેમનું ઠેકાણું ને નામ પૂછ્યાં ને પછી પકડાયા સર સાહેબ. ધોળે દહાડે એણે મ્હને કાયદેસર લૂંટ્યો હતો, તેનો બદલો મ્હેં તેને આપ્યો. બીજો છૂટકોજ ન હતો. તેની પાસેથી મ્હને સારી જેવી રકમ મળી. પચીસ સત્તાવીસ હજારનો માલ હતો. એ બધી નોટો બીજે દહાડેજ વડોદરામાં વટાવી લેવામાં આવી એટલે મ્હારે માટે કોઇ પણ શંકા લાવી શકે એમ હતુંજ નહિ.

'છાપાંવાળાના લાંબા ચોડા લખાણોથી અને પોલિસના અધિકારીઓથી શેક્યો પાપડ પણ ભાંગવાનો નથી એ મ્હારી ધ્યાન બ્હાર નથી. મ્હારી રૉલ્સ રોઇસથી તને શંકા પડેલી અને પેલો કાળો બુરખો પવનમાં ઊડ્યો ત્યારે તેં ધ્યાન રાખેલું એ મ્હને ખબર હતી.

'હવે જયંતની ચાલાકી એટલી કે લીકવીડેટરને ત્યાં જઇ બૅંકનાં કાગળીયાં તપાસી તારી શંકા ઉપરથી મ્હારે લગતી વિગતો જાણીને એકદમ મ્હને ભડકાવ્યો. તેણે અનુમાન બરાબર કર્યું હતું. એ એની પ્રશંસા ખાતર નહિ પણ સત્ય વાત તરિકે મ્હારે જણાવવું જોઇએ.

'મ્હારી જીંદગીનું એ ઝળકતું ચોઘડીયું હતું અને જે જોમથી મ્હેં એ કામ કરેલું તે જોમથી ફરીથી કદી કોઇ કામ કરી શકીશ કે કેમ તે શંકાસ્પદ છે.'

'પણ જગદીશ! આજે તો મ્હારે કોર્ટમાં બેસવાનું છે માટે માફ કરજે મ્હારે જવું પડશે. તારે રહેવાને કાંઇ ઓછી જ હરકત છે. શાંતિલાલ સાથે મુંબાઇ જજે—'

એમ કહીને શેઠે સ્ટેશને જવાની તૈયારી કરવા માંડી.

રાજમાર્ગના લુટારૂ પાંચ પંદર રૂપિયાનો દંડ કરવા જતા હતા. તેના પર હસતો હસતો જગદીશ બાગમાં આંટા મારવા લાગ્યો.

☆

મણિકુંવર

[**નોંધ:** મ્હારા એક સ્નેહી જેઓ જેલખાતાના જાણીતા અમલદાર હોઇ થોડા વખત પર આન્દામાનના કેદીઓની સ્થિતિ તપાસવા ગયા હતા, તે વખતે એમને એક જાણવા જેવી અરજી મળી હતી. તેમણે મ્હને તેનો કેટલોક ભાગ તથા અરજદારની સહી કાઢી નાખીને તે મોકલાવી હતી. તે મ્હને રસિક લાગવાથી અત્રે આપી છે]

મ્હને જ્યારે પકડ્યો ત્યારેજ મેં મ્હારી હકીકત જણાવી હતી પણ સૌએ મ્હને ગાંડોજ ગણી કાઢ્યો હતો અને મ્હારી વાત પર જરાયે લક્ષ આપ્યું ન હતું. મ્હારા પર કામ ચાલ્યું ત્યારે પણ એજ વાત મેં જણાવી હતી છતાં પંચે એકમતે મ્હેં ખૂન કર્યું હોવાનો અભિપ્રાય આપ્યો હતો અને ન્યાયાધીશ સાહેબે મ્હારી હકીકત પુરી સાંભળ્યા સિવાય, લક્ષમાં લીધા સિવાય મ્હને જન્મ દેશનિકાલની સજા કરી હતી અને આન્દામાન મોકલાવી દીધો હતો.

આપ સાહેબે જ્યારે હિંદુસ્તાનથી કેદીઓની સ્થિતિની તપાસ કરવા સારૂ અહીં, આવા નર્કસ્થાનમાં આવવાની તસ્દી લીધી છે ત્યારે મ્હારી ગરીબની અરજી વાંચવા જેટલી કૃપા કરશો અને બને તો ખાનગી તપાસ કરાવી જોશો તો ખરી હકીકત જણાઇ જશે અને મ્હારા જેવા ગરીબનું કામ થશે. જે આરોપ મ્હારા માથાપર ઠોકી બેસાડવામાં આવ્યો છે તે ખોટો હોઇ ખરેખરૂ ગુન્હેગાર કોણ છે તે આપ તસ્દી લેશો તો સાફ જણાશે કે શેઠ કપુરચંદનું ખૂન મ્હેં નહિ પણ મણિકુંવર શેઠાણીએ કર્યું છે અને તેનો મ્હોટામાં મ્હોટો અને પહેલો પુરાવો એ છે કે હાલમાં તે શેઠના મરણનો શોક કરવાને બદલે અમન ચમન અને મોજમજા માણતાં હશે. શેઠાણીએ એ ખૂન એવા સંજોગોમાં કર્યું હતું કે એ સંજોગોનો ભોગ હું થઇ પડયો હતો અને એ છટકી ગયાં હતાં. કપુરચંદ શેઠ અમદાવાદમાં લાખો રૂપિયા કમાયા હતા અને તેમનું નામ કંજુસના કાકા તરિકે મશહુર હતું. આખી જીંદગીમાં તેમણે ખૂબ પૈસા એકઠા કર્યા હતા. છેક મોટી ઉમરે એમણે લગ્ન કર્યું હતું અને મણિકુંવર શેઠાણીને કાઠિયાવાડમાંથી લઇ આવ્યા હતા. શેઠાણી આવ્યા પછી કોણ જાણે કેમ એમનો સ્વભાવ સ્હેજ સ્હાજ બદલાયો હતો પણ પાછળથી પાછા 'એ ભગવાન એના એ'ની મહાદશા એમના ગૃહ સંસારમાં ચાલુ થઇ ગઇ હતી અને બેઉ વચ્ચે ખૂબ ઘરણુ રહ્યા કરતું હતું. પણ એ બધી હકીકત મ્હારી વિગતોમાં રીતસર આવશે એટલે વધારે લખતો નથી.

મ્હારી અરજી વાંચીને આપ મ્હારા જેવા દુઃખના દરિયામાં સબડતા માણુસ માટે કાંઇ કરશો તો હું આપનો હમેશનો રૂણી થઇશ અને આપને આપની ફરજ બજાવવાનો સંતોષ થશે.

મ્હારૂ વતન અને જાત આપને મ્હારા કેસની હકીકત અને જેલ ખાતાના પત્રક પરથી ખબર પડશે અને અમારી જાત ગુન્હેગાર કોમ ગણાતી હોવાથી ઘણી વખત અમ્હે નજીવો ગુન્હો કર્યો

હોય કે નિર્દોષ હોઈએ તો પણ દંડાઈ જઈએ છીએ.

એવી જ રીતે એક વખત સાધારણ ગુન્હાસર અમદાવાદની જેલમાં બાર મહિના રહેવાનો પ્રસંગ મ્હારે આવ્યો હતો. તેમાંથી છૂટયા પછી મ્હારા જેવા છપાઈ ગયેલા કાટલાને કામ કરતાં વિલંબ લાગે એ માની શકાય એવી વાત છે.

અંગ્રેજી હદમાં પોલિસ મ્હારો પીછો છોડે એમ ન હોવાથી ગાયકવાડી રાજ્યમાં કાંઈક કામ મેળવવાની આશાએ જવાનું મ્હેં પસંદ કર્યું અને વડોદરે આવ્યો. ચાર પાંચ દહાડા ગાંઠના ગોપીચંદન કર્યા છતાં કાંઈજ પત્તો લાગ્યો નહિ. મ્હારી પાસે ફક્ત બે રૂપિયા હતા અને એ રકમ ખૂટી કે ખર્ચાઈ જાય એટલે મ્હારે ભૂખે મરવાની પાળી આવે એવો પ્રસંગ આવ્યો હતો. એવામાં મોઢેથી મ્હને ખબર મળી કે મકરપુરામાં કાંઈક કામ ચાલે છે અને ત્યાં મ્હને રોજી મલશે. આ ઉપરથી રાતના દસેકના સુમારે હું મકરપુરા જવા નીકળ્યો.

રાતનો વખત હતો અને હું રસ્તાનો અજાણ્યો હતો પણ પાકી સડક હોવાથી કાંઈ હરકત જેવું ન હતું. રસ્તામાં એક હોટલ આવ્યું એટલે મ્હને ચાહ પીવાની તલબ થઈ આવવાથી થોડાક પૈસાનો ખુરદો કરવા ત્યાં ગયો અને ચાહનો સીંગલ બનાવવા કહ્યું.

બે જણ ત્યાં બેઠા બેઠા વાત કરતા હતા.

'અરે પેલા શેઠ તો હવે અબોલા લીધા છે.'

'એમ તે હોય! તુંય વધારીને વાત કરે છે.'

'મ્હારા સમ! પેલો નાથિયો કહેતો હતો. પણ દલપત, કપુરચંદ શેઠ જેટલો પૈસો કોઈની પાસે નહિ હોય હોં.'

'હરિ ભક્તિ કે શામળ બેચર પાસે હતો પણ હવે ઘસાઈ ગયા! એમના વૈભવ આગળ કપુરચંદ શેઠ શા હિસાબમાં?'

'પણ શેઠ બહુ જ કંજુસ. શેઠાણી આવ્યાં ત્યાર પછી જરા

દોલા થયા ને આ બંગલો બંધાવ્યો.'

'ત્યારે તો આ બાજુ વખણાય. બાકી શેઠ બહુ પાજી સ્વભાવના માણસ ગણાય એની ના નહિ. આવી જુવાન અને રૂપસુંદર સ્ત્રી સાથે ન બને તો કોની સાથે બનવાનું હતું !'

રસ્તામાં જરા દૂર એક આલિશાન મકાન આવી ગયું હતું તેના માલિક માટે આ વાત થતી હોય એમ મ્હને લાગ્યું.

'પણ એના જેટલું ધન બીજે ક્યાં છે? એને ત્યાં તો સોના ને હીરા મોતીના ચરૂ ભરેલા છે ચરૂ! અને શેઠ હમણાં ભલેને સાત પાંચ કરે પણ એ ટળી જાય ત્યારે શેઠાણી સિવાય બીજુ કોણ વાપરવાનું છે!'

'અને એ આટલુ જોખમ અહીં રાખતાં અચકાતા ય નથી.'

'બાપુ! વડોદરા પાસે છે ને! શી એની લાગવગ છે! દીવાન સાહેબ પણ એનું અર્ધી રાતે કામ કરી આપે.'

આ બધી વાત પરથી હું એટલું તો જાણી શક્યો કે કપુરચંદ પુષ્કળ પૈસા અને જોખમ એમના પેલા બંગલામાં રાખતા હતા. આવા સ્થળે પૈસા રાખવા એ મ્હારા જેવાને લલચાવવા જેવું નથી? જંગલમાં સોનાની પાટ રાખો અને કોઈનું ઉપાડી જવા મન થાય તે ગુન્હો ગણાય એ ક્યાંનો ન્યાય! મ્હારો વિચાર તે રાત્રે શેઠના બંગલાની મુલાકાત લેવાનો થયો અને મ્હારૂં નસીબ અજમાવવાનું મ્હેં મન સાથે નક્કી કર્યું. અલબત્ત, હું ત્યાં ગયો હતો એ ચોરી કરવાના ઇરાદાથી જ અને એ ગુન્હો હું કબૂલ કરૂં છું પણ શેઠનું ખૂન કરવાનો મ્હને સ્વપ્ને પણ વિચાર આવ્યો ન હતો. મ્હારી જરૂરિયાત થોડી હતી અને બુલંદ નસીબ હોય તો તે પુરતુ મ્હને એમના ખજાનામાંથી મળી રહેત પણ મ્હારી મૂર્ખાઈ એટલી હતી કે મ્હારૂં નસીબ બુલંદ હોવાની મ્હેં કલ્પના કરી. એમ હોત તો પછી મ્હારે શા માટે મોસાળ જવાનો —અમારી ન્યાતમાં જેલમાં જવાનો શબ્દ હલકો મનાય છે એટલે

અમે જેલમાં જવાને બદલે મોસાળમાં જવાની વાત કરીએ છીએ—પ્રસંગ શા માટે પ્રાપ્ત થાત ?

મોડી રાતના આશરે એક વાગે હું એ બંગલા તરફ ગયો. જેમ તેમ કરી પાળ કુદાવી અને ઝાડની ઓથે ઓથે બંગલાની નજીક પહોંચ્યો. એ એક આલીશાન બંગલો હતો અને રાતનો એક વાગ્યો હોવાથી બધે સુમસામ હતું. ચંદ્રમાનો આછો પ્રકાશ પડતો હતો એટલે પકડાઇ ન જવાય કે કોઇની નજરે ન પડાય એ હિસાબે લપાતો છૂપાતો હું ભીંતની લગોલગ ગયો અને એક નળ વાટે પહેલે મજલે ચઢીને ધીરે રહીને મ્હારી પાસેના છરા વતી બારી ઉઘાડવાની કોશીશ કરી. અંદરની બાજુ બહુ જ આછો પ્રકાશ હતો અને મ્હારો વિચાર એ ઓરડામાં દાખલ થઇ મ્હારો રસ્તો શોધવાનો હતો.

ધીરે રહીને મ્હેં બારી ઉઘાડી અને હું થંભી જ ગયો.

'ભલે પધાર્યા મહેરબાન! અંદર આવો' આ શબ્દો મ્હારે કાને પડ્યા.

વીસેક વર્ષની એક નવજવાન અને અતિશય રૂપવતી યુવતિ હાથમાં મીણબત્તી લઇ ઊભી હતી અને જરા પણ ઉશ્કેરાયા સિવાય ઠંડે કલેજે તેણે મ્હને આવકાર આપ્યો હતો.

કોઇ પણ વાતમાં મ્હારી જીંદગીમાં હું અજાયબ થયો હોઉં તો આ પહેલી જ વાત હતી. મ્હારા જેવા ધાડપાડુને જોઇને થરથરી ઊઠવાનું હોય કે આવો મીઠો આવકાર આપવાનો હોય! પણ એક રૂંવું ફરકાવ્યા સિવાય તેણે મ્હને અંદર આવવા માટે બીજી વખત વિનંતિ કરી.

'તમે જે હો તે ખુશીથી અંદર આવો.'

'પણ એમ અંદર બોલાવીને દગો કરવા પ્રયત્ન કર્યો તો તમારી વાત તમે જાણ્યાં.' એ કોણ હશે તે બાબતનું અનુમાન કરીને મ્હેં જવાબ આપ્યો.

'એવું કાંઇ જ નહિ થાય. ગભરાવ નહિ. મ્હેં તમને પહેલેથી જ જોઇ લીધા હતા. પેલા ઝાડની ઓથે ભરાતાં જ મ્હેં પકડી પાડ્યા હતા એટલે જો તમે બહારની બાજુથી બારી ઉઘાડવાની ઉતાવળ ન કરી હોત તો હું જ એ ઉઘાડવાની હતી.'

મ્હારા હાથમાં બારી ઉઘાડવા માટે કાઢેલો છરો હતો તે તેમ જ રાખીને હું અંદર ગયો અને ફરીથી કહ્યું: 'જો જો કાંઇ દગો—'

'જરા વિશ્વાસ રાખતાં શીખો! તમારા જેવા જુવાન હિંમત હારી જશે ત્યારે થઇ જ રહ્યું ને! તમને નવાઇ લાગશે. ઉલટી હું તમને મદદ કરીશ.'

'એ જરા માની નથી શકાતું! તમે શા માટે મ્હને મદદ કરો?'

'કારણ કે હું ધિક્કારું છું. મને કંટાળો આવ્યો છે! સમજ પડી?'

પ્રેમનું પરિવર્તન થાય તો કેટલે સુધી વિચિત્ર ફેરફાર થઇ જાય છે એ મ્હેં સાંભળ્યું હતું અને આ દંપતીમાં પ્રેમનો સર્વથા અભાવ હતો એ પેલા બે જાણની વાત પરથી હું સમજી શક્યો હતો. વખતે આવી નવજવાન સ્ત્રી એ બુઢા ધણીને ન ચાહતી હોય તો નવાઇ ન હતી એટલે એનો ગુસ્સો અને ધિક્કાર આવું કાતિલ પગલું લેવા એને પ્રેરે એ જાણીને મ્હને ઘણું આશ્ચર્ય થયું.

'હવે તો વિશ્વાસ બેસે છે ને?' તેણે મ્હારી તરફ ધારીને જોતાં પૂછ્યું.

'હાજી.'

'તમે મ્હને ઓળખો છો?'

'કલ્પના કરી શકું છું.'

'એમ! મારી કર્મકથા ચારે બાજુથી સૌ જાણે છે. પણ એને ક્યાં દરકાર છે! એ ભલા ને એમના રુકા ભલા! તમારી પાસે કોથળી કે કાંઇ પૈસા ભરવાનું સાધન છે?'

'આ દેખાદેખી પહેરેલી ગાંધી ટોપી છે તે ચાલશે.'

'હા, એ પણ ઠીક કામ આવશે. ગાંધીજીનો એ શોધ માટે ઉપકાર માનજો.'

પછી એ આગળ અને હું પાછળ એમ અમે અંદરની બાજુ ગયાં અને એક ઓરડાનું તાળુ ઉઘાડી એણે મ્હને સોના રૂપાનાં કેટલાંક ઘરેણાં બતાવ્યાં. એ ઓરડામાં પુષ્કળ ઘરેણાં હતાં અને એની કિંમત સ્હેજે પચાસ સાઠ હજાર થવા જાય એમ હતી. પછી મ્હારી અટકળ ખરી ખોટી પણ હોય!

અમે એમાંથી સારાં સારાં પસંદ કરીને લેવાનો વિચાર કર્યો પણ એ ગાળતાં કરતાં પકડાઇ જવાય એના કરતાં નગદ સોના મ્હોરો મળે તો શું ખોટું? એવી શેઠાણીએ—એ બીજું કોઇ નહિ મણિકુંવર શેઠાણી જ હતાં—સૂચના કરી અને તે મ્હને વધારે પસંદ પડી.

'પણ એ ઉપરના ઓરડામાં છે અને ત્યાં એ સૂઇ જાય છે.'

'તો પછી જવું નકામું છે! વખતે જાગી જાય તો પંચાત.'

'કાંઇ હરકત નહિ! એમ બ્હી શે જાવ છો! અમારાં બેરાં-થયે તમે ગયા! તમારા હાથમાં સાધન ક્યાં નથી?'

'હું ધ્રુજ્યો. છરો જોયો અને એનો ઉપયોગ કરવાની. શેઠનું કાસળ પતાવવાની શેઠાણીની સૂચના સાંભળી હું આભો બન્યો.

'મ્હારાથી એવું નહિ થાય' મ્હેં કહ્યું.

'તો પછી તમે કમાઇ રહ્યા! લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ત્યારે કપાળ ધોવા જનાર તમારા જેવો કોણ હશે!'

એણે મ્હને ઉપર જવા ખૂબ સમજાવ્યો. અને અહીંના કરતાં ત્યાં સારૂં મળશે એમ મ્હને કહ્યું; પણ એવું જોખમ ખેડવાની મારી વૃતિ ન થઇ. પોતાથી બન્યું તેટલું તેણે મ્હારાપર તેનું સૌંદર્ય જાદુ અજમાવ્યું પણ એનાથી હું કાંઇ પીગળ્યો નહિ.

એવામાં ફરીથી કાંઇક અવાજ આવ્યો. 'એ આવે છે

આ બાજુ !

મ્હને એણે એક બાજુ સંતાડી દીધો. એક પડદા પાછળ ન દેખાય એવી રીતે હું છૂપાયો, એવામાં ઊંઘમાં ખલેલ પડવાથી કંટાળ્યા હોય એમ દેખાતા વૃદ્ધ શેઠ આવી લાગ્યા. તેમને જોઈને એ કપુરચંદ શેઠ હોવાનું મ્હેં અનુમાન કર્યું.

'તમે કે ?' શેઠાણીએ પૂછ્યું.

'શું કરે છે ?'

'કાંઇ નહિ.'

'આટલી મોડી રાતે આ બધું શા માટે ઉઘાડયું ?'

'ઊંઘ આવતી ન હતી એટલે.'

'જેનું દિલ સાફ હોય તેને ઝટ ઊંઘ આવે.'

'ખોટી વાત ! તમને તો ઠીક ઊંઘ આવે છે.'

'કારણ કે મ્હેં એકજ બાબતની ભૂલ કરી છે તે સિવાય બીજી નહિ. ગટરમાં પડેલા ગુલાબને ઉચકી લેવા સિવાય મ્હારી જીંદગીમાં મ્હેં કાંઇજ ભૂલ કરી નથી અને એ ભૂલનાં માઠાં ફળ ચાખી રહ્યો છું.'

'એમ કે ? ગટરમાં પડેલી પણ હું સારી હતી, કાંઇ હું તમને શોધતી આવી ન હતી !'

'બહુ બ્હેકયું બ્હેકયું બોલવાની જરૂર નથી સમજીને ! હું તને ઓળખી ગયો છું. તારી એ આશા હું જીવું છું ત્યાં સુધી અને તે પછી પણ કદી ફળીભૂત થવાની નથી. તું અને પેલો ભામટો કદી મળી શકવાનાં નથી સમજી ને !

'ભલે. ચાલ હવે બંધ કર. અરે ! પેલી બારી પણ ઉઘાડી રાખી છે ! કોઇ આવશે તો—'

'એમ કોણ આવવા બેઠું હતું ! મને કઠ થતો હતો એટલે ઉઘાડી હતી.'

'આમ રાતના વખતે આ બધુ ઉઘાડવાની વૃતિ જરા નવાઇ

જેવી ખરી!'

'એમ માનવાની છૂટ છે.' એમ કરીને તેઓ બીજા ખંડમાં જવા લાગ્યાં.

એ વખતે મ્હારી નજર એક ચીજ પર પડી અને હું ચમક્યો. મ્હારો છરો એક બાજુ પડ્યો હતો અને જો ધ્યાન રાખવામાં ન આવે તો શેઠની નજર એનાપર પડે તો મ્હારા બાર વાગી જાય એમ હતું!

શેઠાણીએ મીણબત્તીનો પ્રકાશ બીજી બાજુ પર નાખીને ચાલતાં ચાલતાં ડાબા હાથે છરો લઇ લીધો અને તે છૂપાવીને પોતાની પાસે રાખ્યો.

બેઉ જણ વચ્ચે ત્યાં ગયા પછી ગરમાગરમ તકરાર થઇ અને બેઉ જણ ખૂબ તપી ગયાં. પણ તેમના શબ્દો બહુ મોટેથી બોલાતા ન હોવાથી તૂટક તૂટક શબ્દો સિવાય વધારે કાંઇ મ્હારા સાંભળવામાં આવ્યું નહિ. કેટલીકવાર પછી 'આમ આવ, મ્હારૂ પહેરણ છોડ!' 'આટલી બધી ઉદ્ધતાઇ!' 'ઓ બાપરે!' અને પછી 'અરે ભગવાન! તુંજ આવું કરશે એમ કોણે ધાર્યું હતું! ચંડાલ! બદમાશ!'

છરાના ઉપરા ઉપરી બે ત્રણ ઘા થયા હોય એવો અવાજ મ્હેં સાંભળ્યો અને શેઠના શબ્દો સાંભળી હું દોડ્યો. જઇને જોયું તો શેઠ ફસડાઇને પડ્યા હતા અને તેમના રામ રમી ગયા હતા. પાસે લોહીનું ખાબોચીયું ભરાયું હતું અને હાથમાં છરા સાથે શેઠાણી સામે જ ઊભાં હતાં. મહિષાસુરમર્દિની દેવી કાલિકાના જેવી તેમની મૂર્તિ દેદિપ્યમાન અને લાવણ્યવતી હતી.

'આખરે આમજ કર્યું ને!' મ્હેં કહ્યું.

'હાસ્તો બીજું શું?' તેમણે ઠંડે કલેજે જવાબ આપ્યો.

'હવે શું કરવું છે? એમના ખૂન માટે બધા તમને હેરાન કરશે!'

'મ્હારા માટે ફીકર કરવાની જરૂર નથી. જરા હાથ દો એટલે એમને ઠીક કરીએ. આ દેખાવ જ ભયંકર લાગે છે. પછી તમે જજો.'

મ્હેં હાથ આપ્યો અને શેઠને ઠીક કર્યા. એના લોહીથી મ્હારા હાથ ખરડાયા પણ ખરા. મ્હારૂં રૂંવે રૂંવું કંપી ઊઠ્યું.

'હવે તમે પેલાં ઘરેણામાંથી જે જોઈએ તે લઈને જઈ શકો છો' તેમણે મ્હને કહ્યું.

'મ્હારે કાંઈ નથી જોઇતું. મ્હને જવા દો એટલે પત્યું.'

'એ તે કાંઇ ચાલે! તમે એ ઇરાદે આવ્યા અને એમને એમ ખાલી હાથે પાછા ફરો એ ઠીક કહેવાય! તમને લઇ જતાં કોણ રોકે છે!'

મ્હારી ટોપીમાં મ્હેં ને એમણે થઇને વીસ પચીસ મોટાં મોટાં ઘરેણાં નાખ્યાં અને બારી વાટે હું બહાર જવા નીકળ્યો. મ્હને મ્હારા કામનો તે વખત જરા પણ વિચાર ન આવ્યો અને એમણે મ્હારા ગળાની આજુબાજુ કેવી ચાલાકીથી દોરડું બાંધી દીધું હતું તે મ્હને સમજાયું ન હતું. એ દોરડું ખેંચાય એટલે હું ફસાઉં એ વાતનો શેઠાણીએ નક્કી વિચાર કરી રાખ્યો હતો પણ તેનો મ્હને ખ્યાલ સુદ્ધાં આવ્યો ન હતો.

હું ભાગ્યે જ હજી વાડ સુધી પહોંચ્યો હઈશ એટલામાં બંગલામાં મોટેથી બૂમો પડાતી મ્હેં સાંભળી.

'ખૂન! ખૂન!' 'ધાજો ધાજો!' એમ ચાર પાંચ બૂમો રાતના શાંત વાતાવરણને ભેદીને ચારે બાજુ સંભળાઇ. મ્હને સંતાવાનો વખત મળે તે પહેલાં તો ચારે બાજુ માણસો જાગી ઊઠ્યાં અને દોડધામ શરૂ થઈ.

થોડા વખતમાં મ્હારી પાછળ પાંચ સાત માણસ પડ્યા અને મ્હને પકડી પાડ્યો. અર્ધા કલાકમાં તો તેઓ મ્હને મ્હારી મરજી વિરૂદ્ધ પુષ્કળ ત્રાસ આપીને શેઠાણી પાસે ઘસડી લાવ્યા

અને પૂછ્યું: 'આજ એ માણસને બાઇ સાહેબ!'

શેઠ સાહેબના શરીર પર નમીને આંખમાંનાં આંસુ લૂછી ગુસ્સાથી મ્હારી તરફ શેઠાણીએ જોયું. અરે ભલા ભગવાન! આ તે કઇ જાતની રીતભાત?

'એજ! એજ! એણે જ શેઠનું ખૂન કર્યું અને ભાગ્યો. આવા ઘરડા માણસને મારતાં તને શરમ ન આવી!' એમણે મ્હારા તરફ ફરીને કહ્યું.

મ્હારા માથા પર વિજળી પડી હોત તો હું ભડકત તેના કરતાં વધારે અજાયબી મ્હને તે વખતે લાગી અને ભડકી ઊઠ્યો.

'તમે કર્યું અને પાછાં મ્હને ગળે પડો છો.' મ્હેં ઉસ્કેરાઇને કહ્યું.

'અરે વાહરે! ચોરના શાહુકાર! ગળેપડુનો ધંધો ઠીક કરે છે.'

એવામાં પોલિસ ઇન્સ્પેકટર આવી લાગ્યો અને તેમણે મ્હને એના કબજામાં સોંપી દીધો.

'આપે જાતે એને ખૂન કરતાં જોયો ખરૂં ને, બાઇ સાહેબ!' ઇન્સ્પેકટરે પૂછ્યું.

'હાજી. મ્હેં સગી આંખે જોયું. બાપરે! એણે છરો ઉપાડ્યો અને ત્રણ ચાર વખત શેઠને માર્યો. એણે અંદર આવીને પેલો ઘરેણાં વાળો ઓરડો ઉઘાડ્યો અને પેટી ઉઘાડી થોડાંક ઘરેણાં ઉપાડ્યાં. શેઠ અને હું જાગી ઊઠ્યાં અને અહીં આવી એમણે એને પકડ્યો એટલે છરાથી એ શેઠ ઘાયલ કરીને નાઠો. એનો છરો હજી શેઠના ઘામાંથી ખેંચી કાઢેલો નથી.' એમણે રડતાં રડતાં જણાવ્યું.

'મ્હેં નહિ પણ શેઠાણીએ ખૂન કર્યું છે.'

પણ મ્હને વધારે બોલવા દેવાની યે ઇન્સ્પેકટરે છૂટ ન આપી તો પછી સાંભળવાની તો મહેરબાની જ શાની કરે.

મ્હને તરત જ ત્યાંથી લઈ જવામાં આવ્યો.

'ગરીબ બિચારો! કોણ જાણે શીયે આશા રાખી હશે!' એમ શેઠાણીને બબડતાં મ્હેં સાંભળ્યાં.

તે પછી કાયદા પ્રમાણે મ્હારા પર કામ ચલાવવામાં આવ્યું અને વકીલની બોલવાની છટા તથા શેઠાણીની જુબાની મ્હને સેશન્સ કમીટ કરાવવા પુરતાં હતાં: અને ત્યાં પણ એ વાતને સાચી માનીને મ્હને સજા કરવામાં આવી.

મ્હારા ગુન્હાની પરમેશ્વરને હાજર નાજર જાણીને જણાવેલી આ સત્ય હકીકત છે અને તેના પર ધ્યાન દઈને આપ સાહેબ યોગ્ય તે તપાસ કરી મ્હને ન્યાય આપશો એવી આશા રાખું છું.

☆ **સમાપ્ત** ☆

ગુન્હાશોધનનાં અવનવાં પરાક્રમોને લગતી વાર્તાઓ વાંચવાની કુમારજીવનમાં તાલાવેલી જાગે છે અને તે વૃત્તિ જીવનમાં દીર્ઘ કાળ-સુધી કાયમ રહે છે. એ પ્રસંગે જો પ્રેરણાદાયી વાચન મળે તો મગજશક્તિનો સુંદર વિકાસ થાય છે. દરેક વસ્તુ કે વિગત ઝીણવટથી જોવા સમજવાની અને તેનું હાર્દ પામવાની અદ્ભુત શક્તિ એનાથી સાંપડે છે અને જીવન સાફલ્યનો માર્ગ સરળ બને છે.

★ ★ ★

આ રીતે માનવજીવનનો અનેકવિધ વિકાસ કરી શકે એવી પ્રેરણાદાયી રસિક વાર્તાઓ આપવાની યોજના 'સાહસ કથાવલિ' માં કરવામાં આવી છે.